પાના -૮, કિંમત રૂ.૨, તા. ૦૭-૦૬-૨૦૨૫- શનિવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૫૬ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# દેશનો અત્યંત ગરીબી દર ૨૭.૧થી ઘટી ૫.૩ ટકા નોંધાયો

## ભારતમાં ૧૧ વર્ષમાં ૨૬૯ મિલિયન લોકો અત્યંત ગરીબીમાંથી બહાર આવ્યો હોવાનો વિશ્વ બેંકનો અહેવાલ

નવી દિલ્હી, તા. ૭

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દૂરંદેશી સરકાર હેઠળ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે, ભારતે છેલ્લા દાયકામાં તેના અત્યંત ગરીબી દરને ઘટાડવામાં પ્રગતિ કરી છે, વિશ્વ બેંકના તાજેતરના ડેટા અનુસાર. દેશમાં અત્યંત ગરીબી દર ૨૦૧૧-૧૨માં ૨૭.૧ ટકાથી ઘટીને ૨૦૨૨-૨૩માં ૫.૩ ટકા થયો હોવાનું નોંધાયું છે.

૨૦૧૧-૧૨ દરમિયાન ભારતમાં કુલ ૩૪૪.૪૭ મિલિયન લોકો અત્યંત ગરીબીમાં જીવી રહ્યા હતા, જે ૨૦૨૨-૨૩ દરમિયાન ઘટીને લગભગ ૭૫.૨૪ મિલિયન લોકો થઈ ગયા છે.ભારતમાં નોંધપાત્ર પ્રગતિ તરીકે, વિશ્વ બેંકના ડેટા અનુસાર, લગભગ ૧૧ વર્ષમાં ૨૬૯ મિલિયન વ્યક્તિઓ અત્યંત ગરીબીમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.૨૦૧૧-૧૨ દરમિયાન ભારતના અત્યંત ગરીબ લોકોમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ, પાંચ રાજ્યોનો હિસ્સો ૬૫ ટકા હતો. તે જ સમયે, ૨૦૨૨-૨૩ સુધીમાં અત્યંત ગરીબીમાં કુલ ઘટાડામાં આ રાજ્યોનો ફાળો બે તૃતીયાંશ હતો.વિશ્વ બેંકના તાજેતરના ડેટા દર્શાવે છે કે સંપૂર્ણ રીતે, અત્યંત ગરીબીમાં જીવતા લોકોની સંખ્યા ૩૪૪.૪૭ મિલિયનથી ઘટીને માત્ર ૭૫.૨૪ મિલિયન થઈ ગઈ છે.

વિશ્વ બેંકનું મૂલ્યાંકન આંતરરાષ્ટ્રીય ગરીબી રેખા ૩.૦૦ ડોલર પ્રતિ દિવસ (૨૦૨૧ના ભાવનો ઉપયોગ કરીને) પર આધારિત છે, જે ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં વ્યાપક ઘટાડો દર્શાવે છે.

વિશ્વ બેંકના અંદાજ મુજબ, અત્યંત ગરીબીમાં જીવતા ભારતીયોનો હિસ્સો ૨.૧૫ ડોલર પ્રતિ દિવસ (૨૦૧૭ના ભાવ પર આધારિત અગાઉની ગરીબી રેખા) ૨.૩ ટકા



છે, જે ૨૦૧૧-૧૨માં નોંધાયેલા ૧૬.૨ ટકા કરતા નોંધપાત્ર રીતે ઓછો છે. તાજેતરના ડેટા અનુસાર, ૨૦૧૧ માં ૨૦૫.૯૩ મિલિયન ડોલર પ્રતિ દિવસ ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા ૨૦૨૨ માં ૩૩.૬૬ મિલિયન નોંધાઈ છે. ડેટા એ પણ દર્શાવે છે કે આ તીવ્ર ઘટાડો એકસરખી રીતે જોવા મળ્યો હતો, જેમાં છેલ્લા ૧૧ વર્ષમાં ગ્રામીણ અત્યંત ગરીબી ૧૮.૪ ટકાથી ઘટીને ૨.૮ ટકા અને શહેરી અત્યંત ગરીબી ૧૦.૭ ટકાથી ઘટીને ૧.૧ ટકા થઈ હતી.

આ ઉપરાંત, ભારતે બહુપરિમાણીય ગરીબી ઘટાડવામાં પણ જબરદસ્ત પ્રગતિ કરી છે. ડેટા અનુસાર, બહુપરિમાણીય ગરીબી સૂચકાંક (MPI) ૨૦૦૫-૦૬ માં ૫૩.૮ ટકાથી ઘટીને ૨૦૧૯-૨૧ સુધીમાં ૧૬.૪ ટકા થયો અને ૨૦૨૨-૨૩ માં વધુ ઘટીને ૧૫.૫ ટકા થયો. કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની NDA સરકારના ૧૧ વર્ષ પૂર્ણ થવા પર, પ્રધાનમંત્રી મોદીએ કેન્દ્ર દ્વારા ગરીબીમાંથી બહાર કાઢવા માટે લેવામાં આવેલા મહત્વપૂર્ણ પગલાંઓ પર પ્રકાશ પાડ્યો, જેમાં માળખાગત સુવિધાઓ અને સમાવેશ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, જન ધન યોજના અને આયુષ્માન ભારત જેવી પહેલોએ આવાસ, સ્વચ્છ રસોઈ ઈંધણ, બેંકિંગ અને આરોગ્યસંભાળની પહોંચમાં વધારો કર્યો છે. ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT), ડિજિટલ સમાવેશ અને મજબૂત ગ્રામીણ માળખાગત સુવિધાઓએ પારદર્શિતા અને છેલ્લા માઈલ સુધી લાભોની ઝડપી ડિલિવરી સુનિશ્ચિત કરી છે, જેનાથી ૨૫ કરોડથી વધુ લોકોને ગરીબી દૂર કરવામાં મદદ મળી છે.

# અમેરકામાં રીપબ્લીકન , ડેમોક્રેટીક સામે ત્રીજો પક્ષ રચવા મસ્કનું એલાન

### નવા રાજકીય પક્ષની જરૂર હોવા અંગે મસ્કે પૂછેલા સવાલમાં ૫૬ લાખમાંથી ૮૦ટકાનું સમર્થન

નવી દિલ્હી, તા. ૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પથી અત્યંત કટ્ટા અને આક્રમક રીતે અલગ થયા બાદ વિશ્વના સૌથી ધનવાન અને ટેસ્લા સહિતની અનેક અમેરિકી-વૈશ્વિક જાયન્ટ કંપનીના બોસ એલન મસ્કે હવે અમેરિકાના રાજકારણમાં ઝંપલાવવા અને ડોનાલ્ડ ટ્રમ્પ તથા તેમના રીપબ્લીકન પાર્ટી અને વિપક્ષ ડેમોક્રેટીક પાર્ટીને પણ પડકારવા તૈયારી કરી છે.

તેમના જ માલીકીના એક્સ પર મસ્કે શું અમેરિકાને નવા રાજકીય પક્ષની જરૂર છે તેવા એક 'ઓપીનીયન પોલ' જેવી ઝુંબેશમાં ૫૬ લાખ લોકોમાંથી ૮૦.૪% એ સમર્થન આપ્યુ છે. મસ્કે તે પરિણામ

અનુસંધાન પાના ૭ પર

### મસ્કને રાજકીય શરણ માટે રશિયાએ ઓફર કરી

મોસ્કો,અમેરિકામાં અચાનક જ શરૂ થયેલી ટ્રમ્પ-મસ્ક વોરમાં હવે રશિયાએ પણ ઝુકાવ્યુ છે. અમેરિકામાં એક અવાજ એવો પણ ઉઠયો છે કે મસ્કને ગેરકાનુની વસાહતી (એલીયન) જાહેર કરવામાં આવે અને તેની સંપતિ પણ જપ્ત કરવી જોઈએ પણ રશિયાએ હવે એલન મસ્કને રાજકીય શરણ આપવા ઓફર કરી છે.રશિયાની આંતરરાષ્ટ્રીય બાબતોની કમીટીના ઉપાધ્યક્ષ દિમિત્રી નોવિકોવ ને એવું પુછાયુ કે શું એડવર્ડ સ્નોડેનની માફક મસ્કને આંતરરાષ્ટ્રીય શરણ અપાશે તો તેઓએ કહ્યું કે મસ્ક બેહદ ખાસ વ્યક્તિ છે અને તેઓએ કોઈ રાજકીય શરણ લેવાની જરૂર નથી.

# સમજયા-વિચાર્યા વિના આગોતરા જામીન આપી શકાય નહીં : સુપ્રિમ

### હત્યાના કેસમાં આગોતરા જામીન મુદ્દે સર્વોચ્ચ અદાલતની ટિપ્પણી

નવી દિલ્હી, તા. ૭

સુપ્રીમકોર્ટે જણાવ્યું છે કે, ગંભીર અપરાધો સાથે જોડાયેલા કેસોમાં આગોતરા જામીન સમજયા-વિચાર્યા વગર ન આપવા જોઈએ. જસ્ટીસ વિક્રમનાથ, જસ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ સંદીપ મહેતાની બેન્ચે હત્યાના એક કેસમાં આપવામાં આવેલ આગોતરા જામીનને રદ કરતા ઉપરોક્ત ટિપ્પણી કરી હતી.સુપ્રીમકોર્ટે ૧ મે ના આપવામાં આવેલ પોતાના આદેશમાં કહ્યું હતું કે, પટણા હાઈકોર્ટના આદેશમાં ગંભીર અપરાધો ભારતીય દંડ સંહિતાની ધારા ૩૦૨ અને ૩૦૭ અંતર્ગત આગોતરા જામીન આપવાનો કોઈ તર્ક સ્પષ્ટ નથી. તેમાં ન્યાયિક તપાસની કમી છે. ગંભીર અપરાધોના કેસોમાં આ રીતે મિકેનીકલી આગોતરા જામીન આપવા ટકાઉ નથી અને તેને રદ કરી દેવા જોઈએ.

સુપ્રીમકોર્ટે જણાવ્યું હતું કે એફઆઈઆર અને અન્ય પુરાવાઓનો અભ્યાસ કર્યા બાદ એ નોંધવામાં આવે છે કે અરજદારના પિતા પર તેની સામે જ હુમલો થયો હતો અને તેની હત્યા કરી દેવામાં

અનુસંધાન પાના ૭ પર

# અરૂણાચલમાં સુરક્ષાદળો સાથે અથડામણમાં બે આતંકી મરાયા

### મ્યાનમાર સરહદ પાસે આતંકવાદીઓએ સુરક્ષા દળો પર હુમલો કરતા એન્કાઉન્ટર



ઈટાનગર, તા. ૭

મ્યાનમારની સરહદે આવેલા અરુણાચલ પ્રદેશના લોંગડિંગ જિલ્લામાં ભીષણ અથડામણ દરમિયાન સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર માર્યા. અધિકારીઓએ શુક્રવારે આ માહિતી આપી.

સંરક્ષણ પ્રવક્તાએ જણાવ્યું હતું કે માર્યા ગયેલા આતંકવાદીઓ નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલિમ (NSCN-K-YA) જૂથના હોવાની શંકા છે.

ગુરુવારે અરુણાચલ પ્રદેશના લોંગડિંગ જિલ્લામાં ભારત-મ્યાનમાર સરહદ પર સક્રિય હોવાનું માનવામાં આવતા આતંકવાદીઓ દ્વારા સુરક્ષા દળોની પેટ્રોલિંગ ટુકડી પર હુમલો કરવામાં આવ્યો હતો.

પ્રવક્તાએ કહ્યું, "જવાબમાં, સુરક્ષા દળોએ હુમલાનો અસરકારક રીતે જવાબ આપ્યો." તેમણે કહ્યું કે ભીષણ ગોળીબાર દરમિયાન, સશસ્ત્ર આતંકવાદીઓ આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને મ્યાનમાર તરફ આગળ વધ્યા હતા.

મુખ્ય જૂથ NSCN (IM)

અનુસંધાન પાના ૭ પર

# વસતિ ગણતરીમાં આર્થિક તથા સામાજીક માપદંડોની પણ ચકાસણી

### ઘઉં વધુ ખાવ છો કે ચોખા? વસતી ગણતરીમાં પુછાસે સવાલ

નવી દિલ્હી, તા. ૭

કેન્દ્ર સરકારે નવી જાતિગત જનગણનાનુ શિડયુલ જાહેર કર્યુ છે અને તે વિશે અનેકવિધ ખુલાસા-ટીપ્પણી થવા લાગી છે. વસતી ગણતરી દરમ્યાન આર્થિક-સામાજીક માપદંડોની પણ ચકાસણી કરવામાં આવ્યા છે અને તેમાં કેટલાંક નવા સવાલ પણ ઉમેરવામાં આવ્યા છે.

વસતી ગણતરીની સમગ્ર કવાયતમાં ૧૦ લાખ કર્મચારીઓને સામેલ કરવામાં આવનાર છે. જેઓ ઘેર-ઘેર જઈને પરિવાર-નાગરિકોની સંખ્યા ગણશે. ઉપરાંત ચોખા, ઘઉં, બાજરો, જુવાર, મકાઈ જેવા કયા અનાજનો વધુ ઉપયોગ કરો છો? તેવો સવાલ પણ પુછવામાં આવશે. દોઢ દાયકા બાદ વસતી ગણતરી થવાની છે.

આ દરમ્યાન લોકોના જીવન ધોરણ ઉપરાંત સુખ સુવિધા તથા સંશોધનોમાં મોટો બદલાવ આવ્યો છે. જુદા-જુદા સવાલો મારફત યોજનાઓના પ્રભાવ પણ ચકાસવામાં આવશે.

લોકો બોટલના પાણીનો કેટલો ઉપયોગ કરે છે, રાંધણગેસ-પીએનજી કનેકશનના સવાલ પણ હશે. સોલારનો ઉપયોગ પણ ચકાસાશે. અગાઉની વસતી ગણતરીમાં ટીવી-રેડિયોની સુવિધા

અનુસંધાન પાના ૭ પર

# બંગાળ, બિહારમાં ૧૦ જૂને, મધ્ય પ્રદેશમાં ૧૫મી જૂને નૈઋત્ય ચોમાસુ આવશે

## રાજસ્થાનમાં બે દિવસ ૪૬ ડીગ્રી તાપમાનની ચેતવણી

નવી દિલ્હી, તા. ૭

દેશના ઉત્તરીય ભાગોમાં ફરી એકવાર ગરમી વધી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસમાં રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને બિહારમાં તાપમાનમાં ૫ ડિગ્રીનો વધારો થશે. આ ઉપરાંત લુ પણ ફુંકાઈ શકે છે.

રાજસ્થાનના બિકાનેર વિભાગમાં ૮ થી ૧૦ જૂન દરમિયાન તાપમાન ૪૫-૪૬ ડિગ્રી રહેવાની ધારણા છે, કેટલીક જગ્યાએ લુ પણ ફુંકાઈ શકે છે. આ સાથે ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

૨૪ મેના રોજ કેરળમાં પ્રવેશેલું ચોમાસું ૬ જૂન સુધી મહારાષ્ટ્રના વિદર્ભ, દક્ષિણ છત્તીસગઢ, ઓડિશા અને સિક્કિમમાં અટવાયું છે. બિહારમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટી ચાલુ છે.

જો કે, ભારતીય હવામાન વિભાગના મતે, ચોમાસુ ૧૦ જૂન સુધીમાં બંગાળ અને બિહાર પહોંચી શકે છે. પરંતુ મધ્યપ્રદેશે ૧૫ જૂન સુધી ચોમાસાની રાહ જોવી પડી શકે છે.

અરુણાચલ પ્રદેશમાં પૂરની સ્થિતિમાં થોડો સુધારો થયો છે. ઘણી નદીઓ ભયજનક નિશાનથી નીચે વહી રહી છે. ચાંગલાંગ સૌથી વધુ અસરગ્રસ્ત છે, જ્યાં ૬ ગામો ડૂબી ગયા હતા અને ૨,૨૩૧ લોકો બેઘર થઈ ગયા હતા.આગામી ૭ દિવસ સુધી આંધ્રપ્રદેશના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી છે. આ દરમિયાન, વાવાઝોડા, વીજળી સાથે વાવાઝોડા અને ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે.૮ જૂન- રાજસ્થાનમાં ગરમીનું એલર્ટ છે. ધૂળભરી આંધી આવવાની શક્યતા છે. મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરીમાં વરસાદ અને વાવાઝોડાનું એલર્ટ છે. બાકીના રાજ્યોમાં કોઈ ચેતવણી આપવામાં આવી નથી.૯ જૂન- રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ અને બિહારમાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી છે.

# ટુ લેન પ્રોજેકટના વિસ્તરણમાં ટોલટેક્સમાં ૪૦ ટકા રાહત

### પ્રોજેક્ટ ફોરલેનમાં તબદીલ થઈ જાય ત્યાં સુધી ટોલમાં રાહત મળશે

નવી દિલ્હી, તા. ૭

કેન્દ્ર સરકારે ટુ લેન હાઈવેના ટોલટેકસમાં રાહત આપવાની તૈયારી કરી છે જે અંતર્ગત ટુ-લેન હાઈવેને ફોરલેન બનાવવાનું કામ ચાલુ હોય અને નિર્માણ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટોલ ટેકસમાં ૪૦ ટકાનો ઘટાડો કરાશે ફોર-લેન પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નવા દરથી ટોલટેક્સ વસૂલાશે.

માર્ગ પરિવહન તથા હાઈવે મંત્રાલયના સચીવ વી.ઉમાશંકરે બેઠક યોજીને ટોલટેક્સને લગતા વિવિધ મુદાઓ પર ચર્ચા વિચારણા કરી હતી. ખાસ કરીને ટુ-લેન પ્રોજેકટને ફોરલેનમાં અપગ્રેડ કરવાના પ્રોજેકટ દરમ્યાન ટોલટેકસમાં ૪૦ ટકાનો ઘટાડો કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી.મંત્રાલયનાં એક સિનીયર અધિકારીએ કહ્યું કે, હાલ ફોર-લેન હાઈવેને સિંકસ કે એઈટ લેન બનાવવામાં આવે ત્યારે ટોલટેકસમાં આ ટકાનો ઘટાડો કરીને ૭૫ ટકાથી વસુલાત થતી હોય છે. હાઈવે નિર્માણમાં ઠેકઠેકાણે ડાઈવર્ઝન સહિતના અવરોધોથી મુસાફરો-વાહન ચાલકોને મુશ્કેલી થતી હોય છે.

અનુસંધાન પાના ૭ પર

# મધ્ય એશિયાઈ દેશો દ્વારા ભારતની આતંક વિરુદ્ધની લડાઈને સમર્થન

### પાંચ દેશોના વિદેશમંત્રીઓ સાથે સંવાદ કરતા વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા. ૭

કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ પ્રધાનોએ શુક્રવારે સાંજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત રીતે મુલાકાત કરી. નવી દિલ્હીમાં આયોજિત ભારત-મધ્ય એશિયા સંવાદની ચોથી બેઠક દરમિયાન થયેલી સકારાત્મક અને ઉત્પાદક ચર્ચાઓ વિશે તેમને માહિતી આપવામાં આવી.

મીટિંગ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે મધ્ય એશિયાઈ દેશો સાથેના સંબંધો હંમેશા ભારત માટે મુખ્ય પ્રાથમિકતા રહ્યા છે.ઐતિહાસિક લોકો-થી-લોકોના સંબંધોના મજબૂત પાયાને વધુ મજબૂત બનાવતા, પીએમ મોદીએ વધુ આર્થિક આંતર જોડાણ, કનેક્ટિવિટી વિસ્તરણ, સંરક્ષણ અને સુરક્ષા સહયોગ વધારવા અને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વ્યાપક સહયોગ માટે તેમના વિઝન શેર કર્યા.પીએમ મોદીએ ભાર મૂક્યો કે મજબૂત ભારત-મધ્ય એશિયા ભાગીદારી સહિયારા પ્રાદેશિક અને વૈશ્વિક પડકારોને સંબોધવામાં ગુણાકાર બળ તરીકે કાર્ય કરે છે.

બેઠક પછી, પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર એક પોસ્ટમાં લખ્યું, "કઝાકિસ્તાન, કિર્ગિઝ રિપબ્લિક, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનના વિદેશ મંત્રીઓને મળીને આનંદ થયો. ભારત મધ્ય એશિયાના દેશો સાથે તેના ઐતિહાસિક સંબંધોને

અનુસંધાન પાના ૭ પર

# મુર્શિદાબાદ હિંસા કેસમાં ૧૩ આરોપીઓ સામે ચાર્જસીટ રજૂ

### બંગાળમાં વક્ફ બિલ વિરુદ્ધના પ્રદર્શનમાં હિંસા ફાટી નિકળી હતી

નવી દિલ્હી, તા. ૭

પશ્ચિમ બંગાળ પોલીસે શુક્રવારે મુર્શિદાબાદના જાફરાબાદમાં એપ્રિલમાં થયેલી હિંસામાં પિતા-પુત્રના બેવડા હત્યા કેસમાં ૧૩ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી. રાજ્યમાં ૧૧-૧૨ એપ્રિલના રોજ નવા વક્ફ બોર્ડ કાયદા વિરુદ્ધ વિરોધ પ્રદર્શન દરમિયાન ભીડ હિંસક બની હતી. આ પછી હિંસા ફાટી નીકળી. આમાં ઓછામાં ઓછા ત્રણ લોકો માર્યા ગયા અને ઘણા ઘાયલ થયા.

આ હિંસા અંગે કોલકાતા હાઈકોર્ટ દ્વારા એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી. ગયા મહિને સમિતિએ ગંભીર ખુલાસાઓ કર્યા હતા.

તેમાં કહેવામાં આવ્યું હતું કે હિંસામાં શાસક તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના સ્થાનિક નેતાની ભૂમિકા હતી. આ હુમલાઓનું નેતૃત્વ સ્થાનિક કાઉન્સિલર મહેબૂબ આલમ દ્વારા કરવામાં આવ્યું હતું.

રિપોર્ટ મુજબ, હિંસામાં ખાસ કરીને હિન્દુ સમુદાયને નિશાન

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં શાંતિપૂર્ણ રીતે ઈદ-ઉલ-અઝહાની ઉજવણી

### વડાપ્રધાન મોદીએ ઈદના અવસર નિમિત્તે શુભેચ્છા પાઠવી

નવી દિલ્હી, તા. ૭

દેશભરમાં આજે ઈદ-ઉલ-અઝહા એટલે કે બકરી ઈદની ઉજવણી થઈ રહી છે. જમ્મુ-કાશ્મીરથી લઈને કેરળ સુધી, લોકોએ મસ્જિદોમાં નમાઝ અદા કરી. ઉત્તર પ્રદેશમાં, વહીવટીતંત્ર અને પોલીસ એલર્ટ છે. પોલીસ ડ્રોનથી મસ્જિદ અને ઈદગાહ પર નજર રાખી રહી છે.

પીએમ મોદીએ ઈદના અવસર પર લોકોને શુભેચ્છા પાઠવી. તેમણે લખ્યું- ઈદ-ઉલ-અઝહાની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આ શુભ અવસર આપણા સમાજમાં સંવાદિતા અને શાંતિના બંધનને વધુ મજબૂત બનાવે. દરેકના સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની શુભેકામનાઓ.








# હજીરામાં અદાણી ફાઉન્ડેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## હજીરા પોર્ટ, લવાછા અને ઝુમાવાડી ખાતે વૃક્ષારોપણ અભિયાન

સુરત, તા.૭

અદાણી ફાઉન્ડેશન હજીરા દ્વારા પર્યાવરણીય અને જાગૃતિમુલક પ્રવૃત્તિઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. પર્યાવરણ સંરક્ષણ માટે પ્રતિબદ્ધતા દર્શાવવા હજીરા કાંઠા વિસ્તાર તેમજ ઉમરપાડા તાલુકામાં વૃક્ષારોપણ, બીચ ક્લીનીંગ, તેમજ પ્લાસ્ટિક પ્રદૂષણ સામે લડત જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી લોકજાગૃતિ માટે અભિયાન ચલાવવામાં આવ્યું હતું. હજીરા કાંઠા વિસ્તારની બહેનો અને બાળકો તેમજ ઉમરપાડાની આદિવાસી બહેનો સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. હરિયાળા વર્તમાન અને ભવિષ્યના ઉદ્દેશથી ૩ જૂનના રોજ હઝીરા પોર્ટ પર AHPL સ્ટાફ સાથે વૃક્ષારોપણ અભિયાન યોજાયું હતું. "હરિત પર્યાવરણની એક પહેલ" હેઠળ ઝુમાવાડી ખાતે ફાઉન્ડેશનની ટીમ દ્વારા મહિલા મંડળ, સ્થાનિક ખેડૂતો અને પંચાયતના પ્રતિનિધિઓની હાજરીમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું. જેમાં પ્રત્યેક વ્યક્તિએ પ્રકૃતિની સંભાળની પ્રતિજ્ઞા લીધી હતી. આ વિસ્તારમાં ૨૦૨૬ સુધીમાં ૫,૦૦૦ વૃક્ષો વાવવાના લક્ષ્યાંક તરફનું આ અભિયાન પ્રથમ પગથીયું છે. BeatPlasticPollution થિમ અંતર્ગત પ્લાસ્ટિક પ્રદૂષણ સામે લડત ચલાવવા ૫મી જૂને નવચેતન સ્કૂલ ખાતે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. જેમાં (Reduce, Reuse, Recycle, Refuse) અંગે માહિતી આપી વિદ્યાર્થીઓને પ્લાસ્ટિકના સંયમી ઉપયોગ માટે પ્રતિજ્ઞા લેવડાવાઈ.

# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મફત શૈક્ષણિક કીટનું વિતરણ

## એક હજાર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણ અર્થે સહાયતા



સુરત, તા.૭

ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત વિનામૂલ્ય શૈક્ષણિક કીટ તેમજ નોટબુક વિતરણ નો કાર્યક્રમ ભરૂચના આંબેડકર ભવન ખાતે યોજાયો હતો સદર કાર્યક્રમમાં ભરૂચના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રી નારાયણ વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી ડોક્ટર ભગુભાઈ પ્રજાપતિ સરકારી શ્રમ અધિકારી અંકલેશ્વરના શ્રી મિતેશકુમાર મેવાલીયા અંકલેશ્વર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ગણેશભાઈ અગ્રવાલ કમાલ બેકરી ના શ્રી મહેબૂબભાઈ બિસ્કિટવાલા ફિલાટેકસ કંપનીના જીએમ શ્રી રાજેશ શર્મા ડેક્કન કંપની ના શ્રી રાહુલ શાહ રિટાયર્ડ મામલતદાર ખોડાભાઈ કોળી નગરપાલિકા નાં કારોબારી અધ્યક્ષ હેમેન્દ્ર પ્રજાપતિ વગેરે મહાનુભાવોની હાજર રહ્યા હતા કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રમુખ પરેશ મેવાડાએ સંસ્થાની કામગીરીની રૂપરેખા દર્શાવી હતી ધારાસભ્ય શ્રી રમેશભાઈ મિસ્ત્રીએ સંસ્થાની પ્રવૃત્તિને બિરદાવી હાજર વિદ્યાર્થીઓને જીવનમાં આગળ આવી કુટુંબ તેમજ દેશનું નામ રોશન કરવાની સલાહ આપી હતી સંસ્થા દ્વારા થતી અલગ અલગ પ્રવૃત્તિની પ્રશંસા કરી પ્રમુખશ્રી પરેશ મેવાડા તેમજ સંસ્થાની બહેનોને ખૂબ

અનુસંધાન પાના ૭ પર




# ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખનો પદભાર સંભાળતા નિખિલ મદ્રાસી

## આંતરરાષ્ટ્રીય માર્કેટ સુધી સુરતની પહોંચનું વધુ વિસ્તરણ કરાશે : નિખિલ મદ્રાસી

સુરત, તા.૭

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનો ૮૫મો પદ ગ્રહણ સમારોહ શુક્રવાર, તા. ૬ જૂન, ૨૦૨૫ના રોજ સાંજે ૫:૦૦ કલાકે SIECC સેન્ટર, સરસાણા ખાતે યોજાયો હતો, જેમાં ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ તરીકે શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ તરીકે શ્રી અશોક જીરાવાલાએ પદભાર સંભાળ્યો હતો. શ્રી નિખિલ મદ્રાસી, ચેમ્બર ઓફ કોમર્સના ૭૯મા પ્રમુખ બન્યા છે. આ પદ ગ્રહણ સમારોહ નેશનલ સ્ટોક એક્ષ્ચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેકટર એન્ડ સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના મુખ્ય મહેમાન પદે યોજાયો હતો, જેમાં લોકસભાના વ્હીપ અને વલસાડના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ, સુરતના સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ અને સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગહલોતે અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું. ચેમ્બરના વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ પદ ગ્રહણ સમારોહમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે તેમના કાર્યકાળ દરમ્યાન ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કરવામાં આવેલી નોંધનીય કામગીરીનો અહેવાલ રજૂ કરી વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીનો પરિચય આપી તેમને પ્રમુખ તરીકેની બાગડૌર સંભાળવા અનુરોધ કર્યો હતો. પદગ્રહણ સમારોહમાં સૌથી મહત્વની બાબત એટલે ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૫–૨૬ના પ્રમુખ તરીકે શ્રી નિખિલ મદ્રાસી અને ઉપ પ્રમુખ તરીકે શ્રી અશોક જીરાવાલાએ પદભાર સંભાળ્યો હતો. પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ તેમના કાર્યકાળ દરમ્યાન માનદ્‌ મંત્રી તરીકે શ્રી બિજલ જરીવાલા અને માનદ્‌ ખજાનચી તરીકે શ્રી મિતિષ મોદીની જાહેરાત કરી હતી. જ્યારે લેડીઝ વીગના

અનુસંધાન પાના ૭ પર

# રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ વાત્સલ્યધામ વિદ્યા સંકુલની મુલાકાતે

## આજનું બાળક દેશનું આવનારું ભવિષ્ય છે : ધર્મિષ્ઠાબેન ગજ્જર

સુરત, તા.૭

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ખોલવડ ખાતે જરૂરીયાતમંદ બાળકોના સર્વાંગી શિક્ષણ, કૌશલ્ય અને સંરક્ષણ આપતા શાંતાબેન હરિભાઈ ગજેરા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાત્સલ્યધામ વિદ્યા સંકુલની ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજ્જર તથા આયોગના સચિવશ્રી ડી.ડી.કાપડીયાએ મુલાકાત લીધી હતી. આ અવસરે તેમણે સંકુલમાં બાળકોના કૌશલ્યમય વિકાસ માટે ચિત્ર કલા, નૃત્ય, આર્ટ ક્રાફટ, સંગીત, રમત ગમત જેવી અનેકવિધ પ્રવૃતિઓ વિશે માહિતી મેળવી હતી.

આ પ્રસંગે આયોગના અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, આજનું બાળકએ દેશનું ભવિષ્ય છે. વાત્સલ્યધામમાં શિક્ષણની સાથે બાળકોમાં રહેલી અદભૂત શક્તિઓને બહાર લાવવા માટે અનેકવિધ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા. બાળકોને ભણીગણીને ભવિષ્યમાં પોતાની જાતે પગભર બનીને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપે તેવી શુભકામનાઓ પાઠવી હતી. આ

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરમાં વધુ ૮ લોકોનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો

## દર્દીઓના સેમ્પલ જીનામ સિક્વન્સ માટે ગાંધીનગર મોકલાયા

સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આજ રોજ ૦૮ દર્દીના કોવીડ-૧૯નો રીપોર્ટ પોઝિટીવ આવેલ છે. જેમાં (૧) ૭૧વર્ષીય પુરુષ, રહેઠાણ- વરાછા, જેઓનિવૃતછે.હાલમાં આયુષ હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને પ્રેસરની તકલીફ છે.(૨)૬૬વર્ષીય પુરુષ, રહેઠાણ-બેગમપુરા, જેઓ નિવૃત છે. હાલમાં બુરહાની હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે.(૩) ૫૨વર્ષીય સ્ત્રી, રહેઠાણ-ઉધના,જેઓ ગૃહિણી છે. હાલમાં મસ્કતિ હોસ્પીટલમાં દાખલ છે અને ઓક્સીજન સપોર્ટ સાથે સારવાર હેઠળ છે. તેમને અસ્થમા અને હૃદયની બીમારીની તકલીફ છે. (૪) ૪૨વર્ષીય પુરુષ, રહેઠાણ-નાના વરાછા, જેઓ ખાનગી વ્યવસાય કરે છે. હાલમાં સૃષ્ટી હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબીટીસની તકલીફ છે.(૫) ૬૨વર્ષીય સ્ત્રી, રહેઠાણ-સરથાણા, જેઓ ગૃહિણી છે. હાલમાં એપલ હોસ્પીટલમાં દાખલ છે અને તેમની તબિયત સ્થિર છે. (૬) ૬૬ વર્ષીય સ્ત્રી, રહેઠાણ –પાર્લે પોઈન્ટ, જેઓ ગૃહિણી છે. તેઓ તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજ ચારધામ યાત્રાથી પરત આવેલ છે. તેઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.(૭) ૬૬ વર્ષીય

અનુસંધાન પાના ૭ પર



# 'અટલ મેરેથોન'માં ગજેરા વિદ્યાભવનના વિદ્યાર્થીઓ ઝળક્યા

## સુરતની શાળાના વિદ્યાર્થીઓએ ટોપ-૧૦૦૦માં સ્થાન પ્રાપ્ત કર્યું

સુરત, તા.૭

ભારત સરકારના નીતિ આયોગ સંચાલિત અટલ ઈનોવેશન મિશન (AIM) અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની 'અટલ મેરેથોન' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનો હેતુ દેશમાં નવીનતાઓ અને ઉદ્યોગસાહસિકોના નિર્માણ કરવાનો અને દેશભરમાં આવેલ અટલ ટેન્કરીગ લેબના માધ્યમથી વિદ્યાર્થીઓ નવા નવા ઈનોવેશન કરી શકે તેમજ રાષ્ટ્રીય ઈકોસિસ્ટમને પ્રોત્સાહન પૂરું પાડે તે માટેનો હતો.

આ 'અટલ મેરેથોન'માં સમગ્ર દેશમાંથી ૫૪૦૦૦ શાળાઓના ૬૭૦૦૦૦ વિદ્યાર્થીઓએ જુદી જુદી ૧૯૨૫૦૮ ટીમોમાં ભાગ લીધો હતો. જેમાંથી દેશના નામાંકિત નિર્ણાયકો દ્વારા પરીક્ષણ કરી સમગ્ર દેશમાંથી TOP-૧૦૦૦ ટીમની પસંદગી કરવામાં આવી હતી. જેમાં સુરત સ્થિત ગજેરા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી એસ.એચ.ગજેરા ગુજરાતી પ્રાથમિક શાળા, ઉત્રાણના ધોરણ-૮ના વિદ્યાર્થીઓ કાનાણી હેત, પટોળીયા વાસુ અને ચાંદપરા ઋષભએ 'SMART BRIDGE' નામનો પ્રોજેક્ટ રજૂ કરી દેશભરની TOP-૧૦૦૦ ટીમમાં સ્થાન પ્રાપ્ત કર્યું. આ પ્રોજેક્ટ માટે શાળાની અટલ ટેન્કરીગ લેબના કૉ-ઓર્ડીનેટર રાહુલ સિંગ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સફળતા ગજેરા ટ્રસ્ટ, ગજેરા શાળા પરિવાર અને સુરત શહેરને ગૌરવ અપાવનારી છે. આમ, TOP-૧૦૦૦માં સ્થાન મેળવનાર અને તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકશ્રીને ગજેરા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા, શાળાના આચાર્યાશ્રી દિપ્તીબેન સોલંકી અને સમગ્ર ગજેરા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા.

# બાળમજરી નાબુદી માટે સુરત ટાસ્કફોર્સની કડક કાર્યવાહી

## સચિન જીઆઈડીસી વિસ્તારની બે હોટેલમાંથી કુલ ૮ બાળશ્રમિકો મુક્ત કરાયા

સુરત, તા.૭

સુરત શહેરમાં સચિન જી.આઈ.ડી.સી. વિસ્તારના પાલીવાલ ચોક અને શિવનગર ખાતે બે હોટલમાં સુરત જિલ્લા ટાસ્ક ફોર્સ ટીમ સહિત લેબર ઓફિસર, સુરત મહાનગર પાલિકા કર્મચારી, આરોગ્ય વિભાગ, પ્રયાસ ટીમ, પોલીસ સ્ટાફ સાથે રેડ કરવામાં આવી હતી. બંને હોટેલમાં હેલ્પરનું કામ કરતા ચાર-ચાર બાળકો મળી આવ્યા હતા.બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરની કતારગામ સ્થિત બાળાશ્રમની મુલાકાત દરમિયાન સચિનથી રેડમાં મુક્ત કરાયેલા આઠ બાળકો સાથે સહજતાથી વાત કરીને તેમના ભવિષ્યની ચિંતા વ્યક્ત કરી હતી. બાળમજૂરી સહનશીલ નહી હોય, પણ દરેક બાળકોને શિક્ષણ, આરોગ્ય અને સુરક્ષાનો હક છે, મહેનત અને ઈચ્છાશક્તિ સાથે તમે ભવિષ્યમાં મોટી સફળતા મેળવી શકો એમ તેમણે ઉમેર્યું હતું.સુરત ટાસ્કફોર્સની રેડ દરમિયાન મળી આવેલા તમામ બાળકો રાજસ્થાનના હોવાનું જાણવા મળ્યું છે. બાળકોમાં એક ૧૨ વર્ષનો અને અન્ય બાળકો ૧૫ થી ૧૬ વર્ષની વયના છે. બાળકો પાસે સવારે

અનુસંધાન પાના ૭ પર

# મોર અને જીણોદ ગામે પાણીની ટાંકી, સિંચાઈ પંપનું લોકાર્પણ

## ઓલપાડમાં લોકકલ્યાણના કામોનું ઉદ્‌ઘાટન કરતા વન મંત્રી મુકેશ પટેલ

સુરત, તા.૭

વન, પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલના હસ્તે શેલ એનર્જી ઈન્ડિયા પ્રા.લિ.ના CSR ફંડમાંથી ઓલપાડ તાલુકાના મોર ગામે રૂ.૫૮ લાખના ખર્ચે નવનિર્મિત ૨ લાખ લીટરની ઓવરહેડ પાણીની ટાંકી અને રૂ.૪૦ લાખના ખર્ચે જીણોદ ગામના જળાશયો ઉપર ૪૧ KW ના સોલાર સંચાલિત ૯ સિંચાઈ પંપનું લોકાર્પણ કર્યું હતું. વનમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, શેલ કંપનીના સામાજિક ઉત્તરદાયિત્વ ફંડમાંથી અવારનવાર શિક્ષણ, પાણી સહિતના લોકહિતના કાર્યો કરવામાં આવે છે. સાથે જ ખેડૂતોને ફળાઉ કલમ અને શાકભાજીની ખેતી માટેના માંડવાની સહાય આપવામાં આવે છે. જેથી ગ્રામજનોની આવક અને જીવનધોરણમાં સુધારો લાવી શકાય. મોર ગામે નવનિર્મિત ૨ લાખ લીટરની ક્ષમતાવાળી ઓવરહેડ પાણીની ટાંકી બનવાથી ગ્રામજનોની પાણીની સમસ્યાનું નિરાકરણ આવશે. સમયસર અને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેવાથી લોકોને રોજિંદા જીવનમાં રાહત અનુભવાશે. વધુમાં તેમણે જણાવ્યું કે, જીણોદ ગામે વિવિધ જળાશયો પર બનેલા ૪૧

અનુસંધાન પાના ૭ પર



# માંડવીમાં 'સહકાર રત્ન' માનસિંહ પટેલનો સન્માન સમારોહ યોજાયો

## ઈફ્કો સહકાર રત્ન એવોર્ડ સુમુલના ૨.૫૦ લાખ સભાસદોને સમર્પિત : માનસિંહભાઈ પટેલ

સુરત, તા.૭

માંડવી તાલુકા સહકારી મંડળીઓ દ્વારા માંડવી કૃષિમંગલ હોલ ખાતે સુમુલ ડેરીના પ્રમુખ 'ઈફકો સહકાર રત્ન' એવોર્ડ પ્રાપ્ત કરનાર માનસિંહભાઈ પટેલનો સન્માન સમારોહ આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી કુંવરજીભાઈ હળપતિના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે કુંવરજીભાઈ હળપતિએ માનસિંહભાઈને સન્માનિત કરતા કહ્યું કે, ઈફકો દ્વારા દિલ્હી ખાતે સુમુલ ડેરીના ચેરમેન માનસિંહ પટેલને "ઈફ્કો સહકાર રત્ન" એવોર્ડ અને રૂ. ૧૧ લાખના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે, જે દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યના સહકાર ક્ષેત્ર માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે.

૪૦ વર્ષથી વધુ સમયથી સહકારી ક્ષેત્રે સેવારત માનસિંહભાઈ સહકારિતાના રત્ન સમાન છે. મહુવા અને વ્યારા સુગરના પ્રમુખ તરીકે પણ સેવારત માનસિંહભાઈએ આદિવાસી ખેડૂત અને પશુપાલક તરીકે સામાન્ય જીવનથી શરૂઆત કરી હતી અને આજે સહકાર ક્ષેત્રે સીમાચિહ્નરૂપ કાર્ય કરી રહ્યા છે. મંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે આદિજાતિ બાંધવો માટે રૂ.૫૧૧૦ કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે. આદિજાતિ વિકાસની સેંકડો યોજનાઓએ આદિવાસીઓના જીવનને ઉન્નત કર્યું છે. તમામ દૂધ મંડળીઓ પર સોલર પેનલ લગાવવાની કામગીરી કરવામાં આવશે એમ જણાવી માંડવી તાલુકામાં થઈ રહેલા કરોડોના વિકાસકામોની વિગતો આપી હતી. ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈએ શિક્ષણ, બેન્કિંગ, એ.પી.એમ.સી., સુગર ફેકટરી જેવા ક્ષેત્રે આપેલા અમૂલ્ય યોગદાન બદલ માનસિંહભાઈને બિરદાવ્યા હતા. આ પ્રસંગે માનસિંહભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'સહકાર થી સમૃદ્ધિ' ના વિઝનને સાકાર કરવા, દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા અને ગ્રામીણ સ્તર સુધી તેની પહોંચ વધારવા કેન્દ્ર સરકારે દેશના ઈતિહાસમાં સૌપ્રથમવાર સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. જેનું નેતૃત્વ અમિત શાહ કરી રહ્યા છે, જેમણે સહકાર ક્ષેત્રના સર્વાંગી વિકાસનો ધ્યેય રાખ્યો છે. પરિણામે સહકારિતાએ દેશભરમાં નવા સીમાચિહ્નો સર કર્યા છે. ઈફકો સહકાર રત્ન એવોર્ડ સુમુલના ૨.૫૦ લાખ સભાસદોને સમર્પિત છે એમ જણાવી માનસિંહભાઈએ કહ્યું કે, સુમુલ ડેરી રૂ.૧૦૦ની આવકમાંથી ૮૪ રૂપિયા દૂધ ઉત્પાદક પશુપાલકોને આપે છે. ૨૫૦ લીટરના દૂધ ભરણાથી શરૂ થયેલ સુમુલ ડેરીમાં આજે દરરોજ ૧ લાખ ૪૦ હજાર પશુપાલકો દૈનિક ૨૨ લાખ લીટર દૂધ ભરે છે. દક્ષિણ ગુજરાતના સફળ સહકારી મોડેલ સમાન સુમુલ ડેરી સાથે લાખો પરિવારોનો ભરોસો જોડાયેલો છે એમ જણાવી સૌનો ઋણસ્વીકાર કર્યો હતો.આ પ્રસંગે સુમુલ ડેરીના ડિરેક્ટરો જયેશભાઈ પટેલ અને ભરતસિંહ, મઢી સુગરના ડિરેક્ટર દિનેશભાઈ પટેલ, સુરત ડિ.કો.ઓપ. બેન્કના ચેરમેન બળવંત પટેલ તથા સહકારી અગ્રણીઓ, દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓના સભાસદો, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરત મહાનગર પાલિકામાં ૮ હજાર ખાલી જગ્યાઓ ભરવાની માંગણી

## ડે.કમિ. શ્રીમતી નિધિ સિવાચ સમક્ષ યુનિયનો દ્વારા રજૂઆત



સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકામાં કાર્યરત તમામ માન્ય યુનિયનો અને કર્મચારી મહામંડળ ધ્વારા લાંબા સમયથી કર્મચારીઓના પડતર અનેકવિધ પ્રશ્નોની રજુઆત વારંવાર કરવામાં આવે છે. આ પ્રશ્નો અંગે તાકીદે ચર્ચા વિચારણા કરવામાં આવે અને તેનું ઝડપી નિરાકરણ થાય તે માટે યુનિયનો ધ્વારા સંકલિત મિટીંગની માંગણી કરવામાં આવી હતી. જે મુજબ ગત રોજ ડે.કમિશ્નર(ડી) શ્રીમતિ નિધિ સિવાચ(IAS)ના પ્રમુખસ્થાને તમામ યુનિયનોના હોદ્દેદારો સાથે એક મિટિંગનું આયોજન જુના સ્થાયી સમિતિ ખંડ ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં આસીસ્ટન્ટ કમિશ્નર અજય ભટ્ટ તેમજ મધ્યસ્થ મહેકમ, પેન્શન વિભાગ અને આરોગ્ય મહેકમનો તમામ સ્ટાફ તેમજ માન્ય યુનિયનોના હોદ્દેદારો મોટી સંખ્યામાં હાજર હતા. તમામ હોદ્દેદારો ધ્વારા કર્મચારીઓના અનેકવિધ પડતર પ્રશ્નોની રજુઆત કરવામાં આવી હતી. જે અંગે ડે.કમિશ્નરશ્રીએ કેટલીક માહીતી આપી હતી. પરંતુ હોદ્દેદારો જે પ્રશ્ન રજુ કરતાં હતા તે સામે તેઓનું નકારાતમક વલણ અપનાવેલ હતું. તેમજ કર્મચારીઓના કોઈ પણ પ્રશ્નનું શકય

અનુસંધાન પાના ૭ પર

# રત્નકલાકારોએ સરકારી રાહત માટે ઓનલાઈન ફોર્મ ભરી દેવા

## સ્કુલ ફી સહાય માટેનો અરજી ફોર્મ જે તે શાળામાં તથા વ્યાજ સહાય ફોર્મ જિલ્લા ઉધોગ કેન્દ્રની કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે

સુરત, તા.૭

રાજ્ય સરકાર દ્વારા હીરા ઉદ્યોગના રત્ન કલાકારો તથા એકમો માટે રાહત પેકેજ જાહેર કર્યું છે. સહાય મેળવવા અરજી ફોર્મ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી (ફ્રઈ) અને ક્લેક્ટર કચેરીએ વેબસાઈટ પરથી ઓનલાઇન મેળવી શકાશે. ઓનલાઇન ફોર્મ મેળવવાની લિંક નીચે મુજબ છે.

https://suratdeo.rog/

https://surat.nic.in/application-froms-fro-affected-ratnakalakars-and-affected-units/

(૧) રત્ન કલાકારોએ અરજી ફોર્મ સાથે રજુ કરવાના દસ્તાવેજો/ પુરાવાઓ આધાર કાર્ડની નકલ (અરજદાર અને અરજદારશ્રીના બાળક) રત્નકલાકાર / અરજદારનો તાજેતરનો પાર્સપોર્ટ સાઈઝ રત્ન કલાકાર હોવા અંગેનું જિલ્લા શ્રમ અધિકારીથીનું પ્રમાણપત્ર અથવા રોજગાર અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા રત્ન કલાકારને ડાયમંડ એસોસીએશન દ્વાશ આપવામાં આવેલ પ્રમાણપત્ર / ભલામણપત્રો બાળકના શાળામાં અભ્યાસ કરતા હોવા અંગેનુ શાળાનું બોનાફાઈડ સટીફીકેટ બાળકની સ્કુલ ફી અંગેનું સ્કુલનું પ્રમાણપત્ર શાળાના કેન્સલ ચેંકની નકલ (૨) હિરા ઉદ્યોગોના એકમો માટે ઉદ્યમ રજિસ્ટ્રેશન (પ્લાન્ટ અને મશીનરીમાં ૨.૫ કરોડ સુધીનું

અનુસંધાન પાના ૭ પર

# નગર પ્રાથમિક શાળા નં.૮-૯ ખાતે સ્વસ્થ ગુજરાત માટે 'ફિટનેસ રન'

સુરત, તા.૭

સુરત મહાનગરપાલિકા અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત મજૂરા ગેટ સ્થિત નગર પ્રાથમિક શાળા નં. ૮-૯ ખાતે ફિટનેસ રન યોજાઈ હતી. આ ફિટનેસ રનમાં શહેરના યુવા, રમતગમતપ્રેમી વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વિવિધ વર્ગના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્વચ્છતા અને આરોગ્ય અંગે જનજાગૃતિ ફેલાવવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે જોગિંગ અને રન દ્વારા લોકોને પ્રેરણા આપવા આ રનનું આયોજન કરાયું હતું. આ રનમાં 'ફિટ ઈન્ડિયા' અને 'સ્વચ્છ સર્વેક્ષણ' જેવા રાષ્ટ્રીય અભિયાનોની સંકલિત ઝાંખી પણ જોવા મળી હતી. આ રનને સફળ બનાવવા માટે શહેરના વિવિધ વિભાગોનો સહયોગ મળ્યો હતો. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધારવા અને મેદસ્વિતા જેવી સમસ્યાથી મુક્તિ મેળવવાનો આશય રહેલો છે.



# ઓલ ટાઈમ ફેવરિટ શોર્ટ ડ્રેસ

શોર્ટ ડ્રેસ એટલે જેની લેન્થ ગોંથણ સુધી હોય કે પછી ગોંથણની ઉપર હોય તેને શોર્ટ ડ્રેસ કહેવાય. શોર્ટ ડ્રેસમાં ઘણી વેરાયટીના ફેબ્રિકમાં મળી આવે છે જેમકે, કોટન, હોઝિયરી, લાઈક્રા, લિનન, સિલ્ક, સાટીન, વેલ્વેટ વગેરે. દરેક ફેબ્રિકમાં અલગ અલગ લુક આવે છે એટલે કે, કોટન અને હોઝિયરી કેઝ્યુઅલ લુક આપે તો લિનન, સિલ્ક અને વેલ્વેટ ફોર્મલ અને પાર્ટી લુક આપે. તમે તમારી પર્સનાલિટી મુજબ શોર્ટ ડ્રેસની પસંદગી કરી શકો. ચાલો જાણીયે કઈ ટાઈપનો શોર્ટ ડ્રેસ કોણ અને કેવી રીતે પહેરી શકે.

કેઝ્યુઅલ – કેઝ્યુઅલ ડ્રેસ એટલે કે જે મોટા ભાગે કોટન કે હોઝિયરી ફેબ્રિકમાં હોય કે પછી લીનન ફેબ્રિકમાં હોય. લીનન ફેબ્રિકના શોર્ટ ડ્રેસ તમે કેઝ્યુઅલી અને ફોર્મલી એમ બન્ને રીતે પહેરી શકો, ડીપેન્ડિંગ કે તેની પેટર્ન શું છે. જેમ ફેબ્રિકમાં વેરિયેશન આવે છે તેમ પેટર્ન અને પ્રિન્ટમાં વેરિયેશન આવે છે. એટલે એ કોટન ફેબ્રિકના જે ડ્રેસ હોય તે એ લાઈન, યોક વાળા, પ્લીટવાળા, કે પછી ગેથર્સવાળા આવે છે. તમે તમારી હાઈટ, પર્સનાલિટી અને સ્કિન ટન મુજબ ડ્રેસની પસંદગી કરી શકો. જેમકે, જેમનું શરીર સુડોળ છે તેઓ કોઈ પણ સ્ટાઈલના ડ્રેસ પહેરી શકે. જેમનું શરીર ભરેલું છે તેઓએ ખાસ કરીને એ લાઈન ડ્રેસ પહેરવા. જો યોક વાળા ડ્રેસ પહેરશો તો કમર, પેટ અને બસ્ટ એરિયા વધારે હાઈટલાઈ થશે અને ખરાબ લાગશે. તેમ જ જે ડ્રેસમાં કલોઝ નેક હોય તેવા ડ્રેસ પહેરવાનું ટાળવું. જો રેયોન ફેબ્રિકનો ડ્રેસ પહેરશો તો તે ડ્રેસ આખો તમારા શીરીરનો શેપ લઈ લેશે. ભરેલા શરીરવાળી યુવતીઓ લિનનનો ડ્રેસ પહેરી શકે. લિનનના ડ્રેસ બધી જ ટાઈપના ફિગર પર સારા લાગે છે. જેમનું શરીર સુડોળ છે તે યુવતીઓએ તો ખાસ લિનનના ડ્રેસ પહેરવા જોઈએ. લિનનના ડ્રેસ પહેર્યા પછી શરીરથી અળગા રહે છે. જેથી વધારે પડતા પાતળા નહિ લગાય. ઘણા ડ્રેસ ઉપરથી જ એટલે કે, નેકલાઈનથી જ એ લાઈન શેપમાં હોય છે.

જો તમારે આ ટાઈપનો ડ્રેસ પહેરવો હોય તો તમે બેલ્ટ પહેરી શકો. બેલ્ટ પહેરવાથી કમર પર ફેબ્રિકમાં થોડી ચૂંન આવશે જે તમારે થોડી એડજેસ્ટ કરવી પડશે. જો તમે પ્લેન ડ્રેસ પહેરવા માગતા હોવ તો તમે તમારા સ્કિન ટોન મુજબ સિલેક્ટ કરી શકો અને જો પ્રિન્ટેડ ડ્રેસ પહેરવા માગતા હોવ તો પ્રિન્ટ સિલેક્ટ કરવામાં ખૂબ જ કાળજી રાખવી જેમકે, જો તમે બ્રોડ બોડી ફ્રેમ ધરાવતા હોવ તો તમારે ડેલિકેટ પ્રિન્ટના ડ્રેસ પહેરવા જોઈએ. તમારી હાઈટ ઓછી હોય તો ઊભી સ્ટ્રાઈપ પ્રિન્ટ વાળાડ્રેસ પહેરવા. આડી સ્ટ્રાઈપ વાળા ડ્રેસ પહેરવાનું ટાળવું. જો તમારું શરીર ભરેલું હોય તો ડાર્ક કલરના જ ડ્રેસ પહેરવા જેથી ઓવરઓલ તમારી બોડી ફ્રેમ થોડી ટ્રિમ થાય.

ફોર્મલ- મોટા ભાગની મહિલાઓ ફોર્મલ શોર્ટ ડ્રેસ પહેરવાનો મોકો છોડતી નથી. શોર્ટ ડ્રેસમાં પણ પુષ્કળ વેરાઈટી આવે છે. લીનન, સિલ્ક, વેલ્વેટ, શિમર વગેરે. જે શોર્ટ ડ્રેસ તમે કોકટેલ પાર્ટિમાં પહેરો તે તમે કોઈ કોફી ડેટ માટે ન પહેરી શકો. ભલે બન્ને જગ્યાએ તમે સિલ્કનો જ ડ્રેસ કેમ ન પહેર્યો હોય. પણ બન્નેની પેટર્ન જુદી હશે. તમને તફાવત કરતા આવડવું જોઈએ. શિમર અને વેલ્વેટ ડ્રેસ મોટાભાગે પાર્ટીમાં પહેરાય છે. શિમર ડ્રેસ સ્ટ્રેચેબલ ફેબ્રિકમાં હોય છે તેથી ખૂબ કાળજી પૂર્વક ડ્રેસ પહેરવા અને વેલ્વેટ ડ્રેસ બોડી હગિંગ હોય છે. જેથી બંને ડ્રેસ પહેર્યા પછી બોડીનો શેપ લઈ લે છે. તમરું શરીર જો સુડોળ હોય તો જ આવા ડ્રેસ પહેરવાનું પ્રિફર કરજો. અને પેટનો કે કમરનો ભાગ થોડો પણ વધારે હશે અને જો તમે આવા બોડી હગિંગ ડ્રેસ પહેરશો તો લચેલું પેટ તરત જ દેખાશે. તેથી જો ભરેલા શરીર વાળી યુવતીઓએ આવા ડ્રેસ પહેરવા હોય તો ડ્રેસની અંદર કોર્સેટ પહેરવા જેથી શરીરની બોડી ફ્રેમ થોડી ટ્રિમ કરેલી લાગે. લિનનના ફોર્મલ શોર્ટ ડ્રેસ તમે ઓફિસ વેર તરીકે પણ પહેરી શકો. આવા ડ્રેસમાં થોડોમાં એડ કરવા માટે એક્સેસરીઝનો ઉપયોગ કરી શકો.

જેમકે બેલ્ટ, નેક પીસ, સ્ટૉકિંગ્સ, ક્લચ વગેરે.. જો ફોર્મલી તમારે બોડી હગીગ ડ્રેસ પહેરવો હોય તો, તમારું ફિગર એકદમ બરાબર હોવું જોઈએ જેથી ડ્રેસ પહેર્યા પછી કમરની કે પેટની એક્સ્ટ્રા ચરબી બહાર ન આવે. તમારું શરીર ભરેલું હોય અને તમારે બોડી હગીગ ડ્રેસ પહેરવા હોય અને જો તમને તમારા શરીરને લઈને કોઈ ક્ષોભ થતો હોય તો તમે કોઈ ટ્રાન્સપેરન્ટ ફેબ્રિકનું કેપ ટોપ કે શ્રગ પહેરી એક અલગ લુક આપી શકો. સાટિનના ડ્રેસ પણ બન્ને ટાઈપના એટલે કે કેઝ્યુઅલ અને ફોર્મલ એમ બન્ને લુક આપી શકે. સાટિનના ડ્રેસની પ્રિન્ટ અને પેટર્ન નક્કી કરશે કે ડ્રેસ કેઝ્યુઅલ લુક આપે છે કે ફોર્મલ.



# આ મહિનાને પુરુષના સ્વાસ્થ્ય સાથે નિકટની નિસ્બત, પણ

જૂન માસ વિશ્વભરમાં પુરુષોના આરોગ્ય જાગૃતિ મહિના તરીકે ઉજવાય છે, જે પુરુષોના શારીરિક, માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય પર પ્રકાશ ફેંકે છે. આ મહિનો પુરુષોને એમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા અને સમાજમાં રહેલી ગેરસમજણોને દૂર કરવા માટે પ્રોત્સાહિત કરે છે. ભારત જેવા દેશમાં, જ્યાં પુરુષોનું આરોગ્ય ઘણીવાર અવગણવામાં આવે છે ત્યાં આ મહિનો એક મહત્ત્વપૂર્ણ અવસર બની રહે છે.

પુરુષને મજબૂત અને અડગ માનવાની સાંસ્કૃતિક ધારણાએ એમની સ્વાસ્થ્ય સમસ્યાઓને નજરઅંદાજ કરવાનું વલણ વધાર્યું છે.

ભારતીય સમાજમાં પુરુષને ઘણીવાર પરિવારના મુખ્ય નિર્વાહક (બ્રેડ વિનર, યુસી?) અને રક્ષક તરીકે જોવામાં આવે છે. આ ભૂમિકા એમના પર અપેક્ષાઓનું ભારણ નાખે છે, જેના કારણે એ પોતાના સ્વાસ્થ્યને બીજા ક્રમે મૂકે છે, પરંતુ પોતાના પર ધ્યાન નહીં આપતા પુરુષોમાં હૃદયરોગ, ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર અને પ્રોસ્ટેટ સંબંધિત સમસ્યાઓ અત્યંત સામાન્ય છે. બીજી તરફ નિયમિત તપાસ કે નિવારક પગલાં લેવાનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જોકે,આવી નિયમિત તપાસ કરાવે કોણ? આજના પુરુષ પાસે આ માટે સમય જ ક્યાં છે?

પાસું છે, જે ખાસ કરીને અવગણાયેલું રહે છે. ભારતમાં, પુરુષોમાં તણાવ, ચિંતા અને ડિપ્રેશનના કેસો વધી રહ્યા છે, પરંતુ સામાજિક ઉપહાસના ડરને કારણે ઘણા લોકો મનોચિકિત્સકની સલાહ લેવાનું ટાળે છે અથવા તો 'પુરુષો રડતા નથી' જેવી રૂઢિગત માન્યતાઓએ પુરુષ સ્વીકારી જ નથી શકતા કે



એમને પણ આવી બધી સમસ્યા થઈ શકે છે.

આ ઉપરાંત જૂન મહિનામાં 'ફાધર્સ ડે'ની ઉજવણી પણ પુરુષોની ભૂમિકાને ઉજાગર કરે છે. આ દિવસ માત્ર પિતૃત્વની ઉજવણી નથી, પરંતુ પુરુષની જવાબદારીઓ અને એમના સ્વાસ્થ્યની જરૂરિયાત પર પણ ધ્યાન દોરે છે. એક સ્વસ્થ પિતા પરિવારની સુખાકારીમાં મહત્ત્વનો ફાળો આપે છે. આ સંદર્ભમાં પુરુષને નિયમિત શારીરિક તપાસ, સંતુલિત આહાર અને કસરતની આદતો અપનાવવા માટે પ્રોત્સાહિત કરવું જરૂરી છે. ઉદાહરણ તરીકે, દરરોજ ૩૦ મિનિટની ચાલવાની આદત હૃદયના સ્વાસ્થ્યને સુધારી શકે છે, જે ખાસ કરીને ભારતમાં વધતા જતા હૃદયરોગના જોખમને ઘટાડવા માટે ઉપયોગી છે.પુરુષોના આરોગ્યને અવગણવાનું બીજું કારણ જાગૃતિનો અભાવ છે. ઘણા પુરુષને પ્રોસ્ટેટ કેન્સર, ટેસ્ટોસ્ટેરોનની ઊણપ કે નપુંસકતા જેવી સમસ્યાઓ વિશે ખુલ્લેઆમ ચર્ચા કરવામાં શરમ અનુભવાય છે, પરંતુ આપણે ત્યાં માર્ચ મહિનામાં લોકો જે ઊહાપોહ મચાવે છે એ ઊહાપોહ જૂન મહિનામાં નથી મચતો. જૂન મહિનો તો ક્યાં આવીને જતો રહે એની લોકોને ખબર પણ નથી હોતી. પરંતુ જૂન મહિનાને ધ્યાનમાં રાખીને સ્થાનિક સ્તરે આરોગ્ય શિબિરો, વર્કશોપ અને જાગૃતિ અભિયાન દ્વારા આ મહિનામાં નિવારક આરોગ્યની માહિતી ફેલાવવી અત્યંત જરૂરી છે.આની સાથે પુરુષના આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે સમાજની માનસિકતામાં પરિવર્તનની જરૂર છે. શૈક્ષણિક સંસ્થાઓ, કાર્યસ્થળો અને સમુદાયોમાં આરોગ્યલક્ષી કાર્યક્રમો દ્વારા પુરુષને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરણા મળી શકે છે,જેમકે કોર્પોરેટ કંપનીઓ દ્વારા કર્મચારીઓ માટે ફિટનેસ પ્રોગ્રામ્સ કે માનસિક સ્વાસ્થ્ય વર્કશોપનું આયોજન લાંબા ગાળે ફાયદાકારક રહે છે.સરકારી અને બિનસરકારી સંસ્થાઓ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં પણ આરોગ્ય સેવાઓની પહોંચ વધારવી જરૂરી છે, જેથી દરેક પુરુષ સુધી આરોગ્યલક્ષી માહિતી પહોંચી શકે.જૂન મહિનામાં માત્ર પુરુષોના શારીરિક સ્વાસ્થ્ય જ નહીં, પરંતુ માનસિક અને ભાવનાત્મક સુખાકારી પર પણ ધ્યાન આપવાની તક આપે છે. ભારતમાં, જ્યાં પુરુષોનું આરોગ્ય અવગણાયેલું રહે છે, ત્યાં આ મહિનો સમાજને જાગૃત કરવા અને પુરુષોને પોતાની સુખાકારીને પ્રાથમિકતા આપવા માટે પ્રેરણારૂપ બની શકે છે. નિયમિત તપાસ, સ્વસ્થ જીવનશૈલી અને ખુલ્લા સંવાદ દ્વારા પુરુષોના આરોગ્યને મજબૂત કરી શકાય છે, જે આખરે સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપશે.



# ભગવાન પર ભરોસો રાખો

રામપુર નામે એક ગામ હતું. ગામમાં નદી કિનારે એક તળાવ હતું ને એ જ તળાવના કિનારે એક મોટું વૃક્ષ હતું. આ વૃક્ષ ઉપર ચકો ચકી રહેતા હતા. હવે, એક દિવસ ચકલી ભગવાનને ફરિયાદ કરે છે કે, "હે પ્રભુ! મેં ઘણી તકલીફો વેઠીને માળો બનાવ્યો હતો. તમે વાવાઝોડું મોકલ્યું અને મારું ઘર તૂટી ગયું." એટલામાં જ આકાશવાણી થઈ કે, "તારા માળામાં સાપ તને ખાવા આવ્યો હતો. એટલે મેં વાવાઝોડું મોકલ્યું. જેથી તું જાગીને ઉઠી જાય અને તારો જીવ બચી જાય."

મિત્રો, આપણી જિંદગીમાં પણ ઘણી વખત આવું થતું હોય છે. આપણા જીવનમાં ઘણી બધી મુશ્કેલીઓ આવતી હોય છે ને આપણને ખબર પણ નથી હોતી કે આપણા ભગવાન આપણને આ મુશ્કેલીમાંથી કેવી રીતે બચાવતા હોય છે. જો તમને પણ એવું લાગતું હોય કે ભગવાન તમને મુશ્કેલીઓથી નજીક લાવે છે તો ભગવાન પર ભરોસો રાખો ભગવાન જ આપણને એ મુશ્કેલીઓથી બચાવે પણ છે.

**જય જગન્નાથ**
**અપેક્ષા શાહ "શ્રીજી"**
**અમદાવાદ.**

# વિશ્વ તમાકુ નિષેધ દિવસ તંબાકુના ઘાતક પ્રહાર વચ્ચે ભારતીય પુરુષ ક્યાં છે?

દર વર્ષે ૩૧ મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' મનાવવામાં આવે છે, જે તમાકુના સેવનથી થતી સ્વાસ્થ્ય સમસ્યાઓ અને તેનાથી બચવાના ઉપાયો વિશે જાગૃતિ લાવવા માટેનો એક મહત્ત્વપૂર્ણ દિવસ છે. ભારતમાં, તંબાકુનું સેવન એક ગંભીર જાહેર સ્વાસ્થ્ય સમસ્યા બની ગયું છે, ખાસ કરીને પુરુષોમાં. તંબાકુ માત્ર સિગારેટ કે બીડી પૂરતું સીમિત નથી. ગુટખા, પાન મસાલા, જર્દા, અને હુક્કા જેવા વિવિધ સ્વરૂપોમાં તેનું સેવન વ્યાપકપણે થાય છે. તંબાકુના આ દરેક પ્રકાર પુરુષોના સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે.

બાકુમાં નિકોટિન નામનું એક અત્યંત વ્યસનકારક રસાયણ હોય છે, જે મગજ પર સીધી અસર કરે છે અને વ્યક્તિને તેની લત લગાડે છે. આ ઉપરાંત, તંબાકુમાં ૭૦૦૦ થી વધુ રસાયણો હોય છે, જેમાંથી ૭૦ થી વધુ રસાયણો કેન્સરજનક છે. આ રસાયણો શ્વાસ દ્વારા, ચાવવાથી કે ધૂમ્રપાન દ્વારા શરીરમાં પ્રવેશીને વિવિધ અંગોને નુકસાન પહોંચાડે છે અને લાંબા ગાળે ગંભીર રોગોનું કારણ બને છે.

ભારતમાં તંબાકુના કારણે થતા મૃત્યુના આંકડા ચોંકાવનારા છે. 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન' અને 'ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે' ( ના અહેવાલ મુજબ, ભારતમાં દર વર્ષે લગભગ ૧.૩ મિલિયન (૧૩ લાખ) લોકો તંબાકુ સંબંધિત રોગોથી મૃત્યુ પામે છે. આમાંથી મોટાભાગના મૃત્યુ પુરુષોમાં જોવા મળે છે, કારણ કે પુરુષોમાં તંબાકુનું સેવન સ્ત્રીઓ કરતાં વધુ વ્યાપક છે. તંબાકુના કારણે થતા મૃત્યુનાં મુખ્ય કારણોમાં ફેફસાં- મોઢા- ગળા- અને અન્નનળીનાં કેન્સર ઉપરાંત હૃદય રોગ, સ્ટ્રોક, ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ (COPD), અને ટ્યુબરક્યુલોસિસ (ટીબી) નો સમાવેશ થાય છે. આ બધા રોગ વ્યક્તિના જીવનની ગુણવત્તા ઘટાડવાની સાથે સાથે પરિવાર અને સમાજ પર આર્થિક બોજ પણ ઊભો કરે છે.

શારીરિક સ્વાસ્થ્ય પર તંબાકુની અસરો અત્યંત વ્યાપક છે. તંબાકુનું સેવન પુરુષોનાં લગભગ દરેક અંગને અસર કરે છે, જેના કારણે અનેક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ સર્જાય છે. કેન્સર એ તંબાકુનું સૌથી ભયાનક પરિણામ છે. ધૂમ્રપાન કરનારાઓમાં ફેફસાંનું કેન્સર થવાનું જોખમ ધૂમ્રપાન ન કરનારાઓ કરતાં ૧૫ થી ૩૦ ગણું વધારે હોય છે. ભારતમાં, તંબાકુ ચાવવાથી મોઢાનું કેન્સર, ગળાનું કેન્સર અને અન્નનળીનું કેન્સર વ્યાપકપણે જોવા મળે છે, જે પુરુષોમાં કેન્સરનાં મુખ્ય કારણોમાંનું એક છે. આ ઉપરાંત, તંબાકુ પેટ, સ્વાદુપિંડ, કિડની, મૂત્રાશય અને લોહીના કેન્સરનું જોખમ પણ અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે.

કેન્સર ઉપરાંત, તંબાકુ હૃદય રોગ અને સ્ટ્રોકનું મુખ્ય કારણ છે. તંબાકુમાં રહેલું નિકોટિન રક્તવાહિનીઓને સાંકડી બનાવે છે, જેનાથી રક્ત પ્રવાહ



અવરોધાય છે. તે રક્ત ગંઠાવાનું જોખમ પણ વધારે છે, જે હાર્ટ એટેક અને સ્ટ્રોક તરફ દોરી શકે છે. ધૂમ્રપાન કરનારાઓને હૃદય રોગ થવાની સંભાવના બિન-ધૂમ્રપાન કરનારાઓ કરતાં ૨ થી ૪ ગણી વધારે હોય છે, જે એમના જીવનકાળને નોંધપાત્ર રીતે ટૂંકાવે છે.

શ્વાસ સંબંધી રોગો પણ તંબાકુની ગંભીર આડઅસરો છે. તંબાકુનો ધુમાડો ફેફસાંને નુકસાન પહોંચાડે છે, જેનાથી ક્રોનિક બ્રોન્કાઈટિસ અને એમ્ફિસેમા (જેને સામૂહિક રીતે ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ – COPD કહે છે) જેવી બીમારીઓ થાય છે. આ રોગો વ્યક્તિની શ્વાસ લેવાની ક્ષમતાને ગંભીર રીતે અસર કરે છે, જેના કારણે શ્વાસ લેવામાં તકલીફ, કફ અને ઘરઘરાટી થાય છે. લાંબા ગાળે, આ રોગો જીવન માટે જોખમી બની શકે છે અને વ્યક્તિને દૈનિક કાર્યો કરવામાં પણ અસમર્થ બનાવી શકે છે.

પુરુષોના પ્રજનન સ્વાસ્થ્ય પર પણ તંબાકુની નકારાત્મક અસર થાય છે. તંબાકુનું સેવન શુક્રાણુની ગુણવત્તા ઘટાડી શકે છે, શુક્રાણુની ગતિશીલતા ઘટાડી શકે છે,જે નપુંસકતાનું કારણ બની શકે છે અને સંતાન પ્રાપ્ત કરવામાં મુશ્કેલી પડી શકે છે .

પારિવારિક જીવન પર પણ તેની નકારાત્મક અસર થાય છે. આ સિવાય, તંબાકુ દાંત અને પેઢાના રોગો, દ્રષ્ટિ ગુમાવવી (જેમ કે મોતિયા અને મેક્યુલર ડિજનરેશન), રોગપ્રતિકારક શક્તિ નબળી પડવી અને ઘા રૂઝાવવામાં વિલંબ જેવી અનેક સમસ્યાઓ નોતરે છે. તે ત્વચાને વૃદ્ધત્વના સંકેતો પણ ઝડપી બનાવે છે અને શરીરના હાડકાંને નબળા પાડે છે, જેનાથી ઓસ્ટીયોપોરોસિસનું જોખમ વધે છે.

આ બધાનો ઉપાય શું ?

તંબાકુના ઘાતક પ્રહારોથી બચવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ પગલું તંબાકુનું સેવન સંપૂર્ણપણે બંધ કરવું એ છે. જો તમે તંબાકુનું સેવન કરો છો તો આજે જ તેને છોડવાનો નિર્ણય લો. આ નિર્ણય મુશ્કેલ હોઈ શકે છે, કારણ કે નિકોટિન એક શક્તિશાળી વ્યસનકારક પદાર્થ છે, પરંતુ તે અશક્ય નથી. તંબાકુ છોડવા માટેનો પ્રથમ અને સૌથી મહત્ત્વપૂર્ણ પગલું એ તમારો દ્રઢ નિર્ધાર છે. જ્યારે તમે મક્કમ થશો કે તમારે તંબાકુ છોડવું છે ત્યારે જ તમે આ કરી શકશો. તમારી જાતને યાદ કરાવો કે તમે શા માટે છોડવા માગો છો કદાચ તમારા સ્વાસ્થ્ય માટે, તમારા પરિવાર માટે, કે પછી લાંબુ અને સ્વસ્થ જીવન જીવવા માટે.

તંબાકુ છોડવામાં મદદ માટે ડોક્ટરની સલાહ લેવી ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. ડોક્ટર નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી (દ્દઇ) જેવી દવાઓ (જેમ કે નિકોટિન ગમ, પેચ, ઈન્હેલર) અથવા અન્ય પ્રિસ્ક્રિપ્શન દવાઓ સૂચવી શકે છે, જે નિકોટિનની તલપ ઘટાડવામાં અને ઉપાડનાં લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. ભારતમાં ઘણા વ્યસન મુક્તિ કેન્દ્રો પણ છે , જે તંબાકુ છોડવામાં મદદ કરવા માટે કાઉન્સેલિંગ અને સપોર્ટ પૂરા પાડે છે. આ કેન્દ્રોમાં અનુભવી સલાહકારો હોય છે જે વ્યક્તિને વ્યસનમાંથી બહાર આવવા માટે વર્તણૂકલક્ષી થેરાપી અને માર્ગદર્શન આપે છે. સમર્થન જૂથોમાં પણ જોડાવાથી પણ સમાન અનુભવો ધરાવતા લોકો પ્રોત્સાહન પૂરું પાડે છે. તમારા પરિવાર અને મિત્રોનો સહયોગ મેળવવો પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. એમને તમારા તંબાકુ ત્યાગવાના નિરાધાર વિશે કહો એમનો ટેકો પ્રોત્સાહન તમને ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની શકે છે. તમને તંબાકુ છોડવા માટે શું પ્રેરિત કરે છે તે શોધો અને તેને તમારી પ્રેરણા તરીકે હંમેશા યાદ રાખો.

તંબાકુની તલપ આવે ત્યારે અન્ય પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહો. કસરત કરવી, પુસ્તક વાંચવું, શોખ પૂરા કરવા, કે મિત્રો સાથે સમય વિતાવવો જેવી પ્રવૃત્તિઓ મનને વ્યસનથી દૂર રાખવામાં મદદ કરી શકે છે. શારીરિક પ્રવૃત્તિ તણાવ ઘટાડવામાં અને મૂડ સુધારવામાં પણ મદદરૂપ થાય છે.

તંબાકુના સેવન કરવા પ્રેરે- ઉશ્કેરે એવી વાત એવાં ટ્રિગર્સ ઓળખો અને ટાળો. તેનો સામનો કરવા માટે વૈકલ્પિક વ્યૂહરચનાઓ વિકસાવવાનો પ્રયાસ કરો.ઉદાહરણ તરીકે, જો તમને ભોજન પછી તંબાકુ લેવાની આદત હોય, તો ભોજન પછી તરત જ દાંત સાફ કરો, પાણી પીવો અથવા ચ્યુઈંગ ગમ મમળાવો.. એક સાથે બધું છોડવાને બદલે, નાનાં લક્ષ્ય નક્કી કરો. ('આ અઠવાડિયે હું એક સિગારેટ ઓછા પીશ') જ્યારે તમે આ લક્ષ્યો પ્રાપ્ત કરો ત્યારે તમારી જાતને યોગ્ય પુરસ્કાર આપો.અને છેલ્લે, નિષ્ફળતાથી નિરાશ ન થાઓ. જો તમે ફરીથી તમાકુનું સેવન કરી લો, તો નિરાશ ન થાઓ. વ્યસનમાંથી બહાર આવવું એ એક પ્રક્રિયા છે. ફરીથી પ્રયાસ કરો અને ભૂતકાળની ભૂલોમાંથી શીખો કે કઈ પરિસ્થિતિઓમાં તમે નબળા પડ્યા અને તેમાંથી કેવી રીતે બચી શકાય એદ વિશે વિચારોપઆમ આરોગ્યપ્રદ અને તમાકુ મુક્ત જીવન જીવવું એ ફક્ત વ્યક્તિગત પસંદગી નથી, પરંતુ એ તમારી એક પારિવારિક – એક સામાજિક જવાબદારી પણ છે.

તંત્રી લેખ...

શનિવાર, તા.૭ જુન ૨૦૨૫

## નિવેદનવીરોને સલાહ

દેશની મોટી હસ્તીઓએ સમજી-વિચારીને બોલવું જોઇએ. જ્યારે કોઈ વ્યક્તિત્વ હસ્તી બની જાય છે, તો તે માત્ર એક વ્યક્તિ નથી રહેતો, બલ્કે એક વિચાર બની જાય છે, તેનું કદ સમાજને પ્રભાવિત કરવા લાગે છે. તમિલ સુપરસ્ટાર અભિનેતા કમલ હાસન એવી જ હસ્તી છે, જેના કહેલા શબ્દ લોકોને, સમાજને પ્રભાવિત કરે છે. કન્નડ ભાષાને લઈને તેનાં નિવેદન બેજવાબદાર છે અને તથ્યોથી પર છે. કર્ણાટક હાઈકોર્ટે કમલ હાસનને અરીસો દેખાડતાં કહ્યું કે 'તમે ભલે કમલ હાસન હશો, પરંતુ તમે કોઈની પણ ભાવનાઓને ઠેસ ન પહોંચાડી શકો, તમને કોઈ હક નથી.' કમલને કોર્ટની ઝાટકણી નિવેદનવીરો માટે બોધપાઠ છે. બેશક તમિલ ભારતની પ્રાચીન ભાષાઓમાંથી એક છે, પરંતુ કન્નડ પણ અતિ પ્રાચીન ભાષા જ છે. મલયાલમ, તેલુગુની જેમ તમિલ અને કન્નડ પણ દ્રવિડ પરિવારની ભાષા છે, પરંતુ ભાષા ઈતિહાસમાં એવા કોઈ પુરાવા નથી કે કન્નડની ઉત્પત્તિ તમિલથી જ થઈ છે. તમિલ ભાષાની ઉત્પત્તિ લગભગ ૩૦૦૦ વર્ષ પહેલાં થઈ હતી, જ્યારે કન્નડ ભાષાની ઉત્પત્તિ લગભગ ૨૫૦૦ વર્ષ પહેલાં. તેમ છતાં બાષા ઈતિહાસ વિજ્ઞાની એ વાતે એકમત નથી કે કન્નડનો વિકાસ તમિલથી થયો છે. કર્ણાટક હાઈકોર્ટે કમલ હાસનને યોગ્ય જ પૂછ્યું કે તમે ઈતિહાસકાર છો કે ભાષાવિદ?

આપણા દેશમાં અનેક મોટા લોકો, ખાસ કરીને રાજનીતિજ્ઞો સર્વજ્ઞાની હોવાના ભ્રમમાં અનેક વાર બફાટ કરતા હોય છે અને વિવાદ પેદા કરે છે. કેટલીય વાર તેઓ ચર્ચામાં આવવા આવું કરે છે. વિવાદ ફિલ્મ પ્રમોશનની એક રીત રહી છે. કમલ હાસન અભિનેતા પણ છે અને રાજનેતા પણ છે. એવામાં તમિલ અસ્મિતાની રાજનીતિથી તેઓ તમિલનાડુના રાજકારણમાં પગપેસારો કરવા માગે છે. એવામાં તેમનું તમિલ અને કન્નડ ભાષા પરનું નિવેદન રાજનીતિ ચમકાવવા અને પ્રચાર મેળવવાના હેતુથી અપાયું છે, પરંતુ હાઈકોર્ટે જે રીતે ચેતવણી આપી છે, તેનાથી તેણે બોધપાઠ લેવાની જરૂર છે. કમલ હાસને પોતાની ફિલ્મ ઠગલાઈફના પ્રમોશન દરમ્યાન કહ્યું હતું કે કન્નડ તમિલ ભાષાથી જ પેદા થઈ છે. ખોટા નિવેદનને કારણે અનેક રાજકીય વિવાદ અદાલતોમાં છે. ભૂતકાળમાં રાહુલ ગાંધી, અરવિંદ કેજરીવાલ વગેરે સહિત કેટલાય નેતાઓએ પોતાનાં જૂઠ્ઠાં નિવેદનો બદલ અદાલતોમાં જઈને માફી માગવી પડી છે. કમલ માત્ર તમિલ સ્ટાર જ નહીં, પરંતુ દક્ષિણના તમામ રાજ્યો સહિત દેશનો પણ સુપરસ્ટાર છે. તેણે દક્ષિણની પરિપાટીની જેમ જ રાજનીતિ કરવી હોય તો તેણે સમજવું જોઈએ કે રાજનીતિ વધારે સંવેદનશીલ બાબત છે. ન્યાયમૂર્તિ એમ.નાગપ્રસન્નાએ કમલ હાસનના નિવેદન પર નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે જળ, ભૂમિ અને ભાષા, આ ત્રણેય દરેક નાગરિકની ઓળખ સાથે જોડાયેલી હોય છે. તમિલ અને કન્નડ ભાષાઓ દ્રવિડ ભાષા પરિવારની છે અને તેમાં ઘણી સમાનતાઓ છે, ખાસ કરીને વ્યાકરણ અને શબ્દાવલિ બ ાબતે. જોકે તે અલગ-અલગ ભાષાઓ રૂપે વિકસિત થઈ છે અને તેમનો સાહિત્યિક ઈતિહાસ પણ અલગ છે. કન્નડ ભાષા ત્રીજી શતાબ્દી ઈસા પૂર્વથી જ બોલાતી એક પ્રાચીનતમ ભાષા છે. કન્નડને ૨૦૦૮માં ભારત સરકાર દ્વારા શાસ્ત્રીય ભાષા રૂપે જાહેર કરી હતી. ભાષા પર વિવાદ પેદા કરીને દેશની એક્તા અને અખંડતાને કમજોર ન કરવી જોઈએ. તમિલનાડુમાં હિંદી વિવાદ પહેલેથી જ ચાલી રહ્યો છે.

## સાચાને સાચું કહેનારા શશિ થરૂર

શું તમે કોઈ જૂની રાષ્ટ્રીય પાર્ટીનું નામ કહી શકો, જેના કાર્યકર્તાઓએ પોતાની જ પાર્ટીના સત્તાવાર ઉમેદવારનું પૂતળું બાળ્યું હોય અને તેને હારતાં જોવા માટે આકરી મહેનત કરી હ ોય? શું તમે કોઇ એવી રાજકીય પાર્ટીનું નામ કહી શકો, જેના સાંસદે પોતાના દસ મિનિટ લાંબા અને બિન્ધાસ્ત ઓક્સફર્ડ યુનિયન ભાષણથી શક્તિશાળી બ્રિટિશ રાજનીતિ, શિક્ષણ અને મીડિયાને હચમચાવી દીધું હોય, જેમાં તેમણે અંગ્રેજી હકૂમત દ્વારા વ્યવસ્થિત રૂપે કરાયેલા અકથનીય અન્યાય અને કુકૃત્યો અને તેની નીતિઓથી જન્મેલા દુકાળ અને આર્થિક દરિદ્રતાના દુષ્ચક્રને ઉજાગર કર્યું અને સાર્વજનિક રૂપે માફી અને ક્ષતિપૂર્તિની માંગ કરી હોય, જેને છ કલાકમાં લગભગ ૭૦ લાખ લોકોએ પસંદ કર્યું? તેમના આ કાર્યની દેશના વડાપ્રધાન સહિત પાર્ટી લાઇનથી ઉપર ઊઠીને નેતાઓએ પ્રશંસા કરી, પરંતુ ખુદ તેમની પાર્ટી એના પર ચૂપકિદી સાધી રહે? શું તમે કોઇ એવી રાષ્ટ્રીય પાર્ટીનું નામ જણાવી શકો જેના સાંસદે ૨૯ પુસ્તકો લખ્યાં હોય, જેમાંથી મોટાભાગના આંતરરાષ્ટ્રીય સ્તર પર બેસ્ટસેલર રહ્યાં હોય, જેની અઠવાડિક કોલમ ભારત અને વિદેશમાં બે ડઝનથી વધુ પ્રકાશનોમાં છપાતી હોય અને જેના પુસ્તક 'એન એરા ઓફ ડાર્કનેસ'એ તેમને પ્રતિષ્ઠિત સાહિત્યનો પુરસ્કાર અપાવ્યો. જેમની વાદ-વિવાદ અને ભાષણ કલા સેન્ટ સ્ટીફન્સ કોલેજના દિવસોથી એવી રહી છે, જેના વિશે કહાનીઓ કહેવાય છે, પરંતુ તેમને પાર્ટીના સત્તાવાર પ્રવક્તા રૂપે રાખવા માટે પૂરતા નથી માનવામાં આવતા? તિરુવનંતપુરમથી ચાર વખત સાંસદ રહેલા શશિ થરૂર સુંદર, શાલીન, સ્ટાઈલિસ અને સ્પષ્ટતાવાદી છે. સોશ્યલ મીડિયા પર પણ તેમની ખાસ્સી એવી ધૂમ છે. ટ્વિટર (હવે એક્સ) પર ભારતમાં તેમની પાસે સૌથી વધારે ફોલોઅર્સ હતા, જ્યાં સુધી શાહરૂખ ખાન, બિગ બી અને વડાપ્રધાન મોદીએ તેમને પાછળ ન છોડ્યા.હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં તેમણે ખુલાસો કર્યો કે જ્યારે તેઓ નાના હતા, તો ઘણા બીમાર રહેતા હતા. ત્યારે ટીવી, ઈન્ટરનેટ, ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ નહિ હોવાને કારણે તેઓ પુસ્તકો વાંચવા તરફ આકર્ષિત થાય. આ તેમના પિતા દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલી એક સારી આદત હતી. તેઓ ૧૯૭૮માં ૨૨ વર્ષની ઉંમરમાં ફ્લેચર સ્કૂલ ઓફ લો એન્ડ જિપ્લોમસી અને ટફ્ટ્સ યુનિવર્સિટીથી આંતરારષ્ટ્રીય સંબધોમાં પીએચડી ગ્રહણ કરનારા સૌથી નાની ઉંમરના છાત્રોમાં એક હતા. તેઓ સંયુક્ત રાષ્ટ્રમાં સામેલ થયા અને ત્યાં ૨૯ વર્ષ વિતાવ્યાં, અવર મહાસચિવ પણ બન્યા. તેમણે સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ બનવાનું વિચાર્યું અને ભારતના સત્તાવાર ઉમેદવાર રૂપે આ પદ માટે ચૂંટણી લડવા માટે પોતાની દાવેદારી રજૂ કરી. પરંતુ કિસ્મત અને દુનિયાની એકમાત્ર મહાશક્તિ તેમના પક્ષમાં ન હતી. જોકે, તેમણે બીજા સૌથી વધારે વોટ મેળવ્યા, બે વિદેશ મંત્રીઓ અને એક વડાપ્રધાન કરતાં પણ વધારે!તેઓ તિરુવંતપુરમથી પહેલી વાર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડ્યા, તો સ્થાનિક નેતા આ બહારના વ્યક્તિથી પ્રભાવિત ન હતા, પરંતુ તેમણે પોતાના કામથી ન માત્ર જનાધાર વધાર્યો, બલ્કે સતત ચાર વખત લોકસભા ચૂંટણી જીત્યા.એકવાર ભાજપી નેતા અરુણ જેટલીએ કહ્યું હતું કે વિપક્ષનું કામ વિરોધ કરવાનું છે, પરંતુ શશિ વિપક્ષ માટે એવું નથી માનતા. તેઓ સરકારને વાજબી સવાલ પૂછવામાં ખચકાતા નથી, પરંતુ જ્યારે સરકાર કંઇક પ્રશંસનીય કામ કરે છે તો પ્રશંસા કરવામાં પણ પાછળ નથી રહેતા. સપ્ટેમ્બર ૨૦૧૪માં, તેઓ મોદીને તેમના સંયુક્ત રાષ્ટ્ર ભાષણ, ખાસ કરીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસને અપનાવવા માટે શુભેચ્છા આપનારા પહેલા લોકોમાંથી એક હતા. તેમણે મોદીના કેટલાય નિર્ણયો, ખાસ કરીને ૨૦૨૩માં જી-૨૦ શિખર સંમેલનના સફળ આયોજનની પ્રશંસા કરી છે. ત્યારતી કેટલાય લોકો કહી રહ્યા છે કે તેઓ નાવ છોડીને ભાજપમાં સામેલ થઈ જશે. ગયા મહિને તેમણે એમ કહીને અફવાઓને હવા આપી હતી કે જો પ ાર્ટી તેમની સેવાઓની કદરન્ નથી કરતી તો તેમની પાસે બીજા વિકલ્પ પણ છે.પહેલગામમાં થયેલ આતંકી હુમલા બાદથી, તેઓ કોઈપણ અન્ય વિપક્ષી નેતાની તુલનામાં ટીવી-અખબાર, ઈન્ટરવ્યૂ, પોડકાસ્ટ અને બેઠકોમાં વધારે દેખાયા છે, જેમાં તેમણે હુમલાની આકરી નિંદા કરી છે, સરકારનું સમર્થન કર્યું છે અને તેને પોતાનું રાષ્ટ્રીય કર્તવ્ય પણ ગણાવ્યું છે.

**કબીર અજોડ અને બેમિસાલ છે. અનુભવજન્ય જ્ઞાન આપવામાં તો તેઓ બધા કરતાં બે ડગલાં આગળ છે.**

# ઘૂંઘટ કે પટ ખોલ રે, તોહે પિયા મિલેંગે...

જેઠ સુદ પૂનમે કબીર જયંતી આવશે. કેટલા લોકોને ખબર હશે? જે કબીરપંથી હશે તેને કદાચ ખબર હશે. કબીરપંથીઓના મત પ્રમાણે તેમનો જન્મ ઇ.સ. ૧૩૯૮માં થયેલો, તે દિવસે જેઠ પૂર્ણિમા હતી. તેથી પ્રતિ વર્ષ જેઠ સુદ પૂનમે ખરા અર્થમાં જેને સંત કહી શકીએ તેવા કબીરજીની જન્મજયંતી ઉજવાય છે. પ્રત્યેક દિવસની ઉજવણી કરતા આપણે કેટલાક વ્યક્તિ વિશેષને ભૂલી જઈએ એ કેમ ચાલે? કદાચ કબીર કોઈ નાતજાત કે ધર્મનું પ્રતિનિધિત્વ કરતા હોત તો ધૂમધડાકા સાથે કબીર જયંતી ઉજવાત. ખરા અર્થમાં ધર્મનિરપેક્ષ એવા મહામાનવ કબીર આવી ધાર્મિક કટ્ટરતાથી ઉભરાતા લોકોના ટોળાં માટે કદીયે પ્રસ્તુત હતા જ નહીં. કબીર સાચા અર્થમાં બિનસાંપ્રદાયિક હતા. તેમના માટે સંતની ઉપમા કે વિશેષણ પણ વામણા લાગે.

મધ્યકાલીન યુગમાં ધર્મમાં વ્યાપેલા સડા અને અંધવિશ્વાસને સરળ અને સહજ રીતે દૂર કરનારા એકમેવ કબીર સાહેબના દોહાઓ જેણે ન સાંભળ્યા હોય એનું જીવન જ વ્યર્થ છે. નિમા અને નિરૂ નામના વણકર દંપતિને મળેલા કબીર વણકરના પુત્ર તરીકે જ મોટા થયા અને પૈતૃક વણકર - કપડાં વણવાનું કાર્ય કરતાં કરતાં ભક્તિના એવા તાર વણ્યા કે જેની તુલના જ થઈ શકે એમ નથી. ચદરિયા ઝીની રે ઝીની... કહી મેલી ચુનરિયા ઓઢ કે દ્વાર મૈં કૈસે આઉં... કરી અંતરાત્માને ભક્તિના રંગથી વણાયેલું પોત પહેરાવનારા કબીર હતા. પરમ તત્ત્વને પામી ગયેલા કબીર કહે છે કે બુરા જો દેખન મૈં ચલા, બુરા ન મિલિયા કોઇ, જો દિલ ખોજા અપના મુઝ સે બુરા ન કોઇ!

આજે જ્યારે અન્યની લીટી ભૂંસી પોતાની મોટી કરવાની હોડ ચાલે છે ત્યારે કબીર કેટલા પ્રસ્તુત લાગે છે. બીજાને ખરાબ ચીતરી અમે કરીએ તે જ સાચું અને અમારા થકી જ દુનિયા ચાલે છે એવા ભ્રમમાં રાચતા લોકોના મોં પર થપ્પડ મારતાં કહે છે કે બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર, પંથી કો છાયા નહી, ફલ લાગે અતિ દૂર. આજે જ્યારે આખું વિશ્વ ધર્મના નામે ચાલતા જેહાદી યુદ્ધમાં હોમાઇ રહ્યું છે ત્યારે કબીરને યાદ કરવા જ રહ્યા. કબીર જ કહી શકે કે મો કો કહાં ઢંઢે બંદે મૈં તો તેરે પાસ મેં, ના મૈં મંદિર, ના મૈં મસ્જિદ ના કાબે કૈલાસ મેં...

ધર્મસ્થાનોમાં ભગવાનને શોધતા અને ધર્મસ્થાનો માટે સમગ્ર માનવજાતને જોખમમાં મૂકતા કહેવાતા નેતાઓ ક્યારે સમજશે કે માનવતાથી મોટો બીજો કોઈ ધર્મ જ નથી?

કબીર અજોડ અને બેમિસાલ છે. અનુભવજન્ય જ્ઞાન આપવામાં તો તેઓ બધા કરતાં બે ડગલાં આગળ છે. જે બારીકીથી કબીર જ્ઞાનનું પોત વણે છે તે વેદાંત અને ઉપનિષદને પણ અતિક્રમી જાય તેવું છે. કબીર તો ક્યાંય ભણવા ગયા જ નહોતા. અક્ષરજ્ઞાન લીધું જ ન હતું એટલે જ કહી શક્યા કે પોથી પઢ પઢ જગ મુઆ, પંડિત ભયો ન કોઇ, ઢાઇ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોઇ... કેટલી અદ્ભૂત ફિલસૂફી અને કેટલા સરળ શબ્દો! જગતમાં જેટલું જ્ઞાનીઓએ સત્યાનાશ વાળ્યં છે એવું બીજા કોઇએ વાળ્યુ નથી. માત્ર શબ્દોની રમત અને આડંબરથી ભરેલા મહાજ્ઞાની પંડિતોને કબીરે બરાબર ઝાટક્યા છે.

જે રીતે આંધળો માણસ પ્રકાશના સંદર્ભમાં જે કંઇ લખાયું હયો એ બધું યાદ કરી લે, પરંતુ અજવાળાને પામી ન શકે. તેવી જ રીતે આપણે માત્ર ને માત્ર શબ્દોથી શું પામવાના? આંખો ખૂલવી જોઇએ, બહારની નહી, પણ અંદરની આંખો. તો જ પરમ તત્ત્વ સુધી પહોંચી શકાય. જન્મોજન્મથી આપણે શબ્દોમાં ભટકી રહ્યા છીએ. વેદની ઋચાઓ, ઉપનિષદના મંત્રો, કુરાનની આયાતો, બાઇબલનાં વચનો, ધર્મગુરુઓનાં પ્રવચનો, અનેકના ઉપદેશ સાંભળ્યા છતાં પણ હોશમાં આવ્યા? કબીર કહે છે કે શાસ્ત્રો નકામા નથી, પરંતુ જે આપણે સાંભળીએ-વાંચીએ છીએ તે તેમણે જોયેલા અનુભવેલા શબ્દો છે. તેમનું દર્શન છે જે તેમણે કરેલું છે. એ દર્શન તેમની પાસે જ રહી જાય છે. ગોળ ગળ્યો છે એવું કોઈ કહે તો આપણે ત્યારે જ માનીએ જ્યારે આપણે ચાખ્યો હોય! ભૌતિક વસ્તુઓમાં અનુભવે જ માનીએ છીએ પણ શબ્દોમાં એમ જ માની લઈએ છીએ. તેથી શબ્દો વપરાઈ ગયેલી કારતૂસ જેવા બની જાય છે.

કબીરના મતે સત્ય સુધી પહોંચવા માટે શબ્દોથી છૂટકારો જોઇએ. શબ્દોથી છૂટકારો મળે તો જ મનથી છૂટકારો મળે છે. મામસ પાર ઉતરી જાય પછી નદીની અને નાવની ચિંતા કરે છે તે જ આજનો મહાજ્ઞાની છે! સીડી દ્વારા ચડી ગયા પછી સીડીને ઉપાડીને ફરનારા પ્રબુદ્ધજનોથી આ દુનિયા ઉભરાયછે? દરેકને બીજામાં પરિવર્તન કરવું છે, શબ્દોનાં તીર છોડી છોડી સામેવાળાને મરણતોલ કરી નાખતા આજકાલના મહાજ્ઞાનીઓ જ્યાં ત્યાં પોતાના ચોકઠાં-સંપ્રદાયો નાખીને બેસી ગયા છે. શબ્દોથી જ પોંખવાની ખેવના રાખનારા અહંકારી લોકોના ભારથી જ પૃથ્વી બેવડ વળી ગઈ છે.

કબીર જેવા સહજના કિનારે અનાયાસે ચાલતા આધ્યાત્મિક પુરુષ કહે છે કે 'માટી કહે કુમ્હાર સે તુ ક્યા રૂંદે મોય, ઇક દિન ઐસા આયેગા મૈં રૂંદુગી તોય.' તમે ગમે તેટલા શક્તિશાળી હો, એક દિવસ માટીમાં જ મળી જવાના છો. સિકંદર જેવો પણ ખાલી હાથે જ ગયો હતો તો તમે કઈ વાડીના મૂળા? પદ અને પ્રતિષ્ઠાનો આટલો અહંકાર શાનો? અહંકારથી ખાલીથઈ જવાથી શૂન્ય થઈ ગાય બાદ જ આપણી જાતને ઓળખી શકાય છે. પછી પાંચમાં પોંખાવાની આપણી ચેષ્ટાઓ વ્યર્થ લાગશે. પણ અહંકારતી ખાલી થવું કહીએ એટલું સરળ નથી. જનક જેવા જ કહી શકે કે મિથિલા બળે છે એનો શો શોક કરવો?

જે ભરેલું છે તે ખાલી થશે જ. જીવનનો શાશ્વત નિયમ છે કે જે યુવાન છે તે વૃદ્ધ થશે ને જે જીવિત છે તે મૃત્યુ પામશે. જે શિખર પર છે તે નીચે ઉતરશે જ! સૂર્ય ઊગે છે તેમ આથમે પણ છે. આથમતા સૂર્યનું સૌંદર્ય પણ માણતાં આવડે તો જ પૂર્ણત્વને પામી શકાય. આ કબીર જયંતીએ આપણા ખાલીપણા કે ભરેલાપણાનો અવસાદ ન થાય તેવી કક્ષાએ પહોંચવાનો પ્રયત્ન તો કરીએ.

**જ્યાં સુધી અમેરિકાનો સવાલ છે, તો ટ્રમ્પ રહે કે ના રહે, તેની સાથે સંબંધોમાં સ્થિરતાના અલગ અર્થ છે.**

# ચીનને પાકિસ્તાનથી દૂર કરવું જરૂરી

**એ અસાધારણ વાત હતી કે અમેરિકા સાથે ભારતના સાહિસક શક્તિ-સંતુલનનો ચીને એવો કોઈ જવાબ ન આપ્યો**

ઓપરેશન સિંદૂરમાં મળેલી સફળતાને આપણે એ ઉપમહાદ્વીપના શક્તિ-સંતુલનમાં થઈ રહેલા બદલાવના સંદર્ભે જોવું જોઇએ. એ હવે અનિવાર્ય થઈ ગયું છે કે આપણા નીતિ-નિર્માતા મોટી તસવીર પર ધ્યાન આપે અને એને જ અનુરૂપ યોગ્ય રસ્તો અપનાવે. જ્યારે આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય સમીકરણ તેજીથી બદલાઈ રહ્યા હોય ત્યારે ભારતીય રણનીતિને એક નવી દિશા આપવા માટે કેટલીક વાતોનું ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ. અસલમાં ચીન અને પાકિસ્તાનની દોસ્તી એક એવી હકીકત બની ચૂકી છે, જેને નજરઅંદાજ ન કરી શકાય અને જેનો મુકાબલો કરવો બહુ આસાન પણ નથી. મોટાભાગના વિશ્લેષકો માને છે કે સીમિત સંઘર્ષોમાં પાકિસ્તાન પર ભારતે ભલે સરસાઇ મેળવી હોય, પરંતુ હવે એનો કોઈ મતલબ નથી, ખાસ કરીને ત્યારે, જ્યારે એવા સંઘર્ષ પર પરમાણુ તણાવની છાયા હોય. સાચું એ જ છે કે પાકિસ્તાન આપણી બરાબરીનું સૈન્ય પ્રતિદ્વંદ્વી છે. ચીનના સૈન્ય ઔદ્યોગિક માળખાને ત્યાં આવવાથી સ્થિતિ વધુ જટિલ થઈ ગઈ છે. ચીન કોઇપણ સંઘર્ષને તેના પક્ષમાં ઝૂકી શકે છે.

ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ ગત એક દાયકામાં પોતાની સેનાઓને ઘણું આધુનિક બનાવ્યું છે. જોકે તેનો મૂળ મકસદ તાઇવાન જલડમરુમધ્યમાં અમેરિકી પહોંચને રોકવું અને તેને હરાવવાનું છે. પીએલએએ આધુનિક સેન્સર, ઇલેક્ટ્રોનિક ગુપ્તચર ઉપગ્રહ, ઇલેક્ટ્રોનિક હથિયાર, હવાથી હવામાં લાંબા અંતર સુધી પ્રહાર કરનારી મિસાઇલો અને ઉન્નત યુદ્ધ વિમાન જેવી ક્ષમતાઓના વિકાસ પર ભાર મૂક્યો છે. જેમાંથી કેટલાક તો નિશ્ચય જ પાકિસ્તાનની સેના પાસે પહોંચી ગઈ છે. દેખીતું છે કે પાકિસ્તાનની પારંપરિક તાકાતને ચીન મજબૂત બનાવી શકે છે, જેથી તે પોતાની રીતે વિકસિત પણ થતું રહે અને ભવિષ્યમાં કેટલાક મામલે ભારતથી આગળ પણ નીકળી જાય. ભારત માટે જે વાત ફાયદાની છે તે એ કે અમેરિકા અને નાટોની સંગતથી વિપરીત (જેના પોતાના ભૂરાજકીય જોખમ છે) રશિયાના ઉન્નત સૈન્ય ઔદ્યોગિક ક્ષેત્ર સાથે તેની 'વિના શરત' ભાગીદારી છે. ભારત પોતાની વધતી સ્વદેશી ક્ષમતાઓને રશિયાના ચુનંદા ઉચ્ચ-ટેક્નોલોજી તંત્ર સાથે જોડી શકે છે, જેથી આપણે આગળ રહી શકીએ.

કહેવાય છે કે ભારત માટે હથિયારોની હોડ (ચીન સાથે)માં સામેલ થવું કે પારંપરિક તાકાતને મજબૂત કરવી વ્યર્થ છે. મોટા સંઘર્ષોમાં પરમાણુ અને પારંપરિક પ્રતિરોધ વધવાની જ આશંકા છે. તેથી એ સમજવું પડશે કે મુખ્ય પડકાર હવે બિનપરંપરાગત યુદ્ધનો છે. યુદ્ધનાં સાધન સમય સાથે બદલાઈ શકે છે - પારંપરિક થી લઈને જળસુરક્ષા જેવા બિનપારંપરિક ક્ષેત્રો સુધી. એવા બિનપરંપરાગત યુદ્ધોનાં પ્રતિકૂળ પરિણામોથી પાકિસ્તાનને બચાવવાની ચીનની ક્ષમતાને પણ આપણે જાણીએ જ છીએ. એવામાં કેટલાય મોટા સવાલ ઉઠે છે, જેને ભારતના નીતિ-નિર્માતા નજરઅંદાજ ન કરી શકે. હાલનાં વર્ષોમાં ચીન અને પાકિસ્તાનમાં આખરે આટલી નજદિકી કેવી રીતે આવી? અને સું ભારતે આ ઉપમહાદ્વીપમાં બેજિંગનાં સમીકરણોનો તોડ કાઢવા માટે કોઇ બદલાવ કરવો જોઇએ?

તેમાં કોઈ શંકા નહી કે છેલ્લા એક દાયકામાં ભારતે અમેરિકાની સાથે ચીન-કેન્દ્રિત ગઠબંધન બનાવ્યાં, જેણે બેજિંગને રાવલપિંડી સાથે પારંપરિક ભાગીદારીથી ઈતર સંબંધોને મજબૂત બનાવવાનું એક મોટું કારણ આપ્યું. પરંતુ અમેરિકાને ઉપ-મહાદ્વીપમાં ચીન વિરુદ્ધ ભૂરાજકીય મોરચો ખોલવાની કોઇ ઇચ્છા ન હતી, તેથી તેણે ભારતની ક્ષેત્રીય સ્થિતિને મજબૂત કરવા માટે કંઇ ખાસ ન કર્યું. અમેરિકા મુખ્ય રૂપે પશ્ચિમી પ્રશાંત ક્ષેત્રમાં પોતાના સુરક્ષા હિતો માટે ભારતની ભૂમિકાને લઈને ઇચ્છુક રહ્યું છે.

એ અસાધારણ વાત હતી કે અમેરિકા સાથે ભારતના સાહિસક શક્તિ-સંતુલનનો ચીને એવો કોઈ જવાબ ન આપ્યો, જેનાથી ઉપ-મહાદ્વીપમાં કોઈ પડકાર પેદા થાય. તેણે વાસ્તવમાં વોશિંગ્ટન અને બેજિંગ વચ્ચે ક્ષેત્રીય વ્યવસ્થામાં પાકિસ્તાનની નૈસર્ગિક ભૂમિકા અને ઘરેલુ મોરચા પર પાકિસ્તાની સેનાની પ્રધાનતાને જાળવી રાખવા માટે ચૂપ રહેવાનું સ્વીકાર કર્યું. હાલના સંકટમાં આપણે બધાથી વધારે આ કડવી ભૂરાજકીય સચ્ચાઈથી રૂબરૂ થયા છીએ.સવાલ છે, શું ભારતીય સત્તા ક્ષેત્રીય શતરંજની ઢીલી પડતી બિછાતને અટકાવી શકે છે, જે કેટલીક હદ સુધી ખુદના ખોટા ભૂરાજકીય અનુમાનોનું પરિણામ છે? બેજિંગના મૂળ ભૂરાજકીય ખતરા તેના પૂર્વી સમુદ્ર તટ સાથે જોડાયેલા છે, જે સમય સાથે વધતા જ રહેશે. અહીં આપણી પાસે ચીનને પાકિસ્તાનથી દૂર કરવા અને બેજિંગની ક્ષેત્રીય નીતિને એક એવા સંતુલન તરફ પાછા લાવવાનો મોકો છે, જે નવી દિલ્હીને સ્વીકાર્ય હોઇ શકે છે. તેના માટે ૨૦૨૪માં નેતૃત્વના સ્તરે પેદા થયેલ નરમીનો લાભ ભારતે ઉઠાવવો જોઇએ અને ભારત-ચીન સંબંધોને સામાન્ય બનાવવા માટે તમામ સંભાવનાઓ શોધવી જોઇએ. આપણે એ સમજવું જોઇએ કે ચીન સાથે ટકાઉ સંબંધ આ ઉપમહાદ્વીપની સ્થિરતાની ચાવી છે.

જ્યાં સુધી અમેરિકાનો સવાલ છે, તો ટ્રમ્પ રહે કે ના રહે, તેની સાથે સંબંધોમાં સ્થિરતાના અલગ અર્થ છે. એવું એટલા માટે, કારણ કે ઉપમહાદ્વીપમાં અમેરિકા સાથે શક્તિ સંતુલનને કોઈ અવકાશ નથી. એ વિચારવું ખુદને ધોખો આપવા જેવું છે કે ભારત માત્ર અમેરિકા સાથે મળીને દક્ષિણ એશિયામાં અગ્રણી તાકાત રૂપે ઉભરી શકે છે. આપણે આ સંબંધને એવી રીતે જ આગળ વધારવો જોઇએ, જે રીતે તમામ ક્ષેત્રીય અને મોટી શક્તિઓ પોતાની ભૌતિક અને માનક તાકાત હાસંલ કરવા માટે કરે છે, એટલે કે ભારતીય અર્થવ્યવસ્થાના ઘરેલુ ઔદ્યોગિક, ટેકનિકલ અને માનવ પૂંજીના આધારને વ્યાપક બનાવતાં આંતરરાષ્ટ્રીય માહોલનો બુદ્ધિમાનીથી લાભ ઉઠાવવો. આજના બહુધ્રુવીય યુગમાં તેના સિવાય કોઈ બીજો વિકલ્પ છે પણ નહી. એ નક્કી છે કે આવનાર સમયમાં અમેરિકા, રશિયા અને ચીન જેવી મોટી તાકાતોમાં યુરોપ અને પશ્ચિમી પ્રશાંત ક્ષેત્રમાં તેજ પ્રતિદ્વંદ્વિતા વધશે. ભારતે આ સંક્રમણકાલીન દોરનો લાભ ઉઠાવવો જોઇએ અને આ ક્ષેત્રને સ્થિર કરવા અને ભવિષ્યની એક સાર્થક રણનીતિ તૈયાર કરવાની દિશામાં આગળ વધવું જોઇએ. આ રણનીતિ એવી હોવી જોઇએ, જેમાં આધુનિકીકરણ અને વિકાસ લ-યો પર આગળ વધતાં પોતાના મૂળ સુરક્ષા હિતોને પણ સંતુલિત કરી શકાય. આ આજના સમયની સૌથી મોટી રણનીતિક જરૂરિયાત છે.

**જો કે મૂળ મુદ્દે વાત એ જ છે કે, મસ્ક ટ્રમ્પની સામે પડવાની તૈયારીમાં છે.**

# મસ્કનો ટ્રમ્પ સામે ખુલ્લો મોરચો, દોસ્ત દોસ્ત ના રહા

**મતલબ કે, રાજકીય સક્રિયતા બતાવવી પડે. અમેરિકામાં એકાદ વર્ષ પહેલાંથી ચૂંટણીનો માહોલ જામી જતો હોય છે એ જોતાં મસ્ક પણ બે-ત્રણ મહિનામાં સક્રિય થઈ જશે.**

રાજકારણ અને સત્તા ગાઢ સાથીઓને પણ એકબીજાના દુશ્મન બનાવી દે છે. ભારતમાં તો આપણે એવા સંખ્યાબંધ કિસ્સા જોયા છે પણ દુનિયાના બીજા દેશોમાં પણ એવું થાય જ છે કેમ કે માણસો બધે લગભગ સરખા જ હોય છે. અમેરિકામાં અત્યારે એવું જ થઈ રહ્યું છે અને હજુ મહિના પહેલાં જ ગાઢ સાથી મનાતા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એવા એલન મસ્ક સામસામે આવી ગયા છે. ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી વાઈટ હાઉસમાં રહેવા જતા રહેલા. મસ્કે ગયા મહિને વાઈટ હાઉસ છોડીને ટ્રમ્પથી છેડો ફાડેલો અને હવે ખુલ્લેઆમ ટ્રમ્પની સામે આવી ગયા છે.

ટેસ્લાના માલિક એવા એલન મસ્કે ડોનલ્ડ ટ્રમ્પના નવા ફંડિંગ બિલની આકરી ઝાટકણી કાઢીને તેને પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર ઘૃણાસ્પદ અને શરમજનક ગણાવ્યું છે. મસ્કે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ બિલ એકદમ હાસ્યાસ્પદ છે અને તેમાં નકામા ખર્ચા સિવાય બીજું કંઈ નથી. યુએસ કૉંગ્રેસ એટલે કે સંસદ અમેરિકાને કંગાળ બનાવી રહી છે કેમ કે આ બિલથી યુએસની બજેટ ખાધમાં ૨.૫ ટ્રિલ્યન ડૉલર સુધીનો વધારો થશે.અમેરિકામાં કૉંગ્રેસ એટલે કે સંસદનાં યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ એમ બે ગૃહ છે. યુનાઈટેડ સ્ટેટ્સ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સની કુલ ૪૩૫ બેઠકો છે જ્યારે સેનેટની ૧૦૦ બેઠકો છે. અમેરિકામાં પ્રમુખની ચૂંટણી ચાર વરસે થાય છે પણ કૉંગ્રેસ એટલે કે સંસદનાં બંને ગૃહો માટે બે વર્ષે ચૂંટણી થાય છે. એક ચૂંટણી પ્રમુખની ચૂંટણીની સાથે અને બીજી પ્રમુખપદની ચૂંટણીના બે વર્ષ પછી મધ્યસત્ર ચૂંટણી થાય છે.આ ચૂંટણીઓમાં હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના તમામ ૪૩૫ સભ્યો જ્યારે સેનેટના ત્રીજા ભાગના એટલે કે ૩૩ સભ્યોની ચૂંટણી થાય છે. રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ૨૦૨૬ની મધ્યસત્ર ચૂંટણી ૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ યોજાવાની છે. મસ્કે આ ચૂંટણીમાં હાલના સાંસદોમાંથી ટ્રમ્પને ટેકો આપનારા સાંસદોને ઘરભેગા કરવાનો હુંકાર કર્યો છે.મસ્કના આક્રમક વલણે સૌને આંચકો આપી દીધો છે કેમ કે મસ્કે સીધી ટ્રમ્પ સામે જ તલવાર તાણી દીધી છે. મસ્કે ગયા મહિને ટ્રમ્પ સરકારને છોડી દીધી હતી. ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઇ)માં સલાહકાર મસ્કે ટ્રમ્પના નવા બિલ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને બિલ રજૂ થાય તેના એક દિવસ પહેલાં જ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. એ વખતે મસ્કે સીબીએસ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (ડિઓજીઇ)ની સ્થાપના સરકારી ખર્ચ ઘટાડવા કરાઈ છે અને વન બિગ બ્યૂટીફુલ બિલ તેની વિરુદ્ધ છે કેમ કે તેમાં ખર્ચ વધારવાની વાત છે.મસ્કે પોતાનો વાંધો જાહેરમાં મૂકીને રાજીનામું ધરેલું તેથી તેમના વલણની સૌને ખબર હતી પણ મસ્ક આવું આક્રમક રિએક્શન આપશે તેની કોઈને કલ્પના નહોતી. હવે તો મસ્ક સીધા જંગની જ વાત કરી રહ્યા છે અને ટ્રમ્પના સાથીઓને હરાવીને ઘરભેગા કરવાનો હુંકાર કરી રહ્યા છે. મસ્ક બિઝનેસમેન છે તેથી ટ્રમ્પ સાથે મતભેદ પછી પણ એ ફૂંકી ફૂંકીને આગળ વધશે ને સંબંધો નહી બગાડે એવું સૌને લાગતું હતું પણ મસ્કે સીધો મોરચો જ માંડી દીધો છે.મસ્કના હુંકાર પરથી લાગે છે કે, મસ્કે ટ્રમ્પને ભલે છોડ્યા પણ રાજકારણ છોડવાની તેમની ઈચ્છા નથી. ૨૦૨૬માં મધ્યસત્ર ચૂંટણીને હજુ સવા વરસની વાર છે પણ મસ્કે અત્યારથી ૨૦૨૬ની ચૂંટણીમાં ટ્રમ્પના બિલને સાથ આપનારાને હરાવવાની વાત કરી નાખી છે એ જોતાં મસ્કે તેના માટે અત્યારથી મથવું પડે. મતલબ કે, રાજકીય સક્રિયતા બતાવવી પડે. અમેરિકામાં એકાદ વર્ષ પહેલાંથી ચૂંટણીનો માહોલ જામી જતો હોય છે એ જોતાં મસ્ક પણ બે-ત્રણ મહિનામાં સક્રિય થઈ જશે.મસ્ક રાજકારણીઓની જેમ કદાચ જાહેર સભાઓ ના કરે પણ પોતાના પાવરફુલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સનો રાજકીય ફાયદા માટે ઉપયોગ કરીને એ સક્રિય રહી શકે. અમેરિકામાં ચૂંટણીના ઉમેદવાર બનવા માટે પણ પોતાના જ પક્ષમાં આંતરિક ચૂંટણી જીતવી પડે છે એ જોતાં મસ્ક ટ્રમ્પની રીપબ્લિકન પાર્ટી ના છોડે પણ રીપબ્લિકન પાર્ટીમાં જ રહીને ટ્રમ્પને સાથ આપનારાને પછાડવા મથે એ શક્ય છે. જો કે મૂળ મુદ્દે વાત એ જ છે કે, મસ્ક ટ્રમ્પની સામે પડવાની તૈયારીમાં છે.મસ્કને ટ્રમ્પના વન બિગ બ્યૂટીફુલ એક્ટ સામે શું વાંધો છે એ પણ સમજવાની જરૂર છે. ટ્રમ્પે ૨૦૧૭માં પોતાના પહેલા કાર્યકાળ વખતે ટેક્સ કટ બિલ પસાર કરાવીને વ્યક્તિગત અને કંપનીઓ પરના ઈન્કમ ટેક્સમાં ઘટાડો કર્યો હતો. આ બિલની મુદત આ વર્ષે પૂરી થાય છે. વન બિગ બ્યૂટીફુલ બિલ એક્ટ ટ્રમ્પના ૨૦૧૭ના ટેક્સ કટ બિલને લંબાવે છે.આ બિલ દ્વારા ટ્રમ્પ લશ્કર અને સીમા સુરક્ષા પરના ખર્ચમાં લગભગ ૧૫૦ અબજ ડોલરનો વધારો કરશે જ્યારે સામાન્ય નાગરિકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓ, ખાદ્ય-પોષણ સહાય અને અન્ય યોજનાઓના ખર્ચમાં કાપ મૂકાશે જ્યારે ઓવરટાઇમ અને સોશિયલ સિક્યુરિટી ઈન્કમ પર ટેક્સ ઘટશે.ટ્રમ્પનો દાવો છે કે, વાર્ષિક ૩૦ હજારથી ૮૦ હજાર ડૉલર કમાતા લોકોએ આવતા વર્ષે ૧૫ ટકા ઓછો ટેક્સ ચૂકવવો પડશે તેથી સામાન્ય લોકોને ફાયદો થશે. જો કે સરકારી ડેટા પ્રમાણે જ આ બિલમાં આર્મી અને સરહદી સુરક્ષા પરના વધતા ખર્ચનાં કારણે આગામી ૧૦ વર્ષમાં અમેરિકાના દેવામાં લગભગ ૩.૮ ટ્રિલ્યન ડૉલરનો વધારો થશે. હાલમાં અમેરિકા પર કુલ ૩૬.૨ ટ્રિલ્યન ડૉલરનું દેવું છે એ ૧૦ વર્ષમાં વધીને ૪૦ ટ્રિલ્યન થઈ જશે. મસ્ક દર વર્ષે સરકારી ખર્ચમાં ૨ ટ્રિલ્યનનો ઘટાડો કરીને ધીરે ધીરે અમેરિકાનું દેવું ઝીરો કરી દેવાની વાત કરતો હતો ત્યારે ટ્રમ્પ દેવું વધારે એવું બિલ લઈ આવ્યા તેથી મસ્કનો વાંધો વાજબી છે.મસ્કની યોજના શું છે એ ખબર નથી પણ ટ્રમ્પને બહુ ફરક પડતો નથી. અમેરિકામાં કોઈ પણ વ્યક્તિ બે ટર્મ માટે જ પ્રેસિડેન્ટ બની શકે છે ને ટ્રમ્પની આ બીજી ટર્મ છે તેથી તેણે ફરી ચૂંટણી લડવાની નથી. આ સંજોગોમાં મસ્ક ગમે તેટલા ઉધામા કરે, ટ્રમ્પનું કશું બગાડી નહી શકે.

# ‘સાઉથની ફિલ્મ સફળ કેમ? બોલિવૂડના ડિરેક્ટર્સ સપનાં પણ અંગ્રેજીમાં જુએ છે’

## જાવેદ અખ્તરને બોલિવૂડની ફિલ્મો નિષ્ફળ જવાનું ખરું કારણ દર્શાવ્યું

જાવેદ અખ્તર પોતાના વિચારો સ્પષ્ટ અને તટસ્થ રીતે કહેવા માટે જાણીતા વ્યક્તિ છે, પછી તે દેશના રાજકારણની વાત હોય, ભારત-પાકિસ્તાનની વાત હોય, લેખકો કે કલાકારોના અધિકારની વાત હોય કે પછી પોતાની વ્યક્તિગત જીવનની કોઈ વાત હોય. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેમણે આવા મુદ્દાઓ પર વિગતે વાતો કરી હતી. આજકાલ બોલિવૂડે સામાન્ય લોકો સાથેનો સંપર્ક ગુમાવ્યો છે અને તેની વાર્તાઓ વધારે કાલ્પનિક બની રહી છે, તે બાબતે જાવેદ અખ્તરે બોલિવૂડની ટીકા કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું હતું કે સાઉથની ફિલ્મના સરખામણીએ હિન્દી ફિલ્મ અંગે વાર્તાની સ્પષ્ટતામાં ઘણો વિરોધાભાસ છે. સાથે તેમણે પોતાના બંને સંતાનો ફરહાન અને ઝોયાની ફિલ્મ વિશે પણ વાત કરી હતી.



બહુ ભવ્ય ફિલ્મ બનાવવાની હોડમાં બોલિવૂડ પોતાનો આત્મા ગુમાવી રહ્યું છે, એવું જાણીતા ગીતકાર જાવેદ અખ્તરને લાગે છે. તેમણે હિન્દી સિનેમાનાં અસ્તિત્વ અને ઓળખ ટકાવી રાખવાની ચર્ચાને ફરી ચાલુ કરી છે. તેમણે કેટલાંક કારણો પણ જણાવ્યા કે કેમ બોલિવૂડની ફિલ્મમાં ઊંડાણ અનુભવાતું નથી અને લકોને પોતાની લાગે એવી વાર્તાઓ મળતી નથી. તેમણે કહ્યું, “એ લોકોને સપના પણ અંગ્રેજીમાં આવે છે.” જાવેદ અખ્તરે આ ઈન્ટરવ્યુમાં કહ્યું કે આજકાલના નવા ફિલ્મ મેકર્સનો સંસ્કૃતિ કે મૂળ વતન સાથે સંપ૪ક જ નથી રહ્યો. તેના કારણે તેઓ કાલ્પનિક અને અવાસ્તવિક કથાઓ સાથેની ફિલ્મ બનાવતા થઈ ગયા છે. આ બધાં એવાં લોકો છે, જેમના બાપ-દાદાઓ મુંબઈમાં આવીને સ્થાઈ થયા હતા અને તેમનો ઉછેર મુંબઈ જેવાં શહેરમાં થયો છે. તેઓ પ્રાદેશિક પરંપરાઓથી દૂર મોટાં થયાં છે. તેમના માતા-પિતાનો કદાચ તેમના વતન સાથે સંપર્ક હશે પણ નવી પેઢી વૈભવી ફિલ્મ, એક્શન ફિલ્મ અને પેન ઈન્ડિયા રિલીઝના સપનામાં ધોવાઈ રહી છે.જ્યારે સાઉથની ફિલ્મ હાલ એક પછી એક મોટી સફળતા હાંસલ કરી રહી છે, તે બાબતે જાવેદ અખ્તરે તમિલ, તેલુગુ, મલયાલમ ભાષાની ફિલ્મમાં વિષય અંગે સ્પષ્ટતા અને સ્થાનિક વાર્તા પર તેમના ફોકસના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું, “એ લોકો સ્થળાંતર કરીને ક્યાંય ગયાં નથી. એ લોકો જ્યાં જન્મ્યાં ત્યાં જ કામ કરે છે. તેથી તેઓ તેમના વતન સાથે અને જમીન સાથે જોડાયેલાં છે અને એ જોડાણ તેમની ફિલ્મમાં પણ જોવા મળે છે.”જાવેદ અખ્તરના બંને સંતાનો ઝોયા અને ફરહાન અખ્તર આજે બોલિવૂડના જાણીતા ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડ્યુસર છે. તેમની સાથે કામ કરવાના પડકારો અંગે તેમણે કહ્યું કે બીજા લોકો સાથે કામ કરવા કરતાં પોતાનાં સંતાનો સાથે કામ કરવું અઘરું છે. કારણ કે વ્યક્તિગત રીતે ભલે ગમે તેવો સંબંદ હોય પરંતુ કામની દષ્ટિએ એમનાં ધોરણો ઘણાં ઊંચા છે. જાવેદ અખ્તરે એવું પણ કહ્યું કે ખાસ કરીને ઝોયા સાથે કામ કરવું વધારે અઘરું છે, કારણ કે એને બધું જ ઉત્તમ જ ગમે છે. જાવેદે એવું પણ કહ્યું કે તેમના બંને સંતાનો ટેલેન્ટેડ છે અને બંનેની ફિલ્મ બનાવવાની અલગ શૈલી છે, બંનેની ફિલ્મ બનાવવાની રીત પણ ઘણી અલગ છે. તેમની બંનેની ફિલ્મ બનાવવાની દૃષ્ટિ જ બિલકુલ અલગ છે અને તેમના મતે બંને એકબીજા જેવું કામ કરી શકે એમ નથી. છતાં જાવેદ અખ્તરને બંનાના કામ પ્રત્યે અને તેમણે બનાવેલાં પોતાનાં અલગ રસ્તા અંગે ઘણું ગર્વ છે.



# પંકજ ત્રિપાઠી અને અદિતી રાવે શરૂ કરી ‘પારિવારિક મનુરંજન’

### આ નવી જોડીએ લખનૌમાં શૂટિંગ શરૂ કર્યું

ભાનુશાલી સ્ટુડિઓઝ અને એએઝેડ ફિલ્મ્સ દ્વારા એપ્રિલ ૨૦૨૫મા એક કોલબરેશનની જાહેરાત કરવામાં આવી હતી, જે મુજબ તેઓ અલગ અલગ જોનરની ૩ ફિલ્મ બનાવવાનાં છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે બિલકુલ નવી જોડી એવા પંકજ ત્રિપાઠી અને અદિતી રાવ હૈદ્રી તેમની પહેલી ફિલ્મ ‘પારિવારિક મનુરંજન’નું કામ શરૂ કરવા જઈ રહ્યા છે. સુત્રો દ્વારા મળતી મહિતી અનુસાર આ ફિલ્મ એક બિલકુલ એકબીજાથી વિરોધાભાસી પતિ પત્નીની વાત કરતી પારિવારિક ફિલ્મ હશે. આ ફિલ્મ વરુણ વી શર્મા દ્વારા ડિરેક્ટ કરવામાં આવશે.

સુત્રએ જણાવ્યું, “શુક્રવાર, ૫ જૂનથી ફિલ્મનું શૂટિંગ લખનૌમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મની ટીમની ઈચ્છા એક બિલકુલ નવી જોડી લેવાની હતી અને તેમને પંકજ ત્રિપાઠી અને અદિતી

રાવ હૈદ્રીમાં તેમની આ લીડ જોડી મળી ગઈ છે.”

આ ફિલ્મ વિનોદ ભાનુશાલી અને હિમાંશુ મહેરા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહી છેસ જ્યારે તેનું ક્રિએટિવ પ્રોડક્શન અલી અબ્બાસ ઝફર કરે છે. તેમજ બ્રિજેન્દ્ર કાલા અને વરુણ શર્માએ આ ફિલ્મ લખી છે. આ અંગે પંકજ ત્રિપાઠીએ જણાવ્યું, “આ ફિલ્મની સ્ક્રિપ્ટ એવી હતી જેમાં કશુંક સાદું પણ ગમી જાય એવું અને છતાં તમે અવગણી ન શકે એટલું મજા પડે એવું હતું, તેથી હું આ ફિલ્મને ના ન પાડી શક્યો. આ એક એવી સ્ટોરી છે, જે તેની હુંફથી તમને તેના પર ધ્યાન આપવા મજબુર કરી દેશે. આ ફિલ્મમાં હું પહેલી વખત અદિતી સાથે કામ કરી રહ્યો છું અને મને તેની એક્ટિંગ અને તેની આવડત પ્રત્યે હંમેશા માન રહ્યું છે.”

જ્યારે આ અંગે અદિતીએ કહ્યું, “મેં જ્યારે સ્ક્રિપ્ટ વાંચી તો સતત મારા ચહેરા પર સ્મિત હતું. મારા માટે આ દુનિયામાં આવી સ્ટોરી મળવી એક અલભ્ય બાબત છે. વાર્તામાં વિવિધ પરિસ્થિતિના કારણે સર્જાતી કોમેડી, અતાનક આવતાં વળાંકો અને તેના કારણે બનતી ઘટનાઓ અને ખાસ કરીને તેની હુંફ અને સાદગી ફિલ્મના કેન્દ્રમાં છે. એમાં પણ જો પંકજ સર સાથે કામ કરવા મળતું હોય તો વધુ સારી વાત છે. એ આ પ્રકારની ફિલ્મના માસ્ટર છે અને મારા માટે તેમની સાથે આમાં કામ કરવાનો અનુભવ ઘણું શીખવા સાથે ઘણી મજાનો હશે.”આ અંગે ડિરેક્ટર વરુણ વી.શર્માએ જણાવ્યું, “ ‘પારિવારિક મનુરંજન’ એવી સ્ટોરી છે, જે મારા દિલથી નજીક છે, જીવનની અંધાધુધી અને રમુજમાં તેનાં મૂળ છે. તેમાં પંકજ સર અને અદિતી પહેલી વખત એક સાથે કામ કરે છે, તેથી કશુંક નવું છતાં હુંફભર્યું, ઈમાનદાર અને દરેકને સ્પર્ષી જાય એવું લાવતાં અમે પણ ખુશ છીએ.”

## શું તમે જાણો છો, ‘હાઉસફુલ ૫’ના એ અને બી વર્ઝન વચ્ચે શું તફાવત છે?

અક્ષય કુમાર, અભિષેક બચ્ચન અને રિતેશ દેશમુખની ‘હાઈસફુલ ૫’ રિલીઝ થઈ ગઈ છે. છેલ્લાં કેટલાંક દિવસથી આ મલ્ટિસ્ટાર ફિલ્મ ઘણી ચર્ચામાં પણ છે. સોશિયલ મીડિયા પર પણ આ ફિલ્મને ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. જોકે, ઘણા લોકો હજુ ફિલમના બે વર્ઝન વચ્ચે મુંઝવણમાં છે. તો જાણો ‘હાઉસફુલ ૫’ના એ અને બી વર્ઝન વચ્ચે શું તફાવત છે.હાઉસફુલ ૫ આ ફ્રેન્ચાઈઝીની આગળની ચાર ફિલ્મની જેમ જ વિવિધ પરિસ્થિતિઓ સાથે સર્જાતી કોમેડી આધારીત ફિલ્મ છે, જેમાં આગળની ફિલ્મોની જેમ જ ખુબ મોટી સ્ટારકાસ્ટ છે. ત્યારે આ ફિલ્મ એક અલગ પ્રકારના કોન્સેપ્ટ સાથે રિલીઝ કરવામાં આવી છે. આ ફિલ્મની સ્ટોરી કરોડપતિ રણજીતના જીવન પર બની છે, જેનું એક ક્રૂઝ પર મર્ડર થઈ જાય છે, જે જોલી નામના વ્યક્તિના નામે પોતાની મિલકત મુકીને ગયો હોય છે.આ સ્ટોરીમાં ખરી મજા એક પછી એક ત્રણ જોલીની એન્ટ્રી સાથે શરૂ થાય છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર, રિતેશ દેશમુખ અને અભિષેક બચ્ચન ત્રણેય જોલીના પાત્રમાં છે, ત્રણેય પોતાની ગર્લફ્રેન્ડ સાથે એન્ટ્રી કરે છે. તેમજ




આ ત્રણેય પર મર્ડરની સૌથી વધુ શંકા પણ હોય છે. હવે હાઉસફુલ ૫નાં બંને વર્ઝનમાં ખુની અલગ અલગ હશે. જો તમે વર્ઝન એ જોશો તો કોઈ એક ખુની હશે અને વર્ઝન બી જોશો તો કોઈ અલગ ખુની હશે. અગાઉ અક્ષય અને રિતેશે પણ આ અંગે ખુલાસો કર્યો હતો કે બંને વર્ઝનમં છેલ્લી ૧૫-૨૦ મિનિટ જ અલગ છે. તેનો અર્થ એવો છે કે બે અલગ ક્લાઈમેક્સ શૂટ થયા છે. બંને વર્ઝનને સેન્સર બોર્ડે યૂએ સર્ટિફિકેટ આપ્યું હતું. બંને ફિલ્મ ૨ કલાક અને ૪૫ મિનિટની છે. એક જ થીયેટરમાં અલગ-અલગ શો દરમિયાન અથવા આસપાસની સ્ક્રિનમાં ઓડિયન્સને નવો જ ક્લાઈમેક્સ જોવા મળે તેવી પણ શક્યતા છે. હિન્દી ફિલ્મોમાં પહેલી વાર થયેલો આ અખતરો ઓડિયન્સને કેટલો પસંદ આવે છે તે જોવુ રહ્યું. આ ફિલ્મમાં અક્ષય કુમાર, જેકલીન ફર્નાન્ડિઝ, રિતેશ દેશમુખ, સોનમ બાજવા, અભિષેક બચ્ચન, નર્ગિઝ ફખરી, નાના પાટેકર, સંજય દત્ત, ફરદીન ખાન, શ્રેયસ તળપદે, જેકી શ્રોફ, ડિનો મોરીયા, ચિત્રાંગદા સિંઘ, સૌંદર્યા શર્મા, ચંકી પાંડે અને જહોની લીવર છે, સાથે બોબી દેઓલનો એક કેમિયો પણ છે.

# આદિત્ય રોય કપુર અને સારા અલી ખાને સમજાવી ‘સિચ્યુએશનશિપ’

## આદિત્ય અને સારા પોતાના પ્રેમ અંગે ઓલ્ડ સ્કૂલ ગણે છે

આદિત્ય રોય કપુર અને સારા અલી ખાનની જોડી અનુરાગ બાસુની ‘મેટ્રો ઈન દિનોં’માં પહેલી વખત મોટા પડદે જોવા મળશે.આ ફિલ્મમાં આદિત્ય કમિટમેન્ટ કરવાથી ડરતા એક યુવાનનો રોલ કરી રહ્યો છે. આ ઓનસ્ક્રીન જોડી હાલ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યારે આજના જમાનાનાં પ્રેમના મોડર્ન ઈન્ટરપ્રિટેશન અંગે બંનેએ વાત કરી છે. આ ફિલ્મના ટ્રેલર લોંચની એક ઈવેન્ટ બુધવારે મુંબઈમાં યોજાઈ હતી. જેમાં તેમને જેન ઝીનાં ડેટિંગ માટે વપરાતા કેટલાંક ખાસ શબ્દો વિશે પ્રશ્નો પૂછાયા હતા, જેમકે, સિચ્યુએશનશિપ, બેંન્ચિંગ અને બ્રેડક્રમ્બિંગ.

આ પ્રશ્નના જવાબમાં આદિત્યએ સામો પ્રશ્ન કર્યો હતો અને પૂછ્યું, “સિચ્યુએશનશિપ એટલે શું? મને તો એનો શું અર્થ થાય એ પણ ખબર નથી. મને લાગે છે આ મામલે હું થોડો ઓલ્ડ સ્કૂલ છું.” ત્યારે સારા આ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, “બધાના પોતપોતાના વિચાર છે, પણ હું સિચ્યુશનશિપ કે આવી કોઈ વાતમાં માનતી નથી.”

જ્યારે આદિત્ય રોય કપુરે રેડ ફ્લેગ અને ગ્રીન ફ્લેગ વિશે કહ્યું, “રેડ ફ્લેગ એટલે એવી વ્યક્તિ થઈ જેને એકાદ વખત જેલમાં જવું પડ્યું હોય. અને ગ્રીન ફ્લેગ એટલે કોઈ એવું જે દયાળુ હોય. કોઈની કરુણા ઘણી મહત્વની બાબત છે.”

બુધવારે ટી-સિરીઝે અનુરાગ બાસુની આ ફિલ્મનું ટ્રેલર લોંચ કર્યું, તે જોઈને દર્શકોએ ઘણો હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. એક સ્પર્ષી જાય એવો રોમાન્સ અને જીવન બદલી નાખે એવા નિર્ણયો, આ ટ્રેલર એવી વાર્તાઓ દર્શાવે છે, જે વિશ્વમાં કોઇને પણ પોતાની લાગે. આ ફિલ્મમાં આદિત્ય કપુર, સારા અલી ખાન સાથે ફાતિમા સના શેખ, અલી ફઝલ, કોંકણા સેન શર્મા, પંકજ ત્રિપાઠી, અનુપમ ખેર અને નીના ગુપ્તા વિવિધ રોલ કરી રહ્યાં છે. આ ફિલ્મ ૪ જુલાઈએ રિલીઝ થશે.



## ‘સન ઓફ સરદાર’ સાથે ટક્કર ટાળવા ‘પરમ સુંદરી’ પોસ્ટપોન કરવા વિચારણા

સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાન્વી કપૂરની ફિલ્મ ‘પરમ સુંદરી’નું ટીઝર ‘ભૂલચુક માફ’ સાથે બતાવાયું હતું, જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ટીઝર ૨૯ મેએ રિલીઝ થયું હતું અને ત્યારથી ફિલ્મ વિશે એક માહોલ પણ બનવાનો શરૂ થઈ ગયો હતો. પરંતુ હવે એવી શક્યતા છે કે સિદ્ધાંર્થ મલ્હોત્રા અને જાન્વી કપૂરના ફેન્સને ફિલ્મની થોડી વધુ રાહ જોવી પડે. કારણ કે ફિલ્મના પ્રોડ્યુસર મેડોક ફિલ્મ્સ આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલવાનું વિચારતા હોવાની ચર્ચા છે.

સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, “પરમ સુંદરી ૨૫ જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ દિનેશ વિજાને તેમની ટીમ સાથે મીટિંગ કરી હતી અને તેમણે પહેલાં કે પછી રિલીઝ કરવી કે પોતાની તારીખ જ રાખવી તે અંગે ચર્ચા પણ કરી હતી. આવતા મહિને ઘણી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, તેથી આ ફિલ્મને લાંબો સમય બોક્સ ઓફિસ પર એકલાં સમય ન મળે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને



તેઓ તારીખ વિશે વિચાર કરી રહ્યાં છે.”

સુત્રએ આગળ જણાવ્યું, “હાલ મેડોક ફિલ્મ્સની ટીમ ૨૯ ઓગસ્ટે રિલીઝ કરવા પર પણ વિચાર કરી રહી છે. કારણ કે એ દિવસે કોઈ ફિલ્મ રિલીઝ થતી નથી. તેઓ બીજી તારીખો પર પણ વિચાર કરી રહ્યા છે.” સુત્રએ એવું પણ કહ્યું કે, “તરત નિર્ણય લેવા એ મેડોકની ખાસિયત છે. તેમણે જ્યારે ઝરા હટકે ઝરા બચકે અચાનક ૩ જ અઠવાડિયામાં ઓટીટી પર રિલીઝ કરી દીધી ત્યારે અને ભુલચૂક માફને એક અઠવાડિયું આગળ સ્ટ્રીમ કરવાનું નક્કી કરીને થિએટર રિલીઝ કેન્સલ કરી દીધી ત્યારે પણ આપણે તેમની આ બાબત જોઈ છે.

દિનાશ વિજાન ક્યારે શું કરે તે સમજવું અઘરું છે. તેઓ રીલીઝ પાછી પણ ઠેલી શકે છે અને પોતાની નક્કિ કરેલી તારીખે જ રિલીઝ કરે એવું પણ બની શકે છે. થોડાં દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે.”

# અડીખમ આમિર

## લોકેશ સાથે સુપરહિરો ફિલ્મ ફાઈનલ કરી

### ૨૦૨૬માં આ ફિલ્મનું કામ શરૂ થશે, આમિરે કન્ફર્મ કર્યું



આમિર ખાન હેલ તો તેની ફિલ્મ ‘સિતારે ઝમીન પર’નાં પ્રમોશનમાં વ્યસ્ત છે. આ સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ ૨૦ જૂને રિલીઝ થવાની છે. તે પહેલાં આમિરે તેની આગામી ફિલ્મ અંગે પણ જાહેરાત કરી દીધી છે. ૨૦૨૪માં એવા અહેવાલો આવેલા કે આમિર ખાન તમિલ ફિલ્મ મેકર લોકેશ કનગરાજ સાથે સુપરહિરો સ્ટોરી આધારીત ફિલ્મની વાટાઘાટોમાં છે. આ અંગે વાત કરતા આમિરે હવે કન્ફર્મ કરી દીધું છે કે તે આ ફિલ્મ કરે છે અને તેમાં વાતચીત આગળ વધી છે.

લોકેશ કનગરાજ સાથેની આ ફિલ્મ વિશે વાત કરતા આમિર ખાને કહ્યું, “લોકેશ અને હું સાથે ફિલ્મ કરી રહ્યા છીએ. આ એક સુપરહિરો ફિલ્મ છે, જેમાં મોટા પાયે એક્શન સીનનું આઉટડોર શૂટિંગ થશે.” આમિરે આગળ એવું પણ કહ્યું તેણે આ ફિલ્મ સાઈન પણ કરી લીધી છે અને ૨૦૨૬નાં બીજા ભાગમાં આ ફિલ્મનું શૂટિંગ શરૂ થશે. આમિરે કહ્યું, “૨૦૨૬ના બીજા ભાગમાં ફિલ્મનું શૂટિંગ શરુ થશે. અમે બંનેએ સાઈન પણ કરી લીધી છે. આથી વિશેષ હું કંઈ જ કહી શકીશ નહીં. આ બે વર્ષ પછીની વાત છે.”

આ ઉપરાંત ઈન્ટરવ્યુમાં આમિરે પોતાના ડ્રીમ પ્રોજેક્ટ મહાભારત વિશે પણ વાત કરી હતી, તેણે કહ્યું, “છેલ્લાં ૨૫ વર્ષથી મહાભારત મારું સપનું રહ્યુ છે. તમે જ્યારે મહાભારત બનાવો ત્યારે તમે માત્ર એક ફિલ્મ નથી બનાવી રહ્યા. તમે એક યજ્ઞ કરવા નીકળ્યા છો. તમારે સજ્જ થવું પડે, જેના માટે હું તૈયારી કરી રહ્યો છું. મારું સપનું પૂરું થશે કે નહીં, એ મને હજુ ખબર નથી. પરંતુ જ્યાં સુધી હું એ રસ્તે ચાલું નહીં, જ્યાં સુધી મારી સામે પ્રાથમિક માળખું તૈયાર ન હોય, ત્યાં સુધી હું આ અંગે કશું જ કહી શકીશ નહીં. હું તમને ફિલ્મની કાસ્ટ વિશે પણ કશું જ કહી શકીશ નહીં. હું જે પણ કહીશ એ ખોટું હશે, હાલ મારી પાસે યોગ્ય માહિતી નથી.”

આમિરે કહ્યું, “૨૫ વર્ષથી મારું મન છે કે હું મહાભારત પર કામ કરું. પરંતુ જેમ મે કહ્યું એમ, આ એક અલગ સફર હશે. આ સફર ક્યાં પહોંચશે એ મને ખબર નથી. પરંતુ આ સફર ચોક્કસ શરુ થશે. પરંતુ હાલ એ માત્ર એક સપનું છે.”

આ સુપરહિરો ફિલ્મનું કામ કરતાં પહેલાં આમિર અને લોકેશ બંને તેમના પહેલાંના કામ પૂરા કરી દેશે. એક તરફ તમિલ ફિલ્મ મેકર લોકેશ કનગરાજ હાલ તો રજનીકાંત સાથે ‘કૂલી’માં વ્યસ્ત છે, પછી કાર્થિ સાથે ‘કૈથી ૨’નું કામ શરૂ કરશે. જ્યારે આમિર હાલ ‘સિતારે ઝમીન પર’ના પ્રમોશનમાં વ્યસ્ત છે., એના પછી તે રાજકુમાર હિરાણી સાથે દાદા સાહેબ ફાળકેની બાયોપિક પર કામ શરૂ કરશે. ચર્ચા તો એવી પણ હતી કે રાજકુમાર હિરાણી અને આમિર ખાન ‘પીકે ૨’ અંગે પણ ચર્ચા કરી રહ્યા છે.જોકે, આમિરે આ વાત ફગાવી દીધી છે. તેણે કહ્યું, “પીકે ૨ માત્ર એક અફવા છે. મને એના વિશે કંઈ જ ખબર નથી. હા દાદા સાહેબ ફાળકેની ફિલ્મ ચોક્કસ બની રહી છે. હું અને રાજુ એના પર કમ કરી રહ્યા છીએ.”

# રોહિત-કોહલી, બુમરાહ અને ટીમ સિલેક્શન... ઈંગ્લેન્ડ જતાં પહેલા ગિલ-ગંભીરના ૫ મોટા નિવેદન



ટીમ ઈન્ડિયા ૨૦ જૂનથી ઈંગ્લેન્ડમાં ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમશે. આ સીરિઝ માટે રવાના થતા પહેલા ટીમ ઈન્ડિયાના નવનિયુક્ત કેપ્ટન શુભમન ગિલ અને કોચ ગૌતમ ગંભીરે ગુરુવારે એક પ્રેસ કોન્ફરન્સ કરી હતી. આ દરમિયાન બંનેએ ઘણા સવાલોના જવાબ પણ આપ્યા. ચાલો તમને આ પ્રેસ કોન્ફરન્સની ૫ મોટી વાતો જણાવીએ.

આ સીરિઝ શરૂ થવાના થોડા દિવસ પહેલા જ રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું. તેના થોડા દિવસ પછી જ વિરાટ કોહલીએ પણ સંન્યાસનું એલાન કર્યું હતું. અશ્વિને પહેલા જ અલવિદા કહી ચૂક્યો છે. આ સવાલના જવાબમાં ગિલે કહ્યું કે, રોહિત-વિરાટનું સ્થાન ભરવું મુશ્કેલ છે. આ પ્રવાસમાં અમને તેમની ખોટ સાલશે. પરંતુ અમારી ટીમ તૈયાર અને સંતુલિત છે.

આ સવાલના જવાબમાં કોચ ગૌતમ ગંભીરે કહ્યું કે, અમે આ પ્રવાસ માટે ૧૮ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. દરેક મેચની પરિસ્થિતિ પ્રમાણે પ્લેઈંગ ઈલેવનને ફાઈનલ કરવામાં આવશે. ફાસ્ટ અને સ્પિન બોલિંગને પણ તે મુજબ ગોઠવવામાં આવશે. તેણે કરુણ નાયરની પ્રશંસા કરી.

ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીરે સ્પષ્ટપણે એ ન જણાવ્યું કે જસપ્રીત બુમરાહ ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝમાં કઈ ત્રણ ટેસ્ટ રમશે, પરંતુ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ફાસ્ટ બોલિંગ યુનિટ બુમરાહની ગેરહાજરીમાં પણ વર્કલોડ સંભાળવા સક્ષમ છે. ગંભીરે કહ્યું કે, અમે અત્યાર સુધી નક્કી કર્યું છે કે કઈ ત્રણ મેચ (તે) રમશે. જોકે, હજુ સુધી એ નક્કી નથી કે બુમરાહ માત્ર ત્રણ ટેસ્ટ જ રમશે.

કેપ્ટનશીપના સવાલ પર ગિલે કહ્યું કે, 'જેમ-જેમ ખેલાડી રમે છે, તેમ-તેમ તે શીખે છે. મારે ટીમ સાથે વાત કરવી પડશે અને તેમને સમજવું પડશે. આ અમારી તાકાત હશે. મને ખેલાડીઓ સાથે સંપર્કમાં રહેવું અને તેમની સમસ્યાઓ સમજવી ગમે છે. અમારી ટીમમાં બુમરાહ જેવા મહાન બોલરો છે. અમારા પેસરો ખૂબ સારા છે. અમારી બોલિંગ ખૂબ જ આક્રમક રહેવાની છે.'

જ્યારે કોચ ગંભીરને બેંગલુરુ દુર્ઘટના અંગે પૂછવામાં આવ્યું કે તમારા મતે કોણ જવાબદાર છે, ત્યારે ગંભીરે કહ્યું કે, 'હું કોણ જવાબદાર છે તે નક્કી કરનાર હું કોઈ નથી. પરંતુ જ્યારે હું ખેલાડી હતો ત્યારે પણ હું આવા રોડ શોમાં નહોતો માનતો અને હવે કોચ તરીકે પણ હું આના પક્ષમાં નથી. લોકોનો જીવ સૌથી મહત્વપૂર્ણ છે. જો તમે ભીડને નિયંત્રિત નથી કરી શકતા, તો આવા રોડ શોની કોઈ જરૂર નથી.'

# ભારતની વર્લ્ડકપ વિજેતા ટીમના જાદુઈ સ્પિનર પીયૂષ ચાવલાએ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી



ટીમ ઈન્ડિયાની વર્લ્ડકપ વિજેતા ટીમના જાદુઈ લેગ સ્પિનર પીયૂષ ચાવલાએ ઈન્ટરનેશનલ ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી ચોંકાવી દીધા છે. પીયૂષ ચાવલા ટીમ ઈન્ડિયા માટે ૨૦૦૭ના ટી ૨૦ વર્લ્ડ કપ અને ૨૦૧૧ના વન ડે વર્લ્ડ કપમાં ભારતીય ટીમનો હિસ્સો રહી ચૂક્યો હતો. આ બંને વર્લ્ડકપ ટીમ ઈન્ડિયાએ મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં જીત્યા હતા. સોશિયલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખી પીયૂષ ચાવલાએ જણાવ્યું કે બે દાયકાથી વધુ સમય સુધી મેદાનમાં વીતાવ્યા બાદ હવે સમય આવી ગયો છે કે આ સુંદર રમતને અલવિદા કહું. ભારતનું પ્રતિનિધિત્વ કરવાથી લઈને ૨૦૦૭ના ટી૨૦ વર્લ્ડકપ અને ૨૦૧૧ વનડે વર્લ્ડકપ જીતનારી ટીમનો હિસ્સો બનવા સુધીની આ અદભૂત સફરની દરેક ક્ષણ મારા માટે એક આશીર્વાદ સ્વરૂપ બની રહી છે. આ યાદો હંમેશા મારા મનમાં જીવંત રહેશે.

# ભારત-ઇંગ્લેન્ડ સિરીઝ તેંડુલકર-એન્ડરસન ટ્રોફી માટે રમાશે



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ ટેસ્ટની સિરીઝનો ૨૦મી જૂનથી પ્રારંભ થઈ રહ્યો છે અને આ સિરીઝ સાથે બંને દેશ વચ્ચે રમાનારી આગામી તમામ સિરીઝ બંને દેશના મહાન ક્રિકેટર સચિન તેંડુલકર અને જેમ્સ એન્ડરસનના નામે રમાશે. આમ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ ક્રિકેટ સિરીઝ તેંડુલકર-એન્ડરસન ટ્રોફી માટે રમાશે.બીબીસીમાં પ્રકાશિત અહેવાલ મુજબ ભારતીય ક્રિકેટ ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે છે અને આ સિરીઝ દરમિયાન તેંડુલકર-એન્ડરસન ટ્રોફીનું અનાવરણ થશે. આ સિરીઝનો ૨૦મી જૂનથી લીડ્ઝના હેડિંગ્લે ખાતે પ્રારંભ થશે. જોકે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે (ઈસીબી) આ અંગે કોઈ કોમેન્ટ કરવાનો ઈનકાર કરી દીધો હતો.અગાઉ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યુકેમાં રમાતી સિરીઝ પટોડી ટ્રોફી માટે રમાતી હતી. ભારતના ભૂતપૂર્વ સુકાનીઓ ઈફ્તિખાર અલી ખાન પટૌડી અને મનસુર અલી ખાન પટૌડીની યાદમાં આ ટ્રોફી રમાતી હતી.માર્ચ ૨૦૨૫માં ઈસીબીએ ભારતમાં પટૌડી પરિવારને એક પત્ર લખીને જાણ કરી હતી કે તેઓ હવેથી આ ટ્રોફી પરત ખેંચી લેવા માગે છે.ક્રિકેટનો સર્વકાલીન મહાન બેટ્સમેન સચિન તેંડુલકર ટેસ્ટ ઈતિહાસનો સૌથી વધુ રન અને સદી ફટકારનારો બેટ્સમેન હોવા ઉપરાંત સૌથી વધુ ટેસ્ટ રમનારો ક્રિકેટર છે. તે ૧૯૮૯થી ૨૦૧૩ સુધીમાં ભારત માટે ૨૦૦ ટેસ્ટ રમ્યો હતો જેમાં તેણે ૧૫૯૨૧ રન અને ૫૧ સદી ફટકારી ચૂક્યો હતો. આ ઉપરાંત વન-ડે ક્રિકેટમાં પણ તે મોખરે રહ્યો હતો. તેણે ઈંગ્લેન્ડ સામે ૩૨ ટેસ્ટમાં ૨૫૩૫ રન અને સાત સદી ફટકારી હતી.

# ફ્રેન્ચ ઓપનમાં સ્વાઇટેકને હરાવી સાબાલેન્કા ફાઇનલમાં



ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં છેલ્લા ત્રણ વર્ષથી ટાઇટલ જીતી રહેલી પોલેન્ડની ઈગા સ્વાઈટેકના દબદબાનો અંત આવ્યો હતો કેમ કે રોલેન્ડ ગેરોસ ખાતે રમાયેલી સેમિફાઇનલમાં મોખરાના ક્રમની આર્યના સાબાલેન્કા સામે તેનો પરાજય થયો હતો. આમ સાબાલેન્કાએ તેની કારકિર્દીમાં પહેલી વાર ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો.

સતત ત્રણ વર્ષની ડિફેન્ડિંગ ચેમ્પિયન પોલેન્ડની ઈગા સ્વાઈટેકના અભિયાનનો અંત આવતાની સાથે જ રોલેન્ડ ગરોસ ખાતે તેના દબદબાનો પણ અંત આવી ગયો હતો. વિશ્વની પ્રથમ ક્રમાંકિત બેલારુસની આર્યના સાબાલેન્કોએ ફિલિપ કાર્ટીયર ટેનિસ કોર્ટ ખાતે રમાયેલી વિમેન્સ સિંગલ્સની પ્રથમ સેમિફાઈનલમાં સ્વાઈટેકને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યો હોવા છતાં અંતે ૭-૬ (૭-૧), ૪-૬, ૬-૦થી હરાવી દીધી હતી.છેલ્લા ૫૦ વર્ષમાં ઓપન યુગમાં સ્વાઈટેક સતત ત્રણ વખત ફ્રેન્ચ ઓપન ગ્રાન્ડસ્લેમ ટાઈટલ જીતનારી પ્રથમ મહિલા ખેલાડી બની હતી. સાબાલેન્કો આ અગાઉ ૨૦૨૩ના ગ્રાન્ડસ્લેમની સેમિફાઈનલ સુધી પહોંચી હતી પરંતુ તેનો કેરોલિના મુચોવા સામે પરાજય થયો હતો.સાબાલેન્કોએ સ્વાઈટેક સામેના બે મુકાબલામાં પ્રથમ વિજય મેળવ્યો છે. સાબાલેન્કો સતત ત્રણ ગ્રાન્ડસ્લેમની ફાઈનલમાં પહોંચનારી પ્રથમ મહિલા ખેલાડી પણ બની છે. આ અગાઉ તે ૨૦૨૪ના યુએસ ઓપન તથા ૨૦૨૫ના ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પણ પહોંચી હતી. બેલારુસની ખેલાડીએ મુકાબલો જીતવા માટે બે કલાક ૧૯ મિનિટનો સમય લીધો હતો.

# ફિફા વર્લ્ડ કપ માટે ઉઝબેકિસ્તાન અને જોર્ડન પહેલી વાર ક્વોલિફાઈ થયા




ઉઝબેકિસ્તાન અને જોર્ડને શુક્રવારે પોતાના ફૂટબોલ ઈતિહાસમાં પ્રથમ વખત ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાઈય કરી લીધું હતું. આ ઉપરાંત સાઉથ કોરિયા પણ ક્વોલિફાઈ થયું છે. એશિયન ફૂટબોલમાં સતત પાવરફુલ બની રહેલા ઉઝબેકિસ્તાને અબુધાબી ખાતે રમાયેલી ક્વોલિફાઈંગ રાઉન્ડની મેચમાં યુનાઈટેડ આરબ અમિરાત (યુએઇ) સામેની મેચ ૦-૦થી ડ્રો કરી હતી અને તે ગ્રૂપ-એમાં બીજા ક્રમે રહેશે. જોકે કતાર સામે ઈરાનનો ૧-૦થી પરાજય થતા ગ્રૂપ-એમાં હજી પણ ટોચનું સ્થાન ખાલી છે.

ઈરાન ઉઝબેકિસ્તાન કરતાં બે પોઈન્ટ આગળ છે અને એશિયન ગ્રૂપની ત્રણમાંથી ટોપ-૨ ટીમ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈય થશે. ગ્રૂપ-બીમાં સાઉથ કોરિયાએ બાર્સા ખાતે ઈરાકને ૨-૦થી હરાવીને સતત ૧૧મી વખત વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ કર્યું છે. મેચના બીજા હાફમાં કિમ જિન યુ અને ઓહ હેયોન યુએ કોરિયા માટે ગોલ કર્યા હતા. આ ગ્રૂપમાં સાઉથ કોરિયાએ જોર્ડન પાસેથી ટોચનું સ્થાન પાછું હાંસલ કરી લીધું છે. જોર્ડને ઓમાન સામે ૩-૦થી વિજય મેળવ્યો હતો.

જોર્ડન માટે અલી ઓલવાને ગોલની હેટ્રિક નોંધાવી હતી. અમેરિકા, કેનેડા અને મેક્સિકોની સંયુક્ત યજમાનીમાં ૪૬ ટીમને સાંકળી લેતો ૨૦૨૬નો ફિફા વર્લ્ડ કપ રમાશે અને યજમાન હોવાના નાતે આ ત્રણેય દેશ આપોઆપ વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ થયા છે. અત્યાર સુધી ઈરાન, જાપાન, કેનેડા અને ન્યૂઝીલેન્ડ પણ ક્વોલિફાઈ કરી ચૂક્યા છે.

ગ્રૂપ-સીમાં જાકાર્તા ખાતે રમાયેલી મેચમાં ચીનનો ઈન્ડોનેશિયા સામે ૧-૦થી પરાજય થયો હતો. આ ગ્રૂપની અન્ય એક મેચમાં અઝીઝ બેહિચે અંતિમ મિનિટે કરેલા ગોલ વડે ઓસ્ટ્રેલિયાએ પર્થ ખાતે અગાઉથી મુખ્ય ડ્રો માટે ક્વોલિફાય કરી ચૂકેલી જાપાનની ટીમને ૧-૦થી હરાવી હતી. ઓસ્ટ્રેલિયા સતત છઠ્ઠી વખત વર્લ્ડ કપ રમવાના આરે પહોંચી ગયું છે અને તેણે જાપાન સામે ૧૬ વર્ષમાં પ્રથમ વિજય હાંસલ કર્યો છે.

# છત્તીસગઢ એક્સપ્રેસમાં મુસાફરી દરમિયાન તત્કાળ મદદના મળતા ભારતીય ક્રિકેટરનું મોત

ભારતમાં ક્રિકેટ અને બોલીવુડ લોકોને સૌથી વધુ પસંદ છે. લોકો ક્રિકેટર અને અભિનેતાને આદર્શ માને છે અને કેટલાક તો તેમની ભગવાનની જેમ પૂજા કરે છે. પરંતુ કયારેક આ ક્રિકેટરો પણ ટ્રોલ થતા હોય છે અને કેટલીક વખત તેમના ચાહકોને કારણે તેઓ મોટી મુસીબતમાં ફસાઈ જાય છે. હાલમાં છત્તીસગઢ એક્સપ્રેસમાં એક ક્રિકેટરનું મુસાફરી દરમિયાન મોત થયું. વધુ દુઃખદ વાત એટલા માટે કે મુસાફરી દરમિયાન ક્રિકેટરની તબિયત લથડી હતી. મદદ માટે અનેક કોલ કરવામાં આવ્યા. પરંતુ સ્ટેશન પર પંહોચે તે પહેલા જ ખરાબ તબિયતને પગલે ક્રિકેટરનું ટ્રેનમાં જ મોત નિપજયું.પંજાબના દિવ્યાંગ ક્રિકેટર વિક્રમ સિંહ બુધવારે રાત્રે હઝરત નિઝામુદ્દીન સ્ટેશનથી છત્તીસગઢ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી



કરી રહ્યા હતા. ગ્વાલિયર એક વ્હીલચેર ક્રિકેટ ટુર્નામેન્ટ માટે વિક્રમસિંહ ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન ટ્રેનમાં જ અચાનક વિક્રમસિંહની તબિયત બગડી. ટ્રેનમાં હાજર તેમના સાથી ક્રિકેટરોએ વિક્રમને બચાવવા પ્રયાસ કર્યા. પરંતુ તેમની તબિયત વધુ ગંભીર બનતા સાથી ક્રિકેટરોએ તાત્કાલિક રેલ પ્રસાસનનો સંપર્ક કર્યો.વિક્રમસિંહના સાથીદારનું કહેવું છે કે અમે ટ્રેનમાં ચઢયા બાદ ત્યારથી તેમને તીવ્ર દુખાવો થવા લાગ્યો હતો. પહેલા તેમને પ્રાથમિક ધોરણે મદદ કરવા પ્રયાસ કર્યો હતો. પરંતુ તબિયત વધુ ગંભીર બનતા સવારે ૪:૫૮ વાગ્યે રેલ્વે હેલ્પલાઈન પર તાત્કાલિક તબીબી સહાયની માંગણી માટે એક ઈમરજન્સી કોલ કર્યો હતો. તે અમારી નજર સામે દુઃખાવાથી પીડાઈ રહ્યો હતો અને મદદ માટે અનેક ઈમરજન્સી કોલ કર્યા છતાં પરિણામ શૂન્ય. ટ્રેન પણ મથુરા સ્ટેશન મોડી પહોંચી અને તેને હોસ્પિટલમાં લઈ જઈએ તે પહેલા જ ટ્રેનમાં અમારા મિત્રનો જીવ ગયો. તેમની મદદ માટે ઘણા ઈમરજન્સી કોલ કરવામાં આવ્યા હતા. છતાં સમસયસર તબીબી મદદ ના મળવાના કારણે ક્રિકેટર વિક્રમસિંહનું મૃત્યુ થયું.

# વિરાટના ટેસ્ટ ક્રિકેટ સંન્યાસ વિશે શું બોલ્ય માઇકલ કલાર્કે ?



ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ખેલાડી અને કપ્તાન માઈકલ કલાર્કે વિરાટ કોહલીની ટેસ્ટ ક્રિકેટ નિવૃતિ અંગે એક એવું નિવેદન આપ્યું છે, જેનાથી ભારતીય ક્રિકેટ રસિકોમાં એક આશ્ચર્યનું મોજુ ફરી વળ્યું છે.

ભારતીય ક્રિકેટ ટીમના સૌથી અનુભવી અને મહાન ખેલાડી એવા વિરાટ કોહલીએ હમણાં થોડા સમય પહેલા જ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે. વિરાટ કોહલીએ અચાનક લીધેલા નિવૃત્તિના આ નિર્ણયથી તેમના ચાહકોને તેમને ચોંકાવી દીધા હતા. જો કે ઓસ્ટ્રેલિયાના પૂર્વ કપ્તાન માઈકલ ક્લાર્ક નું માનવું છે કે વિરાટ કોહલી તેમના આ નિર્ણય ઉપરથી પાછા ફરી શકે એમ છે, પરંતુ આ બસ એક જ પરિસ્થિતિમાં થઈ શકે એમ છે.

માઈકલ ક્લાર્કનું માનવું છે કે જો ટીમ ઈન્ડિયા ઈંગ્લેન્ડની સામે ૫-૦થી ટેસ્ટ સીરીઝ હારી જાય છે, તો વિરાટ કોહલી જેમને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી છે, અને તે તેમના નિર્ણય પરથી પાછા ફરી શકે એમ છે. માઈકલ ક્લાર્કે ત્યાં સુધી કીધું કે વિરાટ કોહલી હજી પણ ટેસ્ટ ક્રિકેટથી ખૂબજ પ્રેમ કરે છે, અને ટેસ્ટ ક્રિકેટમાં તેમનો અનુભવ ખૂબ જ સારો છે. જોકે આ વાત કર્યા પછી માઈકલ ક્લાર્કે એવું પણ કહ્યું કે ભારતીય ટીમમાં બીજા પણ ખૂબજ સારા ખેલાડીઓ છે. ભારતીય ટીમ ઈંગ્લેન્ડની સામે જીતી શકે એમ છે.

વિરાટ કોહલી એ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાંથી જ્યારે સંન્યાસ લીધો તેના થોડા સમય પહેલાજ ભારતીય ક્રિકેટ જગતના સૌથી સ્ફોટક ખેલાડી રોહિત શર્માએ પણ ટેસ્ટ ક્રિકેટ ફોર્મેટ ને અલવિદા કહ્યું હતું. આ બંને મહાન ખેલાડીઓએ પોતાની આગવી રમતથી ભારતીય ટેસ્ટ ક્રિકેટને એક ઊંચા સ્થાન સુધી પહોંચવામાં મદદ કરી હતી. આ બંનેની ગેરહાજરી વિરોધી ટીમના બોલરો ઉપર એક માનસિક દબાવ વધારવામાં સફળ રહેતી હતી.

# યુટીટીમાં અમદાવાદની અયહિકા મુખરજીનું ચેન્નાઇ સામે શાનદાર પ્રદર્શન



અયહિકા મુખર્જીના શાનદાર પ્રદર્શનની મદદથી અમદાવાદ એસજી પાઈપર્સે ઈન્ડિયન ઓઈલ અલ્ટિમેટ ટેબલ ટેનિસ સિઝન-૬માં પોતાનો પ્રથમ વિજય હાંસલ કર્યો હતો. અમદાવાદની ટીમે સ્ટેનલીઝ ચેન્નાઈ લાયન્સને ૮-૭થી રોમાંચક મેચમાં હરાવી હતી. અમદાવાદ ટીમ માટે રિકાર્ડો વોલ્થરે પાયસ જૈન સામે ૩-૦ની જીત સાથે પ્રારંભ કર્યો હતો.

ત્યાર બાદ અયહિકા મુખર્જીએ પોયમંતી બૈસ્યાને ૨-૧થી નિર્ણાયક ગેમ ગોલ્ડન પોઈન્ટ સાથે હરાવી હતી. જે પછી રિકાર્ડો/અયહિકાની જોડીએ ગેરાસિમેન્કો/પોઈમંતીની જોડીને ૨-૧ (૧૧-૨, ૧૧-૬, ૭-૧૧)થી મહાત આપી હતી. જોકે આ મેચ બાદ ચેન્નાઈ લાયન્સે કમબેક કર્યું અને ગેરાસિમેન્કોએ સ્નેહિત સુરવાજુલ્લાને ૨-૧થી મહાત આપી હતી. પરંતુ સ્નેહિતની બીજી ગેમમાં જીતે અમદાવાદને વિજયી દિશા આપી હતી. ફેન સિકીએ જ્યોર્જિયા પિકોલીન સામે ૩-૦થી ક્લિન સ્વીપ કરતા અમદાવાદ એસજી પાઈપર્સને ૮-૭થી જીત અપાવી હતી. અયહિકા ઈન્ડિયન પ્લેયર ઓફ ધ ટાઈ રહી હતી, જ્યારે વોલ્થરે શ્રેષ્ઠ વિદેશી ખેલાડીનો એવોર્ડ જીત્યો. ફેન સિકીએ શૉટ ઓફ ધ ટાઈનો એવોર્ડ પોતાના નામે કર્યો હતો.

# શહેરી જનસુખાકારી વધુ સુવિધાયુક્ત બનાવવાનો મુખ્યમંત્રી નો અભિગમ

## એક સાથે એક જ દિવસમાં ૧૭૦૦ કરોડ રૂપિયાથી વધુના કામોની સૈધ્ધાંતિક મંજૂરી આપતા મુખ્યમંત્રી

સુરત, તા.૭

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકાર દ્વારા ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫માં શહેરી જન સુખાકારી વધુ સુવિધાસભર બનાવવાનો મહત્વપૂર્ણ અભિગમ અપનાવ્યો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ ૯ નવરચિત મહાનગર પાલિકાઓ, ૫ નગર પાલિકાઓ અને અમદાવાદ તથા ગાંધીનગર મહાનગર પાલિકાઓમાં વિવિધ વિકાસ કામો માટે એક સાથે એક જ દિવસમાં ૧૭૦૦.૫૭ કરોડ રૂપિયા થી વધુના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે અસરકારક અને આયોજનબદ્ધ શહેરી વ્યવસ્થાપનની શરુઆત ૨૦૦૫માં શહેરી વિકાસ વર્ષની ઉજવણીથી કરી હતી.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી શરૂ થયેલી રાજ્યના શહેરી વિકાસની બે દાયકાની સફળતાની આ યાત્રા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં આગળ ધપાવીને શહેરી પરિવેશમાં પરિવર્તન તેમજ નાગરિકોના સશક્તિકરણને સમય અનુરૂપ દિશા આપવા ૨૦૨૫નું વર્ષ શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગત ૨૭મી મેના રોજ આ શહેરી વિકાસ વર્ષ ની ઉજવણીનો પ્રારંભ કરાવતા શહેરોને આર્થિક પ્રવૃત્તિઓના ગતિશીલ કેન્દ્રો બનાવવાના આપેલા વિઝનને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૧૭૦૦.૫૭ કરોડ થી વધુ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપીને સાકાર કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકાસ કામો માટે મંજૂર કરેલી આ રાશિમાંથી અમદાવાદ મહાનગર પાલિકાને ૫૪૯ કરોડ, ગાંધીનગરને ૩૨ કરોડ તેમજ નવરચિત મહાનગર પાલિકાઓમાં આણંદ ૧૪૮ કરોડ, મોરબી ૨૭૦.૦૮ કરોડ, સુરેન્દ્રનગર ૨૫૭.૬૦ કરોડ, નડિયાદ ૭૧.૯૧ કરોડ તથા વાપી ૨૫૧.૯૧ કરોડ અને નવસારીને ૯૦.૩૫ કરોડ રૂપિયા મળશે. આ ઉપરાંત વડનગર નગર પાલિકાને ૧૯.૩૭ કરોડ, હિંમતનગરને ૭.૩૩ કરોડ, સિદ્ધપુરને ૩.૭૪ કરોડ, હળવદને ૪.૦૨ કરોડ અને ભરૂચ નગર પાલિકાને ૮૫.૫૨ લાખ રૂપિયા વિકાસ કામો માટે પ્રાપ્ત થશે. મુખ્યમંત્રીશ્રીએ સ્ટ્રીટલાઈટ, સોલાર સુવિધા, સિટી બ્યુટીફિકેશન, ડેવલપમેન્ટ ઓફ પબ્લિક ગાર્ડન, ડ્રેનેજ, ટ્રાફિક સર્કલ, રેન વોટર હાર્વેસ્ટિંગ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ લાઈન, સિટી સિવિક સેન્ટર, ફાયર ઉપકરણો વગેરે મળીને આંતરમાળખાકીય સુવિધાના ૨૪૭ જેટલા કામો ૯ નવરચિત મહાનગર પાલિકાઓમાં હાથ ધરવા માટે ૯૭૯.૨૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રોડ નવીનીકરણ, રીસરફેસિંગ, વ્હાઈટ ટોપિંગ તથા ૬૦ ફુટથી મોટા માર્ગોના રિપેરિંગ માટે તેમણે આણંદ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબીની નવરચિત મહાનગર પાલિકાઓ તેમજ અમદાવાદ અને ગાંધીનગર મહાનગર પાલિકા માટે કુલ ૬૫૨.૭૮ કરોડ રૂપિયાના કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

# બોગસ ડીગ્રી કેસમાં આરોપીના જામીન મંજૂર કરતી સેશન્સ કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૭

બોગસ ડોક્યુમેન્ટથી ડોક્ટરી ડિગ્રી બનાવવાના કેસમાં સંડોવાયેલા ડિંડોલીના વિજય બોરોલેના જામીન ગાંધીનગર સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા. . ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વિજય નામદેવ બોરોલે(ઉ.વ.૫૦, રહે.કૃષ્ણકુંજ સોસા., ઓમનગર ખરવાસા રોડ પાસે,ડિંડોલી) વિરૂદ્ધ ઠગાઈ, બોગસ દસ્તાવેજ અને ધી ગુજરાત હોમિયોપેથીક એક્ટની વિવિધ કલમો હેઠળ વર્ષ ૨૦૨૦માં ગુનો નોંધાયો હતો. ત્યારથી આ આરોપી વિજય બોરોલે ફરાર હતો. સુરત એસઓજીએ બાતમીના આધારે આ આરોપી વિજય બોરોલેને માનદરવાજા બાખડ મહોલ્લો બોરોલે ક્લીનીક પાસેથી ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેની પુછપરછ કરતા બોગસ ડીગ્રીના કેસમાં પકડાયેલા એક આરોપીને વિજયે બોગસ ડિગ્રી સર્ટી બનાવી આપી હતી તેવી તેણે કબુલાત કરી હતી. જેથી પોલીસે વિજયની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા તેનો કબજો ગાંધીનગર સીઆઈડી ક્રાઈમને સોંપ્યો હતો. જેલમાં બંધ વિજય બોરોલેએ જામીન ઉપર મુક્ત થવા વકીલ રહીમ શેખ અને એસ.એ.ખાન મારફતે ગાંધીનગર સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી.જે કોર્ટે મંજુર કરી હતી.



# વાગરામાં હિન્દાલ્કો દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

અંકલેશ્વર, તા.૭

ભારતનો પ્રથમ ઇ-વેસ્ટ અને સેકન્ડરી કોપર રિસાયક્લિંગ પ્રોજેક્ટ વાગરા સ્થિત પખાજન ખાતે શરૂ થયો છે. હિન્ડાલ્કોએ "પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત" થીમ સાથે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી છે. આ કાર્યક્રમ પર્યાવરણ સંરક્ષણ, નિવારણ અને પ્રદૂષણ નિયંત્રણ અંગે શપથ સાથે શરૂ થયો છે. પ્રમુખ અને યુનિટ હેડ શ્રી કૌશિક વકીલે સભાને સંબોધિત કરી હતી અને પ્લાસ્ટિક કેરી બેગને બદલે શણની થેલીનો ઉપયોગ અને તેને રોજિંદા જીવનમાં અપનાવવા વિશે જણાવ્યું હતું. તેમણે રિસાયક્લિંગ પ્રોજેક્ટની વિશિષ્ટતા અને ગ્રીન પહેલ વિશે પણ માહિતી આપી હતી. જેમ કે વિશ્વ કક્ષાની પ્રક્રિયા ટેકનોલોજી, પર્યાવરણ વડા ડૉ. સંજય કુમારે સિંગ એ હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા અપનાવવામાં આવેલી ગ્રીન પહેલ વિશે મેનેજિંગ ડિરેક્ટર શ્રી સતીશ પાઈનો સંદેશ આપ્યો હતો. રિસાયક્લિંગ પ્રોજેક્ટે પખાજન ગામમાં પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ પણ યોજ્યો હતો અને પખાજન ગામના તમામ રહેવાસીઓને શણની થેલીઓ અને રોપાઓનું વિતરણ કર્યું હતું.




# યુપીએલ યુનિવર્સિટીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

## વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ અંગે કવિતાઓ રજૂ કરાઈ

અંકલેશ્વર, તા.૭

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજીએ, ૨ જૂન ૨૦૨૫ ના રોજ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) ના સહયોગથી, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી પૂર્વે એક ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં પર્યાવરણીય જાગૃતિ અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો હતો. ઉજવણીના ભાગ રૂપે અનેક અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. મુખ્ય હાઈલાઈટ્સમાંની એક વૃક્ષારોપણ ઝુંબેશ હતી, જેમાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને GPCB ના પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હરિયાળા આવરણને વધારવા અને પર્યાવરણીય જવાબદારીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટી કેમ્પસમાં ઘણા છોડ રોપવામાં આવ્યા હતા. ડિપ્લોમા, B.E. અને M.E. ના વિદ્યાર્થીઓ માટે એક જાગૃતિ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો જેમાં વિદ્યાર્થીઓએ પર્યાવરણ પર તેમના મંતવ્યો અને કવિતાઓ રજૂ કરી હતી અને ફેકલ્ટી દ્વારા ભાષણ આપવામાં આવ્યું હતું અને GPCB ના પ્રાદેશિક અધિકારી શ્રી વી.ડી. રાખોલિયા એ યુવા પર્યાવરણવાદીઓને પર્યાવરણ અને ટકાઉપણું તરફ બળ પ્રેરિત કરવા માટે નાના-નાના પ્રયાસો કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

# આરતી ઈન્ડસ્ટ્રીઝ ૨૧ હજારથી વધુ વૃક્ષોનું ગાઢ જંગલ સાકાર કરશે

## જીપીસીબીના આર.ઓ વી.ડી. રાખોલીયાના હસ્તે વૃક્ષારોપણ

અંકલેશ્વર, તા.૭

વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ ની અર્થપૂર્ણ ઉજવણી ના ભાગ રૂપે આરતી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આજરોજ તા. ૦૬ જૂન ૨૦૨૫ ના રોજ ઝઘડીયા ખાતે ૨૧૦૦૦ વૃક્ષો નું ગાઢ જંગલ રૂપ વૃક્ષારોપણ નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે અંકલેશ્વર જી.પી.સી.બી. ના રીજિયનલ ઑફિસર શ્રી વી. ડી. રાખોલિયા સાહેબ એ રીબીન કાપી આ પહેલ ની શુભ શરૂઆત કરી હતી. તદુપરાંત આર.ઓ. સાહેબ અને આરતી ઈન્ડસ્ટ્રીઝ ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરી ને આ શુભ કાર્ય માં ચાર ચાંદ લગાડી દીધા હતા.દેશ ની અગ્રણી કેમિકલ મેન્યુફેક્ચર ગણાતી અને ઝઘડીયા જી.આઈ.ડી.સી. ખાતે કાર્યરત 'આરતી ઈન્ડસ્ટ્રીઝ' કંપની દ્વારા ઝઘડીયા ખાતે દધેડા ગામ ના રેવન્યુ સર્વે નંબર ૧૨૩ અને ૧૦૯, ખાતે આ 'અલ્ટ્રા ડેન્સ ફોરેસ્ટેશન' એટલે કે 'ગાઢ જંગલ' સ્વરૂપ વૃક્ષારોપણ ની પહેલ કંપની ના પર્યાવરણ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. સાડા પાંચ (૫.૫) એકર જેટલા વિસ્તાર માં ફેલાયેલ આ વૃક્ષારોપણ માં જુદી જુદી જાત ના ૨૧૦૦૦ જેટલા વૃક્ષો નું રોપાણ અને જતન કરવામાં આવશે જે થોડા વર્ષો માં જી.આઈ.ડી.સી. ની વચ્ચોવચ જંગલ સમાન વાતાવરણ ઉભુ કરે એવી ભાવના થી સમાજ ને સોંપવામાં આવ્યું છે. પર્યાવરણીય પુનર્જીવન માટે આ નોંધપાત્ર પહેલ સ્વાવલંબી જંગલ ઉભુ કરી જૈવ વિવિધતા માં વધારો કરે, હવા ની ગુણવત્તા સુધારે અને આવનારી પેઢી ના ઉજજવળ ભવિષ્ય માં ફાળો આપે એવા વિશ્વાસ સાથે આરતી ઈન્ડસ્ટ્રીઝ દ્વારા આજરોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# ગ્રામ પંચાયતની ચૂંટણી અંગે નોડલ ઓફિસરો માટે તાલીમ યોજાઈ

## સુરત કલેક્ટર કચેરીમાં તાલીમી કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૭

આગામી તા. ૨૨મી, જૂનના રોજ યોજાનારી ગ્રામ પંચાયતની સામાન્ય/ મધ્યસત્ર/ પેટાચૂંટણીઓને અનુલક્ષીને સુરત જિલ્લામાં યોજાનારી ગ્રામપંચાયતની ચૂંટણી અંતર્ગત કલેકટર કચેરીના સભાખંડમાં નોડલ અધિકારીઓની તાલીમ યોજવામાં આવી હતી.

જિલ્લા કક્ષાના માસ્ટર્સ ટ્રેનર્સ અને કામરેજ પ્રાંત વી.કે. પીપળીયા અને જિલ્લા કક્ષાના માસ્ટર્સ ટ્રેનર અને ઓલપાડ પ્રાંત અધિકારીશ્રી પાર્થ તલસાણિયાએ નોડલ અધિકારીઓને તાલીમ આપી હતી. તાલીમ દરમિયાન માસ્ટર્સ ટ્રેનરોએ ચૂંટણી દરમિયાન કરવાની થતી વિવિધ કામગીરીને અનુલક્ષીને તલસ્પર્શી જાણકારી આપી હતી.

તાલીમ દરમિયાન આદર્શ આચારસંહિત અમલીકરણ અંતર્ગત કરવાની થતી કામગીરી, મેનપાવર મેનેજમેન્ટ, કાયદો અને વ્યવસ્થા, મટિરિયલ મેનેજમેન્ટ, બેલેટપેપર અને પોસ્ટલ બેલેટ, મીડીયા મેનેજમેન્ટ સહિતના વિવિધ મુદ્દે ગહન તાલીમ આપવામાં આવી હતી.

આ ઉપરાંત ચૂંટણી દરમિયાન ઉપયોગમાં લેવામાં આવનારા નિયત નમૂનાના વિવિધ પત્રકો અંગે ચર્ચા કરતા ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારી/કર્મચારીઓને આ અંગે ગહન સમજ આપવા પર તેઓએ ભાર મુકયો હતો. બેઠકમાં તમામ નોડલ અધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ અને સંબંધકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સગીર અને ચાર મહિનાની સગર્ભા પીડિતાના આરોપીની ધરપકડ કરાઈ

(પ્રતાપ પ્રતિનિધિ),સુરત,,તા.૦૭

ઉમરવાડા વિસ્તારમાં રહેતી અને ચાર મહિનાની સગર્ભા પીડિતાના આરોપીની પોલીસે ધરપકડ કરી હતી. પોલીસે ગુના વખતના કપડા લતા પણ કબજે કર્યા હોવાનું પુણા પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર દેસાઈએ જણાવ્યું હતું. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉમરવાડા ખાતે રહેતી માત્ર ૧૫ વર્ષની કિશોરી સોશિયલ મીડિયા મારફતે ઘર પાસે જ રહેતા પડોશી યુવકના સંપર્કમાં આવી હતી બંને વચ્ચે અવારનવાર વાતચીત થયા બાદ યુવકે તેને મળવા માટે ઘર પાસે આવેલ ખાડી કિનારે બોલાવી હતી. જ્યાં તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. ત્યારબાદ અવારનવાર કિશોરીને ખાડી કિનારે મળવા બોલાવી છેલ્લા આઠ મહિનાના સમયગાળા દરમિયાન અવારનવાર શારીરિક સંબંધો બાંધતા કિશોરી ગર્ભવતી બની ગઈ હતી.જાકે સગીરાની તબિયત બગડતા સમગ્ર મામલો સામે આવ્યો હતો.હાલ સગીરાને ચાર માસનો ગર્ભ હોવાનુ સામે આવ્યુ હતું. ઉમરવાડા વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષીય કિશોરી સોશિયલ મીડિયાના ઈન્સ્ટાગ્રામ મારફતે આઠ મહિના પહેલા ઉમરવાડા રાજીવનગર ઝુપડપટ્ટીમા રહેતો પંકજકુમાર બચ્ચન લાલ સરોજ ના સંપર્કમાં આવી હતી. બંને વારંવાર ઈન્સ્ટાગ્રામમાં વાત કરતા હતા. ત્યારબાદ બંને વચ્ચે મોબાઈલ નંબરની આપ-લે થતાં બંને અવારનવાર ફોન પર પણ વાત કરતા હતા.

આ દરમિયાન આઠ મહિના પહેલા પંકજ કુમારે કિશોરીને મળવા માટેસોસાયટીની બાજુમાં આવેલી ખાડી કિનારા વાળા રસ્તે સાંજના સમયે બોલાવી હતી. ત્યાં તેની સાથે વાતચીત કર્યા બાદ શારીરિક સંબંધ બાંધી પોતાની હવસપુરી કરી હતી. પુણા પોલીસે બળાત્કારનો ગુનો નોધી આરોપી પંકજકુમાર સરોજની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી તેને અદાલતે લાજપોર જયુડીસીએલ કસ્ટડીમાં મોકલી આપવાનું હુકમ કર્યો હતો.

### સમસ્યા

પહેલા પાનાનું ચાલુ

આવી હતી. અરજદાર ખુદ જ આ કેસમાં માહિતી આપનાર છે. આ ઘટના રસ્તાને લઈને થયેલા વિવાદથી થઈ હોવાનું લાગે છે.

અદાલતે આરોપીઓને આઠ હપ્તામાં શરણે થવાનો નિર્દેશ કર્યો છે. આ આદેશ પીડિતના પુત્રની અરજી પર આવ્યાં, જેમાં આરોપીઓને અપાયેલા આગોતરા જામીનને પડકારવામાં આવ્યા હતા. ૨૦૨૩માં હુમલામાં પીડિતને લોખંડના સળિયા અને ડંડાથી પડોશીઓ વચ્ચે થયેલ મારામારીમાં ઘાયલ કરતા મોત થયું હતું.

### અમેરિકામાં

પહેલા પાનાનું ચાલુ

શેર કરતા કહ્યું કે લોકોજ હવે નવો રાજકીય પક્ષ ઈચ્છે છે.અમેરિકાને એક એવા નવા પક્ષની જરૂર છે જે ૮૦% લોકોના અવાજ બને. તેઓએ આ માટે 'ધ અમેરિકા પાર્ટી' જેવું નામ પણ રજુ કર્યુછે. આમ હવે તેમાં રાજકીય રીતે પણ ટ્રમ્પને પડકારે તેવા સંકેત છે. દુનિયાના સૌથી શક્તિશાળી ગણતા અમેરિકાના પ્રમુખ અને દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ તરીકે સતત નંબર વન પર રહેલા એલન મસ્કની આ ટકકર હવે ખરેખર રીતે આગળ વધે છે કે કેમ તેના સૌની નજર છે.બીજી તરફ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હવે મસ્ક માટે કંઈ કહેવુ નથી તેવુ કહીને એ સંકેત આપી દીધો હતો કે તેઓ હવે મસ્કની કંપનીઓને નિશાન બનાવે છે. ટેસ્લા જે ઈલેક્ટ્રીક કાર બનાવે તેમાં અમેરિકા સરકારની જંગી સબસીડી છે અને મસ્કના અનેક સાહસોમાં અમેરિકી સરકાર સાથે ૧૦૦ જેટલા કોન્ટ્રાક ધરાવે છે જેની કિંમત અબજોમાં થવા જાય છે.

સ્પેસ એકસ મીશન પુરી રીતે નાસાના સહયોગ પર ચાલે છે અને તેમાં ૨૨ બીલીયન ડોલરના કોન્ટ્રાકટ છે. જો કે વ્હાઈટ હાઉસના પ્રવકતાએ કહ્યું કે પ્રમુખ ટ્રમ્પ હવે મસ્કની કોઈ ચિંતા કરતા નથી અને તેઓ પોતાના આર્થિક કાર્યક્રમમાં આગળ વધે છે.

બીજી તરફ ટ્રમ્પે એ પણ સંકેત આપ્યો છે કે તેઓએ હાલમાંજ જે રીતે ટેસ્લા કાર ખરીદી હતી તે પણ વેચી નાખવા વિચારે છે. આમ બન્ને આક્રમક અને પુરા શક્તિશાળી વ્યકિતત્વની ટકકરમાં હવે મસ્કની કંપનીઓને કેટલું આર્થિક નુકસાન જાય છે તેના પર પણ ગણતરી શરૂ થઈ છે.

### અરૂણાચલમાં સુરક્ષાદળો

પહેલા પાનાનું ચાલુ

સહિત અન્ય વિવિધ નાગા સંગઠનો સાથે શાંતિ વાટાઘાટો ચાલી રહી હોવા છતાં NSCN (K-YA) જૂથ સરહદ પાર કામગીરીમાં સક્રિય રહ્યું છે.દરમિયાન, ૧૪ મેના રોજ, દક્ષિણ મણિપુરના ચંદેલ જિલ્લામાં આસામ રાઈફલ્સ સાથે અથડામણ દરમિયાન ૧૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. આ જિલ્લો મ્યાનમાર સાથે સરહદ વગરનો છે. ઘટનાસ્થળેથી શસ્ત્રો અને દારૂગોળોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.આ કળશમાં સાત છદ્ધ-૪૭ રાઈફલ્સ, એક રોકેટ-પ્રોપેલ્ડ ગ્રેનેડ લોન્ચર, એક સ્૪ રાઈફલ, ચાર સિંગલ-બેરલ બ્રીચ-લોડિંગ રાઈફલ્સ, દારૂગોળો અને અન્ય યુદ્ધ સામગ્રીનો સમાવેશ થાય છે.૨૭ એપ્રિલના રોજ, અરુણાચલ પ્રદેશના લોંગડિંગ જિલ્લામાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલી ભીષણ અથડામણમાં NSCN (K-YA) જૂથના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. દરમિયાન, સેના અને આસામ રાઈફલ્સે આસામ પોલીસ સાથે મળીને આસામના ચરાઈદેવ જિલ્લામાંથી NSCN (K-YA) ના એક વોન્ટેડ ટોચના કેડરની ધરપકડ કરી હતી. NSCN (K-YA) એ અગાઉ જાહેર ક્ષેત્રની તેલ કંપની ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (OIL) ને ૨૦ લાખ રૂપિયાની ખંડણીની નોટિસ આપી હતી. આ નોટિસ પર સંગઠનના સ્વ-શૈલીવાળા મેજર થા આંગ દ્વારા સહી કરવામાં આવી હતી અને તેને અરુણાચલ પ્રદેશના ચાંગલાંગ જિલ્લામાં સ્થિત OIL ની માનભૂમ ઓફિસમાં મોકલવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૯ એપ્રિલના રોજ આસામના પહાડી દિમા હાસાઓ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણ દરમિયાન નેશનલ સોશિયાલિસ્ટ કાઉન્સિલ ઓફ નાગાલેન્ડ (NSCN) ના ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા.

### વસતિ

પહેલા પાનાનું ચાલુ

વિશે સવાલ થતા હતા. આ વખતે ફ્રી-ડીશ, ડીટીએચ કે કેબલ કનેકશન વિશે સવાલ કરવામાં આવશે.

આ સિવાય પ્રથમ વખત એસીડ એટેકનો શિકાર બનેલા લોકોની પણ અલગથી ગણતરી કરવામાં આવશે. આ સિવાય જ્ઞાનતંતુના જટિલ રોગ ધરાવતા લોકો તથા બ્લડ ડીસઓર્ડર ધરાવતા લોકોની પણ અલગથી ગણતરી કરવામાં આવશે. આ ઉપરાંત હિજરતી લોકોની વસતી ગણતરી કરવા સાથે તેનું કારણ ચકાસવા કુદરતી આફતોની પણ ચકાસણી થશે.

### ટુલેન

પહેલા પાનાનું ચાલુ

તેને ધ્યાને રાખીને આ છુટ અપાય છે. ટોલટેકસમાં રાહત આપવાની નીતિમાં જોગવાઈ છે.અને તે મુજબ ટુ-લેનને ફોરલેનમાં અપગ્રેડ કરવાના પ્રોજેકટ વખતે પણ આ રાહત આપવામાં આવશે સરકાર તરફથી લીલીઝંડી મળતા જ આ ઘટાડો લાગુ થશે.

### મધ્ય એશિયાઈ

પહેલા પાનાનું ચાલુ

ખૂબ મહત્વ આપે છે. પરસ્પર પ્રગતિ અને સમૃદ્ધિ માટે વેપાર, કનેક્ટિવિટી, ઉર્જા, ફિનટેક, ખાદ્ય સુરક્ષા અને આરોગ્યમાં અમારા સહયોગને વધુ ગાઢ બનાવવા માટે સાથે મળીને કામ કરવા માટે આતુર છીએ. અમે આતંકવાદ સામેની અમારી સામૂહિક લડાઈમાં દ્દઢ છીએ."

પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) અનુસાર, મધ્ય એશિયાના વિદેશ મંત્રીઓએ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની "સખત નિંદા" કરી અને સરહદ પાર આતંકવાદ સામે ભારતની લડાઈને સમર્થન આપ્યું.

પ્રધાનમંત્રી મોદીએ ભારતમાં યોજાનારી બીજી ભારત-મધ્ય એશિયા સમિટ માટે તમામ મધ્ય એશિયાઈ દેશોના નેતાઓને આમંત્રણ પણ આપ્યું.

ભારત-મધ્ય એશિયા સંવાદ એ ભારત અને મધ્ય એશિયાઈ દેશો તરફથી મિત્રતા, વિશ્વાસ અને પરસ્પર સમજણની ભાવનામાં વધુ ગાઢ, વ્યાપક અને મજબૂત ભાગીદારી બનાવવા માટે પરસ્પર હિતની અભિવ્યક્તિ છે.

### મુર્શિદાબાદ

પહેલા પાનાનું ચાલુ

બનાવવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન સ્થાનિક પોલીસ સંપૂર્ણપણે નિષ્ક્રિય રહી. પીડિતોએ ઘણી વખત પોલીસને ફોન કર્યો, પરંતુ કોઈ મદદ મળી નહીં.

હકીકતમાં, ૧૭ એપ્રિલના રોજ, હાઈકોર્ટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરી હતી. તેમાં રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ, પશ્ચિમ બંગાળ માનવ અધિકાર આયોગ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના એક-એક સભ્યનો સમાવેશ થતો હતો.

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી.વી. આનંદ બોઝે ૪ મેના રોજ મુર્શિદાબાદ રમખાણો અંગે ગૃહ મંત્રાલયને એક અહેવાલ સુપરત કર્યો હતો. તેમાં કટ્ટરવાદ અને ઉગ્રવાદને પશ્ચિમ બંગાળ માટે એક મોટો ખતરો ગણાવ્યો હતો. રાજ્યપાલે કહ્યું હતું કે બંગાળ બેવડા ખતરાનો સામનો કરી રહ્યું છે, ખાસ કરીને બાંગ્લાદેશની સરહદે આવેલા મુર્શિદાબાદ અને માલદા જિલ્લામાં, કારણ કે અહીં હિન્દુ વસ્તી લઘુમતી છે. તેમણે ઉત્તર દિનાજપુરને એક સંવેદનશીલ જિલ્લો પણ ગણાવ્યો હતો.

### સુરત શહેરમાં

પેજ-૨ પાનાનું ચાલુ

પુરુષ, રહેઠાણ- અઠવાલાઈન્સ, જેઓ નિવૃત છે. તેઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે. તેમને ડાયાબિટીસની તકલીફ છે. (૮) ૪૧ વર્ષીય સ્ત્રી, રહેઠાણ – સિટીલાઈટ, જેઓ ગૃહિણી છે.તેઓ હાલમાં હોમ આઈસોલેશનમાં છે અને તેમની તબિયત સ્થિર છે.સદર દર્દીઓનું સેમ્પલ સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જીનોમ સિકવન્સિંગ માટે GBRC, ગાંધીનગર ખાતે મોકલવામાં આવેલ છે.

### ઉત્થાન ચેરીટેબલ

પેજ-૨ પાનાનું ચાલુ

અભિનંદન પાઠવ્યા હતા ત્યારબાદ સંસ્થાની બહેનોએ વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે હાજર મહાનુભાવોને તુલસીના રોપા આપી સન્માન કર્યું હતું સંસ્થા

દ્વારા ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને નોટબુક તેમજ દફતર વિતરણ કરવામાં આવ્યું હતું. હાજર મહાનુભાવો એ વિદ્યાર્થીઓને અભિનંદન આપી સંસ્થાની કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમનું સંચાલન ઈશા મેવાડા વૈશાલી ચંદેલ અમિતા રાણા કૈલાશબેન રાણા હેમલતા ચંદેલ સોનલ રાણા વગેરે કર્યું હતું. કાર્યક્રમના અંતે તુલસીના રોપાનું વિતરણ વિનામૂલ્ય કરવામાં આવ્યું હતું

### ચેમ્બર કોમર્સ

પેજ-૨ પાનાનું ચાલુ

ચેરપર્સન તરીકે શ્રીમતી મયુરીબેન મેવાવાલાની જાહેરાત કરી હતી. શ્રી નિખિલ મદ્રાસીએ સર્વેનો આભાર વ્યક્ત કરી ચેમ્બરના પ્રમુખપદનો સ્વીકાર કર્યો હતો. તેમણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, ચેમ્બર અને સરકાર એ વ્યાપાર ઉદ્યોગના વિકાસ માટે સિકકાની બે બાજુ કહી શકાય. સરકાર દ્વારા હાથ ધરાયેલા મહત્વાકાંક્ષી પ્રોજેકટ્સમાં ચેમ્બર તેનું શકય યોગદાન આપશે અને વેપાર ઉદ્યોગનું પ્રતિનિધિત્વ કરી જરૂરી રજૂઆતો કરશે અને સાથે મળી જ્યાં પણ શકય બનશે જવાબદારી લઈ પૂરક બનવાનો પ્રયાસ કરશે. ચેમ્બરના જે મંચ પરથી વ્યાપાર ઉદ્યોગની વિકાસલક્ષી પ્રવૃત્તિ હાથ ધરવામાં આવશે તેમાં સરકારના સહયોગ માટે પ્રયાસ કરાશે, જેથી બંને પક્ષે વધુ સારું અને સરળતાથી કામો થઈ શકે. સમગ્ર કાર્યકાળ દરમ્યાન ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં વેલ્યુ એડીશન અને નિકાસલક્ષી આયામો જેમ કે ગારમેન્ટ, હાઈ વેલ્યુ આઈટમ અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ્સ તથા આ ક્ષેત્રમાંથી નિકાસ વધે તે માટે ફોકસ રહેશે. નવસારી નજીક બનનાર પી.એમ. મિત્રા પાર્ક ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ માટે ગેઈમ ચેન્જર બની રહેશે. આ મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્ષ્ટાઈલ અને એપેરલ પાર્ક સત્વરે ચાલુ થાય તે માટે પ્રયાસો હાથ ધરાશે.

### રાજ્ય બાળ વિકાસ

પેજ-૨ પાનાનું ચાલુ

અવસરે આયોગના સચિવશ્રી ડી.ડી.કાપડીયાએ કહ્યું કે, શિક્ષણએ ભવિષ્યનો પાયો છે, જેને ઉન્નત કરવા માટે આપણે બાળકોને સારું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું ખૂબ જરૂરી છે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અભ્યાસમાં શ્રેષ્ઠ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા હતા. નોંધનીય છે કે, વાત્સલ્યધામના સ્થાપક વસંતભાઈ ગજેરા છે. જેમાં ૮૩૯ જેટલા નિરાધાર વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે રહેઠાણની ઉત્તમ સુવિધાઓ સાથે અભ્યાસ કરી રહ્યા છે.

### બાળ મજૂરી નાબુદી

પેજ-૨ પાનાનું ચાલુ

૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦ વાગ્યા સુધી કામ લેવામાં આવતુ હતું. બાળકોને રહેવા જમવા સાથે વેતન રૂપે ૬ થી સાત હજાર જેવી મામુલી રકમ આપવામાં આવતી હતી.

બાળ કલ્યાણ સમિતિ - CWC(Child Welfare Committee)ના આદેશ મુજબ તમામ બાળકોને કતારગામના બાળાશ્રમ સ્થિત વી.આર.પોપવાલામાં લઈ જવામાં આવ્યા છે. તમામ બાળકોના ડોક્યુમેન્ટનું વેરિફિકેશન કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

### મોર અને જીણોદ

પેજ-૨ પાનાનું ચાલુ

કિલોવોટના સોલાર સંચાલિત ૯ લિફ્ટ ઈરીગેશન યુનિટથી ખેડૂતોને સમય અને નાણાની બચતનો બમણો લાભ મળશે. ડિઝલને સ્થાને સોલાર સંચાલિત વોટર પંપને કારણે તેઓ વર્ષે આશરે રૂ.૬૦ લાખની બચત કરી શકશે. તેમજ જ ચોમાસાની ઋતુમાં વોટર પંપનો ઉપયોગ ઘટવાથી સોલાર ઉત્પન્ન વીજળીની બચત કરી શકાશે, અને ડિઝલ સંચાલિત વોટર પંપને કારણે ખેડૂતો ૧ વીઘામાં ૧ કલાકનું કામ માત્ર ૪૦ મિનિટમાં કરી શકશે જેથી સમયની પણ બચત થશે.

મંત્રીશ્રીએ શેલ કંપનીને તેમના લોકહિતના સામાજિક કાર્યો બદલ અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે આ પ્રસંગે શેલ એનર્જી પ્રા.લિ.ના નેહાબેન, સુનિલભાઈ, મહેન્દ્રભાઈ, સંગઠનના હોદ્દેદારો, ગામના સરપંચો, ખેડૂતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુરત મહાનગર

પેજ-૨ પાનાનું ચાલુ

તેટલું વહેલુ નિરાકરણ થઈ શકશે તેવી કોઈ હૈયાધરપત કે બાંહેધરી પણ આપેલ ન હતી. તેટલુ જ નહી યુનિયનના હોદ્દેદારો ધ્વારા કરવામાં આવેલ રજુઆતો સામે ગુજરાત સરકારના ઠરાવો અને નિયમો બતાવીને આ માંગણી પુરી થઈ શકે નહી તેવું કર્મચારી / કામદારો વિરુધ્ધ નકારાત્કમ વલણ અપનાવ્યું હતું. જે કર્મચારીઓ નિવૃત થાય છે, ત્યારબાદ લાંબા સમય સુધી તેઓનું પેન્શન શરૂ કરવામાં આવતું નથી. તે અંગે ઘણી બધી ચર્ચાઓ વચ્ચે ડે.કમિશ્નર શ્રીમતિ નિધિ સિવાચએ જણાવ્યું હતું કે, અમારી પાસે આવા અનેક પ્રશ્નો આવે છે. જે જોઈને એવુ માલમ પડે છે કે, સમગ્ર ગુજરાતના લોકો એક કરતાં વધુ પત્ની રાખે છે. જેના કારણે કાયદાકીય રીતે પેન્શન આપવામાં મુશ્કેલીઓ પડે છે. ત્યારબાદ સુરત મહાનગરપાલિકામાં શિડયુઅલ મુજબ મંજુર થયેલી અને ખાલી પડેલી ૮૦૦૦ (આઠ હજાર) કરતાં વધુ જગ્યાઓ તાકીદે ભરવા માટે યુનિયનના હોદ્દેદારોએ ભારપુર્વક રજુઆત કરતાં ડે.કમિશ્નર શ્રીમતિ નિધિ સિવાચ ખુબ રોષે ભરાઈ ગયા હતા અને કહયું હતુ કે જે તમે કહો છો તેમ ૨૦૧૭માં જે સફાઈ કામદારોની ભરતી કરવામાં આવેલ છે, તે ખોટી છે અને ગુજરાત સરકારમાં લખીને આ તમામ સફાઈ કામદારોને છુટા કરાવી દઈશ એમ કહીને ગુસ્સેથી ઉભા થઈ ચાલુ મીટીંગમાંથી નિકળી ગયા હતા.

### રત્નકલાકારોએ

પેજ-૨ પાનાનું ચાલુ

મૂડી રોકાણ ધરાવતા સુક્ષ્મ એકમો જ સહાયપાત્ર છે.) ટર્મલોન મંજુરી પત્ર એકમનું જીએસટી રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ. (જે લાગુ પડતું હોય તો) એકમના વર્ષ: ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ ના વીજ વપરાશના આધાર-પૂરાવા. એકમના પાન કાર્ડની નકલ. છેલ્લુ વિજ વપરાશનું બીલ એકમની બેંક ખાતાની વિગત (કેન્સલ ચેકની નકલ સાથે) (૩) અસરગ્રસ્ત રત્નકલાકારો ઉપરોકત આપેલ લિંકમાંથી ઓનલાઈન " સ્કુલ ફી સહાય અરજી ફોર્મ " મેળવી ચેકલિસ્ટ મુજબના આધાર-પુરાવા સાથે અરજદારના બાળકો જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળામાં "તા.૨૩/૦૭/૨૦૨૫" સુધીમાં જમા કરાવવાના રહેશે. તા.૨૩/૦૭/૨૦૨૫ બાદ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ લેશો. (૪) જયારે અસરગ્રસ્ત એકમોએ આપેલ લિંકમાંથી ઓનલાઈન " વ્યાજ સહાય અરજી ફોર્મ " મેળવી ચેકલિસ્ટ મુજબના આધાર- પુરાવા સાથે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સુરતની કચેરી, સી બ્લોક-બીજો માળે "તા.૨૩/૦૬/૨૦૨૫ " સુધીમાં જમા કરાવવાનું રહેશે.

### ભેસ્તાનમાં મર્ડર

છેલ્લા પાનાનું ચાલુ

આ બનેલા ગુનાના સમયે પોલીસ કમિશનરનુ હથિયાર બંધીનુ જાહેરનામુ અમલમાં હતો તેવો પણ આરોપીઓ સામે ભેસ્તાન પોલીસે ગુનો નોંધ્યો હતો. પરંતુ ભેસ્તાન પોલીસ હથિયાર બંધીનુ જાહેરનામુ અમલમા છે તે હકીકત પણ કોર્ટના રેકર્ડ પર લાવવામાં? નિષ્ફળ નિવડી હતી. જેથી ફ?રિયાદી અને પોલીસના પુરાવાના અભાવે આરોપીઓ બનાવવાળા સ્થળે હાજર હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી ન હોવાથી કોર્ટે ૩ આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુક્યા હતા. આરોપીઓ તરફે વકીલ નિર્મલ બક્કારીયા,તોસીફ રાણા અને પ્રિયા કેદારેની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

આ કેસની વિગત એવી છે કે, ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં મનોજ કોરીએ ભેસ્તાન પોલીસ સ્ટેશનમાં રાજાબાબુ જયસ્વાલ, આરીફ સમદ મન્સુરી અને ચિરાગ જીતેન્દ્ર ખેર સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં આરોપ લગાવ્યો હતો કે ફરિયાદી મનોજનો ભાઈ ચંદ્રભાન કોરી ઉન પાટિયા ખાતે ફુટપાથ ઉપર શેરડીના રસનો ધંધો કરી તા.૭-૯-૨૦૨૨ના રોજ રાતે સાડા ૧૧ વાગ્યાની આસપાસ પગપાળા ઘરે જતો હતો. ત્યારે સનામીલ ચાર રસ્તાથી આગળ ઓટો કન્સલ્ટની નજીક બાઈક પર આવેલ આરોપીઓએ ચંદ્રભાનને રોક્યો હતો. ચંદ્રભાન પાસે સિગારેટ માગીને ઝગડો કર્યો હતો. ત્યારબાદ ચંદ્રભાન આગળ જતો રહ્યો હતો. આરોપીઓ તેની પાછળ ગયા હતા અને ભેસ્તાન ગોલ્ડન આવાસ તરફ જતા રોડ પર પટેલ ઓટો ગેરેજ સામે ચંદ્રભાન પાસે બાઈક રોકી હતી. ત્યારબાદ આરોપીઓએ ચંદ્રભાન ઉપર ચપ્પુથી હુમલો કર્યો હતો. ત્યારબાદ ૧૮૦૦ની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. સારવાર દરમિયાન ચંદ્રભાનનુ મોત નિપજયું હતું. પોલીસે મનોજની ફરિયાદના આધારે આરોપીઓ સામે હત્યા,લૂંટ અને હથિયાર બંધીના જાહેરનામાના ભંગ બદલનો ગુનો નોંધ્યો હતો. ફરિયાદ પક્ષ આરોપીઓને ગુના સાથે સાંકળે તેવો સીધો, પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવો રજૂ નહી કરી શક્યો હતો. કોર્ટે આરોપીઓને શંકાનો લાભ આપ્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

શનિવાર, તા.૭ જુન ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## ક્રિપ્ટો કરન્સીના રોકાણમાં નુકસાન થતા જહાંગીરપુરાના યુવકે આપઘાત કરતા ચકચાર

### હીરા ઉદ્યોગની મંદીને કારણે મૃતક જયદીપ ડોબરિયાની નોકરી છૂટી ગઈ હતી

**શેરબજારમાં ૧૦થી ૧૨ લાખનું નુકસાન : મૃતકની સ્યુસાઈટ નોટ**

તપાસ કરનાર હે.કોન્સ્ટેબલ વૈશાલીબેને જણાવ્યું હતુ મૃતક અગાઉ હીરાની કંપનીમાં નોકરી કરતા હતા. જે-તે સમયથી તેઓ શેર બજાર અને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરતા હતા. પરંતુ હીરા મંદીના કારણે નોકરી છુટી ગઈ હતી. બીજી તરફ શેર બજાર અને ક્રિપ્ટો કરન્સીમાં પણ ૧૦ થી ૧૨ લાખનુ નુકશાન થઈ જતા પડી ભાંગ્યા હતા અને સ્યુસાઈડ નોટ લખી આત્મહત્યા કરી લીધી હતી.

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

જહાંગીરપુરા ખાતે રહેતા જુવાન જોધ યુવકે શેર માર્કેટમાં અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાન થતા આર્થિક સંકડામણમાં ગઈ કાલે સાંજે પોતાના ઘરમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી.

મુળ રાજકોટ ગોંડલ તાલુકાના કુંભાજીગામના વતની જયદીપ વિનયચંદ્ર ડોબરીયા(૩૧) જહાંગીરપુરા ચિત્રાલી સોસાયટીની સામે અંકુર પાર્ક સોસાયટીમાં પત્ની હર્ષીતા સહિતના પરિવાર સાથે રહેતો હતો. ગઈ કાલે બપોરે જયદીપ ડોબરીયા ઘરે એકલા હતા. ત્યારે તેઓએ પોતાના પહેલા માળે આવેલા બેઠક રૂમમાં સિલીંગ ફેન સાથે ચાદર બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

જહાંગીરપુરા પોલીસને જાણ થતા પોલીસ ઘટના સ્થળે પહોંચી તપાસ આદરી હતી. મૃતક જયદીપ ડોબરીયાનુ નવી સિવિલ હોસ્પિ. ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતુ કે છેલ્લા બે વર્ષથી જયદીપ ડોબરીયાને શેર માર્કેટમાં અને ક્રિપ્ટો કરન્સીમાં નુકશાની જતા આર્થિક ભીંસમાં અત્યાંતિક પગલું ભરી લીધુ હોવાનુ સામે આવ્યુ હતું. વધુ તપાસ હે.કોન્સ્ટેબલ વૈશાલીબેન રમેશભાઈ કરી રહ્યા છે.

તપાસ કરનાર હે.કોન્સ્ટેબલ વૈશાલીબેને જણાવ્યું હતુ મૃતક અગાઉ હીરાની કંપનીમાં નોકરી કરતા હતા. જે-તે સમયથી તેઓ શેર બજાર અને ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરતા હતા. પરંતુ હીરા મંદીના કારણે નોકરી છુટી ગઈ હતી. બીજી તરફ શેર બજાર અને ક્રિપ્ટો કરન્સીમાં પણ ૧૦ થી ૧૨ લાખનુ નુકશાન થઈ જતા પડી ભાંગ્યા હતા અને સ્યુસાઈડ નોટ લખી આત્મહત્યા કરી લીધી હતી.

## શહેર-જિલ્લાની ૧૧૫૪ પ્રાથમિક શાળામાં નવા શૈક્ષણિક સત્રથી સ્કૂલ મેનેજમેન્ટ કમિટી રચવા આદેશ

### મોટાભાગની એસ.એમ.સી. કમિટી કાગળ પર ચાલતી હોવાની રાવ, સરકારે પણ કમિટીને લઈ ચિંતા વ્યક્ત કરી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

સુરત જિલ્લાની તેમજ નગર શિક્ષણ સમિતિની મળી કુલ ૧૧૫૪ સરકારી પ્રાથમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્ર થી સ્કૂલ મેનેજમેન્ટ કમિટી રચવા રાજ્ય સહિત સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, તથા શહેરના શાસનાધિકારી ને આદેશ આપવામાં આવ્યો છે અત્યારે મોટાભાગની એસ.એમ.સી. કમિટી કાગળ ઉપર ચાલતી હોવાની રાવ છે અને રાજ્યના મુખ્યમંત્રીએ જદ્દશ કમિટી બાબતે અગાઉ ચિંતા વ્યક્ત કરી બાયોગેસ મારફતે એસએમસી કમિટી એક્ટિવ કરવા તમામ શાળા ના મુખ્ય શિક્ષકોને તાકીદ કરી હતી શાળાઓને ફાળવવામાં આવેલી ગ્રાન્ટ માં એસએમસી કમિટીની કામગીરી ખૂબ જ મહત્વની હોય છે પરંતુ એવી અનેક શાળાઓ હશે કે આ શાળાઓના મુખ્ય શિક્ષકોએ મન ફાવે તેમ ગ્રાન્ટો વાપરી હોવાના ભૂતકાળમાં લાગેલા આરોપો ઉપરથી આશંકા વ્યક્ત થઈ રહી છે.

રાજ્યમાં અત્યારે ઉનાળુ વેકેશન ચાલી રહ્યું છે શાળાઓના ભૂલકાઓ અત્યારે વેકેશન માણવાના મૂડમાં છે અને આગામી ૯ મી જુન બીજી નવું શૈક્ષણિક સત્ર શરૂ થવાનું છે. ત્યારબાદ આ શાળાઓમાં સપ્તાહ પછી શાળા પ્રવેશોત્સવ ના કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે ત્યારે છેલ્લા કેટલાક સમયથી સરકારી પ્રાથમિક શાળાઓમાં સ્કૂલ મેનેજમેન્ટ સમિતિ બાબતે ગંભીર ફરિયાદો સરકાર અને વિભાગને મળ્યા પછી નવા શૈક્ષણિક સત્ર શરૂ થયાના એક અઠવાડિયામાં એસએમસી કમિટીની રચના કરવા સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને ગત ૨૩ મી" મેં"ને શનિવારના રોજ ગુજરાત રાજ્ય શિક્ષણ પરિષદ સ્ટેટ પ્રોજેક્ટ કચેરી સમગ્ર શિક્ષા, ગાંધીનગર ના સચિવ શિલ્પા પટેલ ની સહી થી આદેશ આપવામાં આવ્યો છે. કમિટીમાં ૧૨ સભ્યોની નિમણૂક કરવામાં આવશે જેમાં ૯ સભ્યો શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા કે વાલીમાંથી પસંદ કરવાની જોગવાઈ છે જ્યારે એક સભ્ય સ્થાનિક ગ્રામ પંચાયત કે પાલિકામાં ચૂંટાયેલા સભ્યને સ્થાન આપવામાં આવતું હોય છે એસએમસી કમિટીને અંધારામાં રાખીને અનેક મુખ્ય શિક્ષકો ગ્રાન્ટો નો વહીવટ કરતા હોવાની ગંભીર ફરિયાદો ભૂતકાળમાં થયા પછી સુરત જિલ્લાની ૮૯૫ સરકારી પ્રાથમિક શાળાઓ, તેમજ સુરત શહેરની નગર શિક્ષણ સમિતિ સંચાલિત ૩૫૯ સરકારી શાળાઓ મળી કુલ ૧૧૫૪ શાળાઓમાં જૂનના બીજા સપ્તાહ સુધીમાં એસએમસી કમિટીની પુનઃરચના કરી નિયમો અનુસાર પુનઃરચના કરી શાળામાં આવી છે કે કેમ તે અંગે બીઆરસી કો. ઓર્ડીનેટરને પ્રમાણપત્ર મોકલી આપવા માટેની તાકીદ પણ કરવામાં આવી છે. ત્યારબાદ બી.આર.સી કો.ઓર્ડીનેટર તેના તાલુકાની તમામ શાળાઓની પુનઃરચના થયેલ છે તેવું પ્રમાણપત્ર જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર ને મોકલી આપવાનું રહેશે ત્યારબાદ ડીપીસી/ડીપીઈઓ એ જિલ્લાની તમામ શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ ની પુનઃરચના થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ સર્વ શિક્ષા, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

અત્રે નોંધનીય છે કે સ્કૂલ મેનેજમેન્ટ કમિટીએ પોતાના રોજિંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી જ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ની પસંદગી કરવાની રહેશે ઉપરાંત શાળાના આચાર્ય અથવા જે શાળામાં આચાર્ય ન હોય ત્યાં શાળાના મુખ્યશિક્ષક હોદ્દા ની રૂએ સ્કૂલ મેનેજમેન્ટ કમિટી ના સભ્ય સચિવ રહેશે.

### નવા શૈક્ષણિક સત્રના પ્રારંભ પહેલાં શિક્ષણ મંત્રી ડીંડોરે વીડિયો કોન્ફરન્સ કરી

આવતીકાલથી સરકારી શાળામાં નવા શૈક્ષણિક વર્ષનો પ્રારંભ થતો હોય એ પહેલાં ગઈકાલે રાજ્યના શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે રાજ્યના તમામ શાસનાધિકારી સહિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે વીડિયો કોન્ફરન્સ કરી વિવિધ સૂચનાઓ આપી હતી. જેમાં આગામી નવા સત્રથી એક અઠવાડિયાની અંદર એસએમસીની રચના કરવા સૂચના આપી છે. જેના પગલે શાળામાં નવા સત્રના પ્રારંભ સાથે જ જે તે વિદ્યાર્થીઓના વાલીઓની એસએમસી બનાવવા માટે શાળાના મુખ્ય શિક્ષકો કામે લાગી ગયા છે.

### શિક્ષણ સમિતિની ૩૫૯ શાળાઓમાં એસએમસીની રચના કરાશે

સુરત મહાનગરપાલિકાનાં હદ વિસ્તારમાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓ નગર શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત થાય છે જેમાં શાસનાધિકારી તરીકે મેહુલ પટેલ છે તેઓના જણાવ્યા મુજબ સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ સર્વ શિક્ષા, ગાંધીનગર તરફથી પાઠવવામાં આવ્યો છે અને નગર શિક્ષણ સમિતિની ૩૫૯ પ્રાથમિક શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) ને રચના સરકારશ્રીના આદેશ મુજબ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યુ હતું.

### એસએમસીની પુનઃ રચના દર બે વર્ષે થાય છે

જિલ્લા શિક્ષણ વિભાગના સાધનોના જણાવ્યા મુજબ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ માં શિક્ષણ ક્ષેત્રે સ્થાનિક સમુદાયની સક્રિયતા અને સહભાગીતા વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે જેમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં આરટીઇ એક્ટ ૨૦૦૯ ની કલમ નંબર ૨૧ મુજબ એસએમસીની રચના કરવામાં આવેલ છે અને આર.ટી.ઈ.એક્ટ ૨૦૦૯ અંતર્ગત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા બાળકો નો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો ૨૦૧૨ ના કલમ ૧૬ (૧) હેઠળ એસ.એમ.સી.ની દર બે વર્ષે પુનઃરચના કરવાની થાય છે અને ગત એસએમસી ની પુનઃરચના શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ તથા ૨૦૨૪-૨૫ એમ બે વર્ષ માટે કરવામાં આવી હતી.



(તસવીર : હનીફ મલેક)

આજે મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદની ઉજવણી કરવામાં આવી હતી. મોરાભાગળ ઈદગાહ ખાતે મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી એ પ્રસંગની આ તસવીર છે.

## વરાછામાં રેસ્ટોરન્ટના માલીક ઉપર રબારી પરિવારનો જીવલેણ હુમલો

### ભરત ચકલાસીયાને રેસ્ટોરન્ટમાં ચપ્પુના ઘા ઝીંક્યા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

વરાછા ત્રિકમનગરમાં આવેલ ગણેશ ફાસ્ટફુડ નામની રેસ્ટોરન્ટના માલીક ગઈકાલે સવારે હોટલમાં બેઠા હતા તે વખતે જૂના ઝઘડાની અદાવત રાખી રબારી પરિવારે તેમની સાથે ઝઘડો કરી ચપ્પુના ઘા માર્યા હતા. વરાછા પોલીસના જણાવ્યા મુજબ કતારગામ કોઝવે રોડ શારદા વિદ્યાલય મંદિર સામે માધવકુંજ સોસાયટીમાં રહેતા ભરત જવેરભાઈ ચકલાસીયા (ઉ.વ.૪૫) વરાછા ત્રિકમનગર રાધાક્રિષ્ણા મંદિર રોડ પાસે ગણેશ ફાસ્ટફુડ નામથી રેસ્ટોરન્ટ ચલાવે છે. ભરતભાઈ ગઈકાલે સવારે રેસ્ટોરન્ટમાં હતા તે વખતે દિનેશ સગરામ રબારી, તેની પત્ની કૈલાશ દિનેશ રબારી અને વૈભવ દિનેશ રબારી રેસ્ટોરન્ટમાં ઘસી જઈ તેમની સાથે જુના ઝઘડાની અદાવતમાં મારમારી કરી ઉપરા છાપરી ચપ્પુના ઘા ઝીકી લોહીલુહાણ કરી ભાગી ગયા હતા. વરાછા પોલીસે ભરતભાઈની ફરિયાદ લઈ રબારી પરિવાર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

## પાનોલીની સ્ટરલાઈટ ઓર્ગેનિકમાં મધરાતે ભીષણ આગ લાગી

### મોડી રાત્રે મોટી આગ ફાટી નીકળતા મચેલી અફરાતફરી

**અંકલેશ્વર, તા.૭**

પ્રોડક્શન વેળા અચાનક ફાટી નીકળેલી આગથી અફરાતફરી ફેલાઈપાંચ જેટલા ફાયર ફાઈટરોએ ૩ કલાકે આગ પર કાબુ મેળવ્યો અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી સ્ટરલાઈટ ઓર્ગેનિક નામની કંપનીમાં મોડી રાત્રીના સમયે ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી હતી.અંકલેશ્વરમાં ફરી એક વાર આગનો બનાવ સામે આવ્યો છે. અંકલેશ્વરની પાનોલી ઔદ્યોગિક વસાહતમાં આવેલી સ્ટરલાઈટ ઓર્ગેનિક કંપનીમાં મોડી રાત્રે આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા સમગ્ર પ્લાન્ટ આગની ચોપેટમાં આવી ગયો હતો.કામદારો સમયસુચકતા વાપરી બહાર નીકળી જતા કોઈ જાનહાનિ કે દુર્ઘટના સર્જાઈ ન હતી. આ અંગેની જાણ થતા જ અંકલેશ્વર ડીપીએમસીના ૫ ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચ્યા હતા અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા હતા.બીજી તરફ અંકલેશ્વર મામલતદાર, જીઆઈડીસી પોલીસ અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થ વિભાગનો કાફલો પણ ઘટના સ્થળે પહોંચ્યો હતો અને તપાસ શરૂ કરી હતી. લગભગ ૩ કલાકની જહેમત બાદ ૫ ફાયર ફાયટરોએ આગ પર કાબુ મેળવ્યો હતો. આગની આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

## ઠગાઈ કેસમાં ક્રાઈઝર ટેકનોલોજી ઈન્ડિયા કંપનીના ડિરેક્ટરની શરતી જામીન મંજૂર

### બચાવ પક્ષના વકીલ તરીકે અમીત સોલંકીએ દલીલો કરી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

રૂ.૨૪૦૦ ભરીને મેમ્બર શીપ મેળવી ઘર બેઠા બે વર્ષમાં ૧.૧૨ લાખ કમાવવાની લાલચ આપી લોકો પાસેથી કુલ રૂ.૫૬.૬૪ લાખ રોકડ રોકાણ કરાવી ઠગાઈ આચરવાના કેસમાં ક્રાઈઝર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટરને સુરત સેશન્સ કોર્ટે કેટલીક શરતોને આધિન જામીન અરજી મંજૂર કરી હતી. બચાવ પક્ષના વકીલ અમીત કે.સોલંકીએ દલીલો કરી હતી.

આ કેસની વિગત એવી છે કે પાલ સ્થિત સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટ.માં રહેતા અને ક્રાઈઝર ટેકનોલોજી ઈન્ડિયા પ્રા. લિ.ના ડિરેક્ટર તરીકે સેવા આપતા અનિલ સુરેશ શર્મા અને સહ આરોપીઓ સામે સુરત ક્રાઈમ બ્રાંચમાં ઠગાઈ અને જીપીઆઈડી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. ક્રાઈઝર વર્લ્ડ નામની કહેવાતી કંપનીના કેવીન જનક બ્રહ્મભટ્ટે લોકોને રૂપિયા ૨૪૦૦ ભરીને મેમ્બર શીપ લઈને બે વર્ષમાં રૂ.૧.૧૨ લાખ જેવી રકમ ઘર બેઠા કમાઈ શકો છો તેવી લોભામણી જાહેરાત યુ ટ્યુબ અને સોશિયલ મિડીયા તેમજ સાગરીત મહેશ ગુસાઈ અને મોહિત કમલેશ પટેલ મારફતે જાહેરાત કરી હતી. જેથી લોકોએ તેમના ઉપ વિશ્વાસ કરી ૫૬.૬૪ લાખ જેવી માતબર રકમ રોકાણ કરી હતી. પરંતુ રોકાણ કરેલી રકમ અને તેનુ વળતર આજદીન સુધી પરત નહી કરી છેતરપીડી કરી હતી. આ કેસમાં સુરત ક્રાઈમ બ્રાંચે પોલીસે ક્રાઈઝર ઈન્ડિયા પ્રા.લિ.ના ડિરેકટર અનિલ શર્માની સંડોવણીના આધારે ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. આ કેસમાં આરોપી અનિલે એડવોકેટ અમિત કે.સોલંકી મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. આરોપીએ કથિત ગુનાઓ કર્યા નથી. ગુનાની તપાસ લગભગ પૂર્ણ થઈ ગઈ છે અને સહ-આરોપી સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. તેમણે વધુમાં દલીલ કરી છે કે હાલના આરોપીના કહેવાથી કોઈ રિકવરી કે શોધ થઈ નથી. આરોપીએ રૂ. ૩,૦૦,૦૦૦ ની રકમ કંપનીના બેંક ખાતામાં જમા કરાવી છે. કોર્ટે આરોપીના વકીલ અમિત સોલંકીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી અમિત સોલંકીના જામીન મંજુર કર્યા હતા.

## નાસિકના યોગીરાજ હોટલના સોદામાં રૂા.૩૮ લાખની ઠગાઈ

### સોદો કર્યા બાદ બારોબાર હોટલ વેચી સિટી લાઈટનો પ્રિયવદન જરીવાલા ફરાર

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

કતારગામ શિશુકુંજ સ્કુલ પાસે રહેતા ૮૨ વર્ષીય વુધ્ધ સાથે હોટલના નામે ૩૮ લાખની છેતરપિંડી કરવામાં આવી છે. સીટીલાઈટ ખાતે રહેતા પ્રિયવદન જરીવાલાએ પોતે નાસીકના હથગઢ તાલુકામાં યોગીરાજ પર્યટન સેવા સહકારી સંસ્થા મરીયા નામથી સંસ્થાના ચેરમેન છે અને તેમની યોગીરાજ હોટલ આવેલી છે જે હોટલનો તેમની સાથે ૩ કરોડમાં સોદો કરી ૩૮ લાખ લીધા બાદ તેમની જાણ બહાર બારોબાર હોટલ બીજા કોઈને વેચાણ કરી સાટાખત બનાવી આપી વુધ્ધને તેમના પૈસા પરત નહી આપી સીટીલાઈટનું ઘર અને ઓફિસ વેચી રફુચક્કર થઈ ગયો હતો.

જહાંગીરપુરા પોલીસના જણાવ્યા મુજબ પાર્થ રેસીડેન્સી, શિશુકુંદ સ્કુલ પાસે, જહાંગીરપુરા ખતે રહેતા ૮૨ વર્ષીય કાંતીલાલ પરષોત્તમભાઈ પટેલએ ગતરોજ પ્રિયવદન દિપક જરીવાલા (રહે, ગોલ્ડન પાર્ક, અશોક પાન હાઉસની સામે, સીટી લાઈટ) સામે ફરિયાદ નોંધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે સને ૨૦૧૩માં તેમના મિત્ર વિનોદ મારફતે આરોપી પ્રિયવદન સાથે પરિચય થયો હતો. પ્રિયવદનએ તેમની સાપુતારાથી આગાળ મહારાષ્ટ્રના નાસીક જીલ્લાના હથગઢ તાલુકના સુરગાણા ગામે યોગીરાજ પર્યટન સેવા સહકારી સંસ્થા મરીયા નામની સંસ્થા આવેલી છે અને આ સંસ્થા દ્વારા યોગીરાજ હોટલ ચલાવવમાં આવે છે. અને પોતે આ સંસ્થાના ચેરમને અને હોટલના માલીક તરીકે તેમનું નામ ચાલે છે હોવાનુ કહી વિશ્વાસમાં લીધા હતા. હોટલ કાંતીલાલ અને તેના પુત્રને પસંદ પડતા તેમાં રોકાણ કરવાનું નક્કી કરી હોટલના બાંધકામ અને જગ્યા મળી કુલ રૂપિયા ૩ કરોડમાં સોદો કર્યો હતો જેમાં કાંતીલાલના ૧.૫૦ કરોડ અને તેના મિત્ર વિનોદભાઈના ૧.૫૦ કરોડ હતા. હોટલનો સોદો કર્યા બાદ કાંતીલાલએ પ્રિયવદનને બેતબક્કામાંચેકથી ૩૮ લાખ આપ્યા હતા. જાકે ત્યારબાદ પ્રિયવદન જરીવાલાએ આ હોટલ તેમની જાણ બહાર બારોબાર બીજા કોઈને વેચી દીધી હતી. આ અંગે કાતીલાલ પટેલને જાણ થતા તેઓએ સોદા પેટે આપેલા ૩૮ લાખ પરત માંગતા પ્રિયવદન જરીવાલાએ પાંચ - છ મહિનામાં આપી દેવાની બાંહેધરી આપ્યા બાદ મકાન અને ઓફિસ વેચી મોબાઈલ બંધ કરી ભાગી ગયો હતો. બનાવ અંગે કાંતીલાલ પટેલએ ગતરોજ ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રિયવદન જરીવાલા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

## યુનિવર્સિટી, સ્કૂલ અને ત્રણ હોસ્પિટલોમાં ફાયર બ્રિગેડની મોકડ્રીલ યોજાઈ

### આગ લાગે કે કોઈ મોટી ઘટના બને ત્યારે બચાવ કામગીરી કેવી રીતે થાય તે અંગેનું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

સુરત મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ દ્વારા આજે કુલ પાંચ જુદી જુદી જગ્યાઓ પર મોકડ્રીલ નું આયોજન કરવામાં આવ્યું હતું એવું ચીફ ફાયર ઓફિસર બસંત પરીકે જણાવ્યું હતું. આ મોકડ્રીલમાં યુનિવર્સિટી,સ્કૂલ અને શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી હોસ્પિટલોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં ઉધના મગદલ્લા રોડ પર આવેલી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વહીવટી ભવનમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ મોકડ્રીલમાં વેસુ ,ભીમરાડ અને મજુરા ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો જોડાયા હતા. જ્યારે બીજી એક મોકલી પાંડેસરા બાલાજી નગર બમરોલી ખાતે આવેલી કાય ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યાના અરસામાં શરૂ કરવામાં આવી હતી જેમાં ઉધના અને ભેસ્તાન ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનો બચાવ કામગીરીને લગતા તમામ સાધનો સાથે જોડાયા હતા. શ્રીજી મોકટેલ નું આયોજન કતારગામ આંબા તલાવડી રોડ ખાતે આવેલી વિરાણી ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે બપોરે ૧૨:૦૦ કલાકે યોજાઇ હતી જેમાં કતારગામ, ડભોલી અને કોસાડ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરો જોડાયા હતા. ચોથી મોકલડ્રીલ ગોડાદરા બ્રિજની નીચે ડિંડોલી રોડ પર આવેલી આયુષ હોસ્પિટલ ખાતે યોજાઈ હતી. બપોરે એક કલાકે યોજાઈ આ મોકડ્રીલ માં ડીડોલી , માનદરવાજા અને ડુમભાલ ફાયર સ્ટેશનના ફાયર જવાનો અને ફાયર ઓફિસરો ને રિસ્ક્યુ ને સાધનોને લઈને જોડાયા હતા. જ્યારે આજના દિવસની છેલ્લી મોક ડ્રીલ પર્વત પાટિયા કાંગારુ સર્કલ પાસે આવેલી જ્યોતિ હોસ્પિટલ ખાતે બપોરે યોજાઈ હતી જેમાં કાપોદ્રા અને પુના ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરો અને ફાયર જવાનો જોડાયા હતા.

## ચાર વેપારીએ કાપડ વેપારીને ચૂનો ચોપડ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

રિંગ રોડ, હરિઓમ ટેક્ષટાઈલ માર્કેટમાં આવેલ એસ.આર.ફેબ્રીક્સ ફર્મમાંથી સુરત સહિતના ચાર વેપારીઓએ રૂપિયા ૧૦.૪૮ લાખનો માલ ખરીદ્યા બાદ પેમેન્ટ નહી આપી ચુનો ચોપડ્યો હતો વેસુ, વી.આઈ.પી. રોડ,ખાટુશ્યામ મંદિર પાસે, સંગિની વેદાંતા ખાતે રહેતા વિક્રમશ્યામ સુંદર અગ્રવાલ રિંગ રોડ, હરિઓમ ટેક્ષટાઈલ માર્કેટમાં એસ.આર. ફેબ્રીક્સ ફર્મના નામથી દુકાન ધરાવે છે.વિક્રમશ્યામ પાસેથી ૨૦૧૭ થી ૨૦૨૧ સુધીમાં જાશમેન બેનાયન (રેહબોથ એજન્સી, એસ.એમ.સી. શોપીગ સેન્ટર, કોટ સફિલ રોડ સુરત), સુનીલ (સુનીલ ચોપરા હાઉસ, હોલ બજાર, અમુતસર પંજાબ), નાગાર્જુન (એ.એમ.કે. ટેક્ષટાઈલ ટ્રેડીગ, ત્રિવેન્દમ કેરલ) અને સુરેશ (સુરેશ એન્ટરપ્રાઈઝ, ઉદેપુર, રાજસ્થાન)એ કુલ રૂપિયા ૧૦,૪૮,૯૨૪નો માલ ખરીદ્યા બાદ પેમેન્ટ નહી આપી છેતરપિંડી કરી હતી.

## આર.કે.ટી માર્કેટના વેપારી સાથે અમદાવાદના વેપારીઓની છેતરપિંડી

### સંજય રાઠી સાથે ૧૯.૬૬ લાખની ઠગાઈ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

રિંગ રોડની રાધા ક્રિષ્ના ટેક્ષટાઈલ માર્કેટના વેપારી પાસેથી અમદાવાદના ત્રણે વેપારીઓએ રૂપિયા ૧૯.૬૬ લાખનો ફીનીશ કાપડનો માલ ખરીદ્ય બાદ પેમેન્ટ નહી આપી છેતરપિંડી કરી હતી. ડિંડોલી, શક્તિનગર ખાતે રહેતા ૨૬ વર્ષીય સંજય વિનોદભાઈ રાઠી રિંગરોડની રાધા ક્રિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટમાં નવી ફેબ્રીકોન ફર્મના નામથી ધંધો કરે છે. સંજયભાઈ પાસેથી ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૧ નવેમ્બર ૨૦૨૪ સુધીમાં હિતેશ (હીર એજન્સી, સુમેલ બિઝનેશ પાર્ક, કાકરીયા રોડ અમદાવાદ), મહેશકુમાર તેકચંદ ગગવની (માં આશાપુરા ટ્રેડસ, આર.કે.માર્કેટ પાસે, પંચકુવા અમદાવાદ) અને ગુરાની અમીત તોલારમ (સીટમ એન્ટરપ્રાઈઝ, વીઆઈપી ઈસ્કોન માર્કેટ સફલ-૧ અમદાવાદ) એક્ુલ રૂપિયા ૧૯,૬૬,૨૧૬નો ફીનીશ કાપડનો માલ ખરીદ્યો હતો. માર્કેટના ધારાધોરણ મુજબ નક્કી કરવામં આવેલ સમય મર્યાદામાં આરોપીઓએ માલનું પેમેન્ટ નહી આપતા સંજયભાઈએ પેમેન્ટની ઉઘરાણી માટે ફોન કરતા શરુઆતમાં આપી દેવાના ખોટા વાયદાઓ આપી સમય પસાર કર્યા બાદ પેમેન્ટ નહી આપી છેતરપિંડી કરી હતી.

## ભેસ્તાનમાં મર્ડર વીથ લૂંટ કેસના આરોપીઓને શંકાનો લાભ મળ્યો

### ફરિયાદ પક્ષ પ્રત્યક્ષ કે સાંયોગિક પુરાવાઓ રજુ નહીં કરી શકતા નામદાર કોર્ટે છોડી મુક્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,,તા.૦૭**

ભેસ્તાન ગોલ્ડન આવાસ નજીક શ્રમજીવી યુવક ઉપર ચપ્પુથી હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા બાદ ૧૮૦૦ રૂપિયાની લૂંટ કરવાના કેસમા નજરે જોનાર સાહેદો ન હતા. જેથી આ મર્ડર-વિથ લૂંટ કેસમાં આરોપીઓને ગુના સાથે સાંકળવા માટે ભેસ્તાન પોલીસના પુરાવાઓ મહત્વના બન્યા હતા. પરંતુ તપાસ કરનાર અમલદાર દ્વારા મેળવેલા પુરાવા ગુનાની હકીકતને સમર્થન આપી શકે તેમ ન હતા.

અનુસંધાન પાના ૭ પર